Monday, 02 March 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૬૭ ● સંવત-૨૦૮૨ ફાગણ સુદ ચૌદશ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD



જેઓ પોતે કાઈ કરી શકતા નથી તેઓ બીજાની નિંદા કરે છે.

- મહાત્મા ગાંધીજી

# દમણ જિલ્લાની ‘દિશા’ બેઠકમાં સાંસદ ઉમેશભાઈ પટેલનો લલકારઃ યોજનાઓ ફક્ત કાગળ ઉપર જ નહિ પણ લોકોના જીવનમાં પણ દેખાવી જોઈએ

## ફંડની કરાતી ફાળવણીનો ઉપયોગ ૧૦૦ ટકા નિર્ધારિત કામો માટે કરવા અને તેમાં નિષ્ફળ જતાં અધિકારીઓની જવાબદારી નિશ્ચિત કરવા પણ સાંસદશ્રીએ આપેલો ઠોસ નિર્દેશ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૦૨**

દમણ અને દીવના સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે શનિવારે ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનિટરિંગ કમીટિ(દિશા)ની બેઠકમાં અધ્યક્ષ પદે ઉપસ્થિત રહી જિલ્લા પ્રશાસનના વિવિધ વિભાગોની ઊંડાણથી સમીક્ષા કરી હતી અને જરૂરી દિશા-નિર્દેશો પણ આપ્યા હતા.

મોટી દમણ ખાતે જિલ્લા પંચાયતના સભાખંડમાં આયોજીત ‘દિશા’ની બેઠકમાં જિ.પં. અધ્યક્ષ શ્રી ધરમભાઈ પટેલ, જિલ્લા પંચાયતના મુખ્ય કાર્યકારી અધિકારી શ્રી આશિષ મોહન, ડેપ્યુટી કલેક્ટર શ્રીમતી આરતી અગ્રવાલ, બી.ડી.ઓ. શ્રી મિહિર જોષી સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ-પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.



લાંબી મેરેથોન બેઠકમાં સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે અધિકારીઓને સ્પષ્ટ સંદેશ આપતા જણાવ્યું હતું કે, યોજનાઓ ફક્ત કાગળ ઉપર જ નહિ, પરંતુ લોકોના જીવનમાં પણ દેખાવી જોઈએ. તેમણે ફંડની ફાળવણી નહિ પરંતુ તેનો ૧૦૦ ટકા ઉપયોગ નિર્ધારિત વિકાસ કામો માટે થવો જોઈએ એવી સ્પષ્ટ તાકિદ પણ કરી હતી અને તેમણે કસૂરવાર અધિકારીઓની જવાબદારી નિશ્ચિત કરવા પણ ઠોસ નિર્દેશ આપ્યો હતો.

- (વધુ પાના નં.૨ પર)

# દમણને ‘ઝીરો એક્સિડન્ટ ઝોન’ બનાવવા ટ્રાફિક પોલીસ સજ્જ, નિયમ તોડનારા વાહનચાલકોના લાયસન્સ થશે રદ્

## વ્હાઈટ એલઈડીવાળી હેડલાઈટો ધરાવતા વાહનો ઉપર કડક કાર્યવાહી કરવામાં આવે એ ખુબ જરૂરી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૦૨**

દમણને અકસ્માત મુક્ત બનાવવા અને માર્ગ અકસ્માતમાં થતા મૃત્યુદરને ઘટાડવા માટે દમણ ટ્રાફિક પોલીસે કમર કસી છે. પોલીસ અધિક્ષક શ્રી કેતન બંસલે પ્રવાસીઓ અને સ્થાનિકો લોકોને ટ્રાફિકના નિયમોનું ચુસ્ત પાલન કરવા અપીલ કરી છે, જેમાં દ્વિચક્રી વાહનચાલકોએ ફરજીયાત હેલ્મેટ પહેરવું, રિક્ષાથી લઈ તમામ પ્રકારના મોટા વાહનોમાં સીટબેલ્ટનો ઉપયોગ કરવો અને દારૂ-બિયર પીને વાહન નહીં ચલાવવા જેવી બાબતો પર ભાર મૂક્યો છે. ખાસ કરીને હાઈવે પર આડેધડ ટ્રક પાર્ક કરતા માલિકો સામે પણ લાલ આંખ કરવામાં આવી છે.

કાયદાકીય કાર્યવાહી અંગે માહિતી આપતા પોલીસ અધિક્ષકશ્રી જણાવ્યું હતું કે, મોટર વ્હીકલ એક્ટની કલમ ૨૦૬ હેઠળ હેલ્મેટ વગરના ચાલકો સામે કડક પગલાં ભરાશે. નિયમભંગ કરનારાઓના વાહન જપ્ત કરવાથી લઈને તેમના ડ્રાઈવિંગ લાયસન્સ સસ્પેન્ડ કરવા માટે આર.ટી.ઓ. (RTO)ને



રિપોર્ટ કરવામાં આવશે. વાહનોના કાચ પર બ્લેક ફિલ્મ લગાવનારાઓ સામે પણ ઝુંબેશ તેજ કરવામાં આવી છે. દમણ પોલીસનો મુખ્ય ઉદ્દેશ્ય ડિજિટલ મોનિટરિંગ દ્વારા શિસ્તબદ્ધ ટ્રાફિક વ્યવસ્થા ઉભી કરી દરેક નાગરિકની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે.

અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે, દમણમાં મોટાભાગના રસ્તાઓ ઉપર ખાસ કરીને કારચાલકો અને આઈશર ટેમ્પા, ટ્રકોમાં વ્હાઈટ એલઈડી લાઈટો ઉપર પણ પ્રતિબંધ મુકવો ખુબ જરૂરી છે. શું આ પોલીસ કે આર.ટી.ઓ.ને નથી દેખાતું..?

ખાસ કરીને કારચાલકો પૂર સ્પીડમાં હંકારતા હોય અને તે સમયે તેમની હેડલાઈટો પર ફૂલ અને વ્હાઈટ એલ.ઈ.ડી. હોવાથી સામેના વાહનચાલકોને જરાપણ દેખાતું નહીં હોય. તેમાં ટુ વ્હીલરચાલકો માટે તો ખુબ જ મોટી આફતનો સામનો કરવા પડી રહ્યો છે. તેથી આર.ટી.ઓ. સહિતના સંબંધિત તંત્રએ વ્હાઈટ એલ.ઈ.ડી. હેડલાઈટો તમામ વાહનોમાંથી હટાવવા માટેની કડક કાર્યવાહી કરવામાં આવે એ સમયની માંગ છે.

## ‘પંડિત દીનદયાળ ઉપાધ્યાય મહાપ્રશિક્ષણ અભિયાન-૨૦૨૬’ અંતર્ગત

# પ્રદેશ ભાજપ મહેશભાઈ આગરિયાની ઉપસ્થિતિમાં દમણમાં જિલ્લા સ્તરીય તાલીમ કાર્યશાળા યોજાઈ







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૦૨**

૮ માર્ચ, ૨૦૨૬થી ૧૪ એપ્રિલ, ૨૦૨૬ સુધી ભાજપ દ્વારા દેશભરમાં ‘પંડિત દીનદયાળ ઉપાધ્યાય મહાપ્રશિક્ષણ અભિયાન-૨૦૨૬’નું આયોજન કરવામાં આવ્યું છે. જેની તૈયારીના ભાગરૂપે દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ દ્વારા પ્રદેશ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરિયાની હાજરીમાં પ્રદેશ ભાજપ કાર્યાલય દમણ ખાતે દમણ જિલ્લાના વક્તાઓને તાલીમ આપવા માટે એક દિવસીય તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

દમણ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ભરતભાઈ પટેલની અધ્યક્ષતામાં, આયોજીત આ તાલીમ શિબિરમાં મુખ્ય વક્તાઓ તરીકે શ્રી માજિદ લધાણી અને શ્રીમતી સોનલબેન પટેલ હાજર રહ્યા હતા અને તેઓએ ભાજપના પદાધિકારીઓ સહિત કાર્યકર્તાને માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે શ્રીમતી નમિતાબેન મિસ્ત્રીએ તાલીમ ગીત રજૂ કર્યું હતું.

આજના કાર્યક્રમમાં દમણ જિલ્લા પંચાયતના અધ્યક્ષ શ્રી ધરમભાઈ પટેલ, દમણ નગરપાલિકાના અધ્યક્ષ શ્રીમતી દીપિકાબેન ટંડેલ અને દમણ જિલ્લાના તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શ્રી ધનસુખ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું અને આભારવિધિ શ્રી કલ્પેશ સીતારામ દ્વારા કરવામાં આવી હતી.

# ચંદ્રશેખર આઝાદ, પીએમ શ્રી ઉચ્ચ પ્રાથમિક શાળા, (અંગ્રેજી માધ્યમ) રીંગણવાડામાં ‘રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ’ નિમિત્તે પ્રદર્શની યોજાઈ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૦૨**

ચંદ્રશેખર આઝાદ, પીએમ શ્રી સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળા, રીંગણવાડા, અંગ્રેજી માધ્યમમાં આજે ‘રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ’ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના મુખ્ય શિક્ષક શ્રી વિરેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન અને દિશા-નિર્દેશ હેઠળ વિદ્યાર્થીઓએ બનાવેલા વિજ્ઞાન

- (વધુ પાના નં.૨ પર)





# દપાડા ગામે કંપનીઓ દ્વારા છોડવામાં આવતા દૂષિત કેમિકલયુક્ત પાણીથી નદીની હજારો માછલીઓના મોત

## ગામ લોકો માટેના પીવાના પાણીના સ્ત્રોત બોરિંગ અને કૂવાના પાણીમાં કેમિકલયુક્ત પ્રદૂષિત પાણી ભળી જતાં માનવ સહિત જીવસૃષ્ટિ માટે સર્જાયું સંકટ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૨**

દાદરા નગર હવેલીના દપાડામાં આવેલી કેટલીક કંપનીઓ દ્વારા કેમિકલવાળુ પાણી ગામની નદીમાં છોડાતા હજારો માછલીઓના મોત થયા હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ દૂષિત કેમિકલયુક્ત પાણી આગળ જતાં અન્ય ગામના લોકો અને જીવસૃષ્ટિને નુકસાન થઈ રહ્યું છે. આ બાબતે ગામલોકો જણાવી રહ્યા છે કે, તંત્રદ દ્વારા જવાબદાર એકમો સામે કોઈપણ પ્રકારના હજુ સુધી પગલાં ભરાયા નથી.






પ્રાપ્ત માહિતી પ્રમાણે દાદરા નગર હવેલી ભારત આદિવાસી પાર્ટીના પદાધિકારીઓને દપાડા ગામના સ્થાનિકોની ફરિયાદ મળી હતી કે, કંપનીઓ દ્વારા ખુલ્લેઆમ કેમિકલવાળુ પાણી સીધું જ નદીમાં છોડવામાં આવી રહ્યું છે જેના કારણે નદીનું પાણી પ્રદૂષિત થઈ ગયું છે જેના કારણે માછલીઓના પણ મોત થયા છે. જે ફરિયાદના આધારે સ્થળ તપાસ કરતા દપાડા ગામની મેસર્સ સિલવાસા બોટલીંગ કંપની દ્વારા છોડવામાં આવતુ કેમિકલવાળુ પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું હતું. જેના કારણે હજારોની સંખ્યામાં માછલીઓના મોત થવા પામ્યા છે અને આ કેમીકલવાળા પાણીના કારણે ગામના પાણીના પાણીના સ્ત્રોત બોરિંગ અને કૂવાના પાણીનાપણ દૂષિત થયા છે જેના કારણે માનવ જીવન માટે ગંભીર ખતરો પેદા થયો છે.

આ ફક્ત પર્યાવરણીય નુકસાન જ નથી, આ આદિવાસી સમાજના જીવન સ્વાસ્થ્ય અને ભવિષ્ય સાથે ખિલવાડ છે. હજારો માછલીઓના મોત બાદ પણ હજુ સુધી જવાબદારો સામે સરકારી તંત્ર દ્વારા કાયદેસરની કાર્યવાહી નહિ કરાતા પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. ગામલોકો કહી રહ્યા છે કે, પ્રદૂષણ ફેલાવતા ઉદ્યોગો સામે કાર્યવાહી કરાશે કે, પછી મામલો દબાવી દેવામાં આવશે.?

ગામલોકોની ફરિયાદને ધ્યાનમાં રાખી ‘ભારત આદિવાસી પાર્ટી’એ સરકારી તંત્ર સમક્ષ માંગ કરી છે કે, મેસર્સ સિલવાસા બોટલીંગ કંપનીની એનઓસી તાત્કાલિક પ્રભાવથી રદ્ કરવામાં આવે, કંપની વ્યવસ્થાપન અને જવાબદાર અધિકારીઓ પર પણ કાર્યવાહી કરવામાં આવે. પ્રદૂષણ નિયંત્રણ વિભાગની ભૂમિકાની ઉચ્ચ સ્તરીય તપાસ કરવામાં આવે, પ્રભાવિત ગામોને સુરક્ષિત પીવાનું પાણી, આરોગ્ય તપાસ અને યોગ્ય વળતર આપવામાં આવે. જળ, જંગલ, જમીન અમારા અસ્તિત્વનો આધાર છે. ઉદ્યોગો વિકાસના નામે જો અમારી નદીઓ ઝેર બનશે તો એને ક્યારેય માફ કરવામાં આવશે નહીં.

# સેલવાસમાં આમલી ચાર રસ્તા નજીક હંગામી એસ.ટી. બસ ડેપોની શરૂઆત કરાઈઃ મૂળભૂત સુવિધાનો અભાવ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૨**

સેલવાસ શહેરના ટોકરખાડા વિસ્તારમાં લાંબા સમયથી આધુનિક સુવિધાયુક્ત નવા બસ ડેપોના નિર્માણનું કાર્ય ચાલી રહ્યું છે, જેના કારણે હાલમાં હંગામી ધોરણે આમલી ચાર રસ્તાની બાજુમાં ગાયત્રી મંદિર પાસે ખુલ્લા મેદાનમાં બસોના આવન-જાવન અને પાર્કિંગની વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. અહિથી ગુજરાત મહારાષ્ટ્ર અને દમણ જતી બસો આ સ્થાન પરથી સંચાલિત કરવામાં આવી રહી છે.



યાત્રીઓના જણાવ્યા અનુસાર અહિ હંગામી બસ ડેપોની શરૂઆત તો કરી દેવામાં આવી છે, પરંતુ મૂળભૂત સુવિધાનો સદંતર અભાવ છે. ખાસ કરીને રાત્રીના સમયે લાઈટની સુવિધા નથી અને શૌચાલય તથા પીવાના પાણીની પણ સુવિધા નથી અને મુસાફરોને બેસવા માટે પણ કોઈ જ સુવિધા ઉપલબ્ધ કરાવાઈ નથી. જેના કારણે યાત્રીઓને ભારે તકલીફોનો સામનો કરવા પડી રહ્યો છે. દાનહ પ્રશાસન દ્વારા કામચલાઉ શૌચાલય, પીવાના પાણીની સુવિધા, બેઠક વ્યવસ્થા અને રાત્રીના સમયે લાઈટ ચાલુ કરાવવામાં આવે એવી માંગ ઉઠી છે. સેલવાસ ખાતે ગુજરાત રાજ્ય સડક પરિવહન નિગમની બસો વાપી, વલસાડ, સુરત, સોનગઢ, બારડોલી, વડોદરા, અમદાવાદ, પાટણ સહિત મહારાષ્ટ્રના નાશિક વગેરે શહેરોમાંથી આવે છે. સાથે શહેરની સ્માર્ટસીટીની ઈ-બસો પણ આ મેદાન પર પેસેન્જરો લઈને આવે અને લઈ જાય છે, જેથી આ હંગામી એસ.ટી. બેસ ડેપો ખાતે તાત્કાલિક પ્રાથમિક સુવિધાઓની વ્યવસ્થા કરવામાં આવે એ ખુબ જરૂરી છે. હાલમાં ગરમીનો પારો પણ ધીરે ધીરે વધતો જઈ રહ્યો છે. તેથી મુસાફરોને તડકાથી બચવા શેડ સહિત શૌચાલય, પીવાના પાણીની વ્યવસ્થા સહિતની જરૂરી વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવે એવી મુસાફરોમાં માંગ ઉઠી રહી છે.

**ઈ-હરાજી નોટિસ**

**(મોટર, પંપ, કેબલ્સ, ક્રેન, મોલ્ડ, પ્લાસ્ટિક ગ્રાન્યુઅલ, માસ્ટર બેચ અને મોડિફાયર, બિલ્ડિંગ સ્ટ્રક્ચર સહિત મશીનરીનો આગથી પ્રભાવિત સ્ટોક)** રસ ધરાવતા ખરીદદારો પાસેથી નિકાલ માટે ‘‘જેમ છે તેમ છે, જ્યાં છે તેમ’’ના ધોરણે પ્રતિ કિલોગ્રામના ધોરણે બચાવ માટે **I) મોટર્સ, પંપ, કેબલ્સ, ક્રેન, ક્રેન સ્ટ્રક્ચર સહિત મશીનરી આશરે 150 MT, II) મોલ્ડ (1.2343 ESR સ્ટીલ અને P20 સ્ટીલ) આશરે 40 MT, III) બિલ્ડિંગ સ્ટ્રક્ચર આશરે 7 MT, IV) બિલ્ડિંગ ટોર સ્ટીલ આશરે 50 MT, V) પ્લાસ્ટિક ગ્રાન્યુલ્સ આશરે 15 MT અને VI) માસ્ટર બેચ અને મોડિફાયર આશરે 10 MT** (CA RC બાજપાઈ દ્વારા સંચાલિત સર્વે) Ace પેકેજિંગ, 142/1, પાર્ટ-A, સુઝલોન કંપની નજીક, દાભેલ, દમણ-૩૯૬૨૧૦ની માલિકીની મશીનરી છે, તેઓ શ્રી જીતેન્દ્ર ઠાકુર ૮૭૪૪૦૧૩૦૦૮ પાસેથી અગાઉથી એપોઈન્ટમેન્ટ લીધા પછી 28/02/26 થી 06/03/26 ની વચ્ચે નિરીક્ષણ કરી શકે છે. ઈ-હરાજી 07/03/2026ના રોજ યોજાશે. ઈ-હરાજી ફોર્મ માટે **સુશ્રી ખુશી, મોબાઈલ-9990857386** પર સંપર્ક કરો.

**સાલ્વર સેટલર્સ પ્રા. લિ.**
**(હરાજી કરનારાઓ)**
**સરનામુંઃ ૨૦૩, બીજો માળ, ઉષા કિરણ બિલ્ડીંગ, આઝાદપુર કોમર્શિયલ કોમ્પ્લેક્સ, દિલ્હી-૧૧૦૦૩૩**

અથવા વેબસાઈટ પરથી ડાઉનલોડ કરોઃ www.salvorsettlers.com

**ઈ-હરાજી ફોર્મ સબમિટ કરવાની છેલ્લી તારીખ 07/03/26 બપોરે 12.30 વાગ્યા પહેલા છે.**




## સુવિચાર - સદ્‌વિચાર

ધૈર્ય અને મહેનતથી જીવનમાં બધું શક્ય છે.

## કવિતા-ભજન-પદ-ગરબા

### અલખ નામ ધુન લાગી ગગન મેં

અલખ નામ ધુન લાગી ગગન મેં, મગન ભયા મન મેરાજી,
આસન મારી સુરત દઢ ધારી, દિયો અગમ ઘર ડેરા જી... અલખ૦

ઈંગલા પિંગલા દોનું છોડી, સુખમણ ચિત્ત દઢ ધારા જી,
ત્રિવેણીમાં તાર મિલાવા, અજંપા આદિ ઉચાર્યા હો જી. અલખ૦

જહાં તંત્ર અનહદ બાજે અહોનિશ, હોત નાદ અણકારા જી,
ઘન બિન અદ્‌ભુત હોત ગર્જના, બરસે અમૃતધારા હો જી... અલખ૦

કોટી કોટી રવિ શશિ કી શોભા, ઝગમગ જ્યોતિ ઉજારા જી,
જન 'છોટમ' સતગુરુ પ્રતાપે, દરશા અલખ દેદારા જી... અલખ૦

- છોટમ કવિ

## આજની જોક

આ દુનિયામાં
ચપ્પલથી મોટું બીજું કોઈ કપલ નથી,
એક ખોવાઈ જાય તો
બીજું આપોઆપ તેનું અસ્તિત્વ ખોઈ બેસે છે!!!

## કબીર વાણી

**માલી આવત દેખકે, કળીયો કરી પુકાર;**
**ફૂલ ફૂલ તું ચુંન લહો, કાલ હમારી બાર.**

**- અર્થાત-**

માળીને આવતાં જોઈ ઝાડની ડાળીઓ પોકાર કરે છે કે ઓ માળી, આજે ખિલેલાં ફૂલોને તું તોડી લઈ જા, કાલે હમારો વારો આવશે.

## આજનો દિન વિશેષ

### સૂર્ય નારાયણ વ્યાસ

સૂર્ય નારાયણ વ્યાસ (૨ માર્ચ ૧૯૦૨, ઉજ્જૈન, ભારત - ૨૨ જૂન ૧૯૭૬) ભારતના મધ્ય પ્રદેશ રાજ્યના ઉજ્જૈનના એક ભારતીય જ્યોતિષી અને ભવિષ્યવેત્તા હતા. તેમણે ૧૪ ઓગસ્ટ ૧૯૪૭ અને ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ને પાકિસ્તાન અને ભારતની સ્વતંત્રતાની તારીખો તરીકે સૂચવનાર તરીકે જાણીતા હતા. તેમણે લાલ બહાદુર શાસ્ત્રી અને સરદાર વલ્લભભાઈ પટેલના મૃત્યુ અને ૨૧મી સદીમાં વૈશ્વિક શક્તિ તરીકે ભારતના ઉદય જેવી ઘણી અન્ય ઘટનાઓની ભવિષ્યવાણી કરી હોવાનું કહેવાય છે.




તેઓ ૧૯૬૭-૧૯૬૯ દરમિયાન ગોવિંદ નારાયણ સિંહના કાર્યકાળ દરમિયાન મધ્ય પ્રદેશ સરકારના સલાહકાર બોર્ડના સભ્ય હતા. ભારત સરકારે તેમને જ્યોતિષમાં તેમના યોગદાન બદલ ૧૯૫૮માં પદ્મ ભૂષણનો ત્રીજો સર્વોચ્ચ નાગરિક સન્માન એનાયત કર્યો હતો. ૨૦૦૨માં ઈન્ડિયા પોસ્ટે વ્યાસ પર એક સ્મારક ટિકિટ બહાર પાડી હતી.

## આધ્યાત્મ

### હોળીનું આધ્યાત્મિક રહસ્ય

લોકો માને છે કે લાકડા અને ગાયના છાણને બાળવાથી દુઃખ, ગરીબી અને અશુદ્ધિ દૂર થશે. પરંતુ વાસ્તવમાં, યોગની અગ્નિમાં જૂના સંસ્કારો, ટેવો અને કડવી યાદોને બાળીને જ દુઃખ દૂર થઈ શકે છે. સાચું શુભ જોડાણ ત્યારે જ થઈ શકે છે જ્યારે આપણે શરીર ચેતનાના સંસ્કારોને ભૂલી જઈએ અને આત્માની સ્થિતિમાં રહીએ. આત્માની સ્થિતિમાં રહીને, આપણે આપણી જાત, અન્ય આત્માઓ અને પરમાત્મા સાથે સાચા શુભ જોડાણની ઉજવણી કરી શકીએ છીએ.

**શ્રી કૃષ્ણ ઝાંખી શણગારવી :** ફક્ત ઝાંખી જોવાથી પૂરતું નથી; તેના બદલે, આપણે શ્રી કૃષ્ણના ગુણોને ઓળખવા અને સમજવા જોઈએ અને તેમના કાર્યોનું અનુકરણ કરવું જોઈએ.

હોલિકા શબ્દનો અર્થ હોળી, એકબીજા પર રંગો ફેંકવા ભગવાન જ્ઞાન, ગુણો અને શક્તિઓનો રંગ આત્મા પર લગાવે છે, પરંતુ મનુષ્યો મોંઘા રંગોથી તેમના કપડાં અને શરીરને નુકસાન પહોંચાડે છે. આ ગરીબ દેશમાં કરોડો રૂપિયા રંગો અને રંગેલા કપડાં પર ખર્ચવામાં આવે છે. જો આપણે હોળીને તેના શુદ્ધ સ્વરૂપમાં ઉજવીએ તો તે કેટલું અદ્ભુત હશે.

**દૈવી ચિંતનનો રંગ :** પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વવિદ્યાલયમાં, પરમ પિતા, ભગવાન શિવે, અન્ય તહેવારો સાથે હોળીના સાર વિશે જ્ઞાન આપ્યું છે. આ જાણવું રોમાંચક છે. તે બધા પ્રશ્નોના જવાબો પૂરા પાડે છે અને વ્યક્તિના જીવનને ઉન્નત કરવામાં મદદ કરે છે. હકીકતમાં, ભારતના બધા તહેવારો ભગવાનના પૃથ્વી પર અવતાર અને માનવતાના કલ્યાણ માટેના તેમના વિવિધ કર્તવ્યોની ઉજવણી કરે છે.

હોળીએ ભગવાનની ફરજને પણ યાદ કરે છે કે તેઓ આત્માઓને તેમના સંગના રંગ અને જ્ઞાનના રંગથી રંગે છે. જ્ઞાનને 'સાચી સંપત્તિ' 'અવિનાશી ખજાનો,' 'અમૃત રંગ,' પ્રકાશ, અને ભગવાનના આનંદમાં રંગ ઉમેરતો રંગ પણ કહેવામાં આવ્યો છે. ભગવાનના સંગ દ્વારા આત્મામાં જે અલૌકિક તેજ આવે છે તેને જ્ઞાનથી રંગીન થવું કહેવામાં આવે છે.

કબીરે કહ્યું, મારા પ્રિયતમની લાલાશ, જ્યાં પણ હું જોઉં છું, મને લાલાશ દેખાય છે.હું લાલાશ જોવા ગયો, અને હું પણ લાલ થઈ ગયો.એટલે કે, ભગવાનના સંગનો રંગ એટલો તીવ્ર હતો કે આત્મા તેમના જેવો થઈ ગયો.

સમય જતાં, 'દૈવી સંગ' શબ્દ 'દૈવી સંગ' માંથી દૂર કરવામાં આવ્યો અને હોળી ફક્ત રંગોનો તહેવાર બની ગઈ. ઉપરોક્ત કારણોસર, વર્ષોથી હોળી ઉજવવા છતાં, માનવજાતે હજુ સુધી ભગવાનના કોઈ રંગોનો અનુભવ કર્યો નથી. ભગવાન પ્રેમનો મહાસાગર છે, પરંતુ આપણા પ્રેમના સ્ત્રોત સુકાઈ ગયા છે. ભગવાન શાંતિનો મહાસાગર છે, પરંતુ આપણે શાંતિની શોધમાં ધ્યેય વિના ભટકતા રહીએ છીએ. ભગવાન સુખનો મહાસાગર છે, પરંતુ આપણને એક ક્ષણ માટે પણ શાંતિ મળતી નથી.

# દીવના ઘોઘલા ખાતે સમસ્ત હિન્દૂ સમાજ અને હિન્દૂ સંમેલન સમિતિ દ્વારા સમસ્ત હિન્દુ મહા સંમેલનનું આયોજન










**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૦૧**

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવનાં ઘોઘલા જેટી પર સમસ્ત હિન્દુ મહા સંમેલનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. દીવના ઘોઘલા શહીદ ભગત સિંહ જેટી પર હિન્દુ સંમેલન સમિતિ દીવના પ્રમુખ શ્રી ધર્મેશ વાઘેલાની અધ્યક્ષતામાં હિન્દૂ મહા સંમેલન યોજવામાં આવ્યું હતું. જેમાં દીવ મુખ્ય વક્તા તરીકે ગીર સોમનાથ જિલ્લા બૌદ્ધિક પ્રમુખ અને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના શ્રી મિલનભાઈ અધેરા, તથા કથાકર શ્રી પુરોહિત દાદા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી સમસ્ત હિન્દુ મહા સંમેલનની શરૂઆત પહેલા દીવના ગાયત્રી પરિવાર, તપેશ્વર મહાદેવ મંડળ, હિન્દૂ સમાજના આગેવાનો મહાનુભાવો વગેરે ઘોઘલા પંચાયત ચોક એકઠા થયાં હતા, ત્યાંથી કળશ યાત્રાનું આયોજન થયું આ કળશ યાત્રા પંચાયત ચોક થઈ મુખ્ય માર્ગો પરથી ઘોઘલા શહીદ ભગત સિંહ જેટી પર પહોંચ્યા હતા. જ્યાં ભવ્ય સમસ્ત હિન્દૂ મહા સંમેલન કાર્યક્રમ દરમિયાન દીપ પ્રાગટ્ય કરી ઉપસ્થિત મહેમાનોનું કેસરી ખેસ પહેરાવી અને સન્માનિત કર્યા હતા. ત્યારબાદ આગેવાનો, મહાનુભાવોને પણ કેસરિયો ખેસ પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ગાયત્રી મંત્ર, હનુમાન ચલીસા, રામધૂન વગેરેથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું. કાર્યક્રમમાં રંગરેજ ગ્રુપ, શાળાની વિદ્યાર્થીનીઓએ લોકનૃત્ય તથા નાની બાળકી નિરાલી પ્રકાશ કોટીયાએ ગીત રજૂ કરી ઉપસ્થિત લોકાને મંત્ર મુગ્ધ કર્યા હતા, તેજ રીતે દીવના મોટી વયના ચલનાબેન રાઠોડે પણ યોગના વિવિધ આસાનો કરી અને લોકોને આશ્ચર્ય ચકિત કર્યા હતા.

કાર્યક્રમમાં રાષ્ટ્રીય સ્તર પર પ્રદર્શન કરનાર અને ખાસ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓને અધ્યક્ષ શ્રી ધર્મેશ વાઘેલા, શ્રી મિલન અધેરા, કથાકાર શ્રી પુરોહિત દાદા, નગરપાલિકા પ્રમુખ શ્રી હરેશભાઈ કાપડિયા, ઉપપ્રમુખ શ્રીમતિ કરુણાબેન રવિન્દ્ર સોલંકી, બીજેપી જિલ્લા પ્રમુખ શ્રી મોહનભાઈ લખમણ, બીજેપી પૂર્વ પ્રદેશ ઉપાધ્યાક્ષ અને વૈદિક ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન, ગાયત્રી પરિવારના ચંદુબેન, ગીર સોમનાથથી ઉપસ્થિત મહેમાન શ્રી નિલેશભાઈ પરમાર વગેરેના હસ્તે ટ્રોફી તથા સર્ટિફિકેટ એનાયત કરી સન્માનિત કરવા મા આવ્યા હતા.

કાર્યક્રમમાં ઉપસ્થિત મુખ્ય વક્તા શ્રી મિલનભાઈ અધેરા અને કથાકાર પુરોહિત દાદાએ તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, હિન્દૂ મહા સંમેલનના આયોજનની જરૂર શા માટે લોકો પોતાની સંસ્કૃતિ પોતાના સંસ્કાર વગેરે ભૂલવા લાગ્યા છે, તેઓએ સામાજિક સમરસતા, કુટુંબ પ્રબોધન, પર્યાવરણ સરક્ષણ, સ્વદેશી અને આત્મ નિર્ભરતા, નાગરિક કર્તવ્ય વગેરે વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે સોમનાથ, જેઠીબાઇ, શહીદ ભગત સિંહ વગેરેના ઉદાહરણ આપી અને અંગ્રજો સામે પોતાના ધર્મ માટે લડત કરી હતી. ભારતને હિન્દૂ રાષ્ટ્ર બનાવવા આપણે આપણી સંસ્કૃતિને જાળવવી જરૂરી છે.સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ભવ્યેશ સિકોતેરીયા દ્વારા કરવામાં આવ્યું હતું. આભાર વિધિ ગાયત્રી પરિવારના સંચાલિકા ચંદુબેન દ્વારા કરવામાં આવી હતી કાર્યક્રમને સફળ બનાવવા દીવ જિલ્લાના ધર્મ




પ્રેમીઓ યુવા મહાનુભાવો વગેરેએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના અંતે ભારત માતાની આરતી બાદ સંપન કરવામાં આવ્યો હતો.

*<u>તમારે દર્શન કર્યા વિના પાછા ફરવું પડી શકે છે</u>*

## ૩જી માર્ચે અયોધ્યા રામ મંદિરમાં દર્શન પ્રતિબંધિત રહેશે



**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અયોધ્યા, તા.૦૧**

જો તમે રામનગરી અયોધ્યાની મુલાકાત લેવાનું વિચારી રહ્યા છો, તો આ સમાચાર તમારા માટે છે. ૩ માર્ચે અયોધ્યા રામ મંદિરમાં દર્શન પ્રતિબંધિત રહેશે. આ દિવસે મંદિરના દરવાજા બંધ રહેશે, તેથી અયોધ્યા જનારાઓને દર્શન વિના પાછા ફરવું પડી શકે છે. અયોધ્યા રામ મંદિર ઉપરાંત, બધા મંદિરો અને મઠોમાં દર્શન પ્રતિબંધિત રહેશે. ૩ માર્ચ, હોળીના દિવસે મંદિરના દરવાજા બંધ રહેશે.

ચંદ્રગ્રહણને કારણે અયોધ્યા રામ મંદિરના દરવાજા બંધ રહેશે. હોળીની સાંજે ચંદ્રગ્રહણ થઈ રહ્યું છે. સૂતક કાળ ગ્રહણના નવ કલાક પહેલા શરૂ થશે. સુતક કાળ દરમિયાન મંદિરના દરવાજા બંધ રહેશે. અયોધ્યામાં રામ મંદિરની સાથે, હનુમાનગઢી, કનક ભવન અને દશરથ મહેલ સહિત તમામ મંદિરોના દરવાજા સૂતક સમયગાળા દરમિયાન બંધ રહેશે. જો તમે ૩ માર્ચે રામ લલ્લાના દર્શન કરવા અયોધ્યા જઈ રહ્યા છો, તો તમારો પ્લાન કેન્સલ કરો.૩ માર્ચ, ૨૦૨૬, મંગળવાર, હોળીના દિવસે ચંદ્રગ્રહણ થશે. આ ગ્રહણ બપોરે ૩.૧૯થી ૬.૦૭ વાગ્યા સુધી ચાલશે. આ ગ્રહણ ભારતમાં દેખાશે. ગ્રહણના નવ કલાક પહેલા સૂતક કાળ શરૂ થશે. અહેવાલો અનુસાર, ૩ માર્ચે મંદિરના દરવાજા સવારે ૮ વાગ્યાથી રાત્રે ૮.૩૦ વાગ્યા સુધી બંધ રહેશે. સાંજના શયન આરતી માટે દરવાજા ખોલવામાં આવશે. આ પછી, ભક્તો ૪ માર્ચથી રામ લલ્લાના દર્શન કરી શકશે. રામ મંદિરમાં દરરોજ હજારો ભક્તો દર્શન કરવા આવે છે, ત્યારે હાલ તહેવારનો સમય છે અને હોળી અને ધુળેટી પણ નજીક આવી રહી છે , ત્યારે લોકો રામ મંદિરમાં ધુળેટીની ઉજવણી કરવા માટેનો પ્લાન બનાવતા હોય તો પહેલા તારીખ જોઈ લેજો, અને પ્લાન કેન્સલ કરી નાખજો, કારણ કે તે દિવસે સવારથી મંદિર બંધ રહેશે.

**(પહેલાં પાનાનું ચાલુ)**
**ચંદ્રશેખર આઝાદ,...**

પ્રોજેક્ટ પ્રદર્શન, ગણિત પ્રોજેક્ટ પ્રદર્શન, પઝલ ગેમ પ્રદર્શન અને જાદુઈ યુક્તિ પ્રદર્શિત કરવામાં આવી હતી. આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓની બત્રીસ ટીમોએ ભાગ લીધો હતો.

વિજ્ઞાન દિવસ કાર્યક્રમની શરૂઆતમાં રીંગણવાડા પંચાયતના સરપંચ શ્રીમતી ચૈતાલીબેન કામલી, સોમનાથ પંચાયતના સરપંચ શ્રીમતી વર્ષિકાબેન પટેલ, જિલ્લા પંચાયતના ઉપ પ્રમુખ શ્રીમતી રીનાબેન પટેલ અને શાળા વ્યવસ્થાપન સમિતિના પ્રમુખ શ્રી શિરીષભાઈ દમણિયા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે હાજર રહ્યા હતા. શાળાના મુખ્ય શિક્ષક શ્રી વિરેન્દ્રભાઈ પટેલે તેમના સંબોધનમાં વિદ્યાર્થીઓને ભારતના મહાન વૈજ્ઞાનિક ડૉ. સી.વી. રામનના જીવનનો પરિચય કરાવ્યો હતો અને રામન ઈફેક્ટ વિશે વિગતવાર માહિતી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને તેમની વૈજ્ઞાનિક વિચારસરણીનો અસરકારક રીતે ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું.

શ્રીમતી વર્ષિકાબેન પટેલે વિદ્યાર્થીઓ સાથે રોજિંદા સમસ્યાઓના ઉકેલ માટે વૈજ્ઞાનિક અભિગમનો ઉપયોગ કરવાની જરૂરિયાત પર ચર્ચા કરી હતી અને ભવિષ્યના પ્રોજેક્ટ્સ પર તેમના કાર્યની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, નવી ટેક્નોલોજી દ્વારા નવા ભારતનો સંપૂર્ણ વિકાસ થશે. શ્રીમતી રીનાબેન અને શ્રીમતી ચેતાલીબેન કામલીએ વિદ્યાર્થીઓને વિજ્ઞાનમાં રસ વિકસાવવા અને ભવિષ્યમાં આ પ્રકારના પ્રશોજેક્ટ્સ પર કામ કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

શાળાના ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓએ વિજ્ઞાન પ્રદર્શનમાં સ્વ-નિર્મિત વિજ્ઞાન મોડેલો પ્રદર્શિત કર્યા હતા. આ વિજ્ઞાન અને ગણિત પ્રદર્શનમાં સ્માર્ટ ટ્રેન સાથે સ્માર્ટ રેલવે સિસ્ટમ, પાણી વ્યવસ્થાપન, રેલવે ટ્રેક ક્રેક ડિટેક્શન સિસ્ટમ, પ્લેન ક્રેશ ડિટેક્શન સિસ્ટમ, સંખ્યા અને સ્થાન મૂલ્ય, નંબર પાર્ક, પઝલ અને પેટર્ન, ખૂણાઓના પ્રકાર, ૧ થી ૧૨ ચોરસ સિસ્ટમ, LCM શોધ, વેસ્ટ કચરાનું મેનેજમેન્ટ સિસ્ટમ, માનવ હૃદયના ભાગો, રોબોટ્સ અને તેમના ઉપયોગો, માનવ મગજના ભાગો, ૨૦૫૦માં ભવિષ્યની ટેક્નોલોજી, માનવોને મદદ કરતા ભવિષ્યના રોબોટ્સ, સ્માર્ટ લાઈબ્રેરી ઈન્ટિરિયર ડિઝાઈન, જૈવવિવિધતા, હાઈડ્રોપોનિક્સ સિસ્ટમ, લાકડા અને વાંસનું ઘર, સિંધુ ખીણની સભ્યતા, સ્માર્ટ પાર્કિંગ, 3D હોલોગ્રામ વગેરે વિષયો પર પ્રદર્શન રજૂ કરવામાં આવ્યું હતું. શાળાના ધોરણ ૩ થી ૮ના તમામ વિદ્યાર્થીઓએ તેનો લાભ લીધો હતો. આ પ્રસંગે, ઉપસ્થિત તમામ મહેમાનોએ સંયુક્ત રીતે પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કર્યું હતું અને પ્રદર્શિત કરાયેલા તમામ વિજ્ઞાન મોડેલોનું નિરીક્ષણ કર્યા પછી, વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી હતી અને તમામ વિદ્યાર્થીઓને ચોકલેટ અને ફૂલોથી સન્માનિત કરીને પ્રોત્સાહિત કર્યા હતા.

શાળાના ઈન્ચાર્જ મુખ્ય શિક્ષક શ્રી વિરેન્દ્રભાઈ પટેલે આ પ્રસંગે હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા બદલ તમામ મહેમાનોનો ખાસ આભાર વ્યક્ત કર્યો હતો. આ 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' કાર્યક્રમને સફળ બનાવવામાં શાળાના પ્રોગ્રામ નોડલ શિક્ષિકા શ્રીમતી હિરલબેન ઉમેશકુમાર અને સાથી શિક્ષકો શ્રીમતી આશાબેન હળપતિ, શ્રી યજ્ઞેશ ખંડાલ, શ્રીમતી અથિરા નાયર, શ્રી સચિન, શ્રી ધીરજ અને અન્ય તમામ શિક્ષકોનો ખાસ સહયોગ રહ્યો હતો.

# સુરતમાં હિન્દુ યુવક અને મુસ્લિમ યુવતીના લગ્નનો વિવાદ: યશવી ફાઉન્ડેશન પર આક્ષેપ

**યશવી ફાઉન્ડેશન દ્વારા હિન્દુ યુવક અને મુસ્લિમ યુવતીના લગ્નની જાહેરાત કરાયા બાદ વિરોધને કારણે રદ્ કરવા પડ્યા**



**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત, તા.૦૧**

સુરત શહેરમાં આંતરધર્મીય લગ્નને લઈને વિવાદ ઊભો થયો છે. યશવી ફાઉન્ડેશન દ્વારા હિન્દુ યુવક અને મુસ્લિમ યુવતીના લગ્ન કરાવવાની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ બાદમાં સંસ્થાએ પોતાના નિર્ણયમાંથી પીછેહઠ કરી લેતા મામલો ગરમાયો છે. આ નિર્ણય પછી યુવક અને યુવતીએ સંસ્થા સામે ગંભીર આક્ષેપો કર્યા છે.

ફરહા નામની યુવતીએ સોશિયલ મીડિયા પર વીડિયો જાહેર કરીને દાવો કર્યો છે કે યશવી ફાઉન્ડેશને માત્ર પ્રસિદ્ધિ અને TRP મેળવવા માટે તેમના લગ્નની જાહેરાત કરી હતી. તેણીએ આક્ષેપ કર્યો કે સંસ્થાના પગલાંને કારણે તેમની વ્યક્તિગત જિંદગી પર ગંભીર અસર પડી છે અને હવે તેઓ માટે ઘરની બહાર નીકળવું પણ મુશ્કેલ બન્યું છે. વીડિયોમાં ફરહાએ કહ્યું કે, "અમારી જિંદગી બરબાદ કરવા બદલ યશવી ફાઉન્ડેશનનો આભાર."

યુવતીએ વધુમાં સવાલ ઉઠાવ્યો કે જો સંસ્થા લગ્ન કરાવવા સક્ષમ ન હતી તો તેમના નામની જાહેર જાહેરાત શા માટે કરવામાં આવી. તેમના મુજબ, શરૂઆતમાં પ્રચાર મેળવ્યા બાદ વિરોધ વધતા સંસ્થાએ પીછેહઠ કરી લીધી.

આ સમગ્ર મામલે દક્ષિણ ગુજરાત મુસ્લિમ સમાજની પણ પ્રતિક્રિયા સામે આવી છે. સમાજના પ્રતિનિધિઓએ જણાવ્યું કે કોઈ પણ પુખ્ત વયની વ્યક્તિ પોતાની મરજી મુજબ લગ્ન કરે તેમાં કોઈ વાંધો નથી.

જોકે, જાહેર મંચ પરથી હિન્દુ-મુસ્લિમ લગ્નની જાહેરાત કરવી યોગ્ય નથી અને તે રાજ્યમાં શાંતિ તથા ભાઈચારા પર પ્રતિકૂળ અસર પાડી શકે છે. વિવાદ વધતા યશવી ફાઉન્ડેશન દ્વારા અંતે આ લગ્ન રદ કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. હાલ સમગ્ર મામલો ચર્ચાનો વિષય બન્યો છે અને બંને પક્ષોના નિવેદનો બાદ પરિસ્થિતિ પર સૌની નજર છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**
**દમણ જિલ્લાની 'દિશા'...**

દમણ અને દીવના સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે પર્યાવરણ અને પ્રદૂષણ નિયંત્રણ, આરોગ્ય વિભાગ અને આયુષ્માન ભારત તથા નેશનલ હેલ્થ મિશન, શિક્ષણ વિભાગ, જળશક્તિ-પેયજળ વિભાગ, ગ્રામીણ અને શહેરી વિકાસ, સમાજ કલ્યાણ અને પેન્શન યોજનાઓ, કૃષિ પશુપાલન અને મત્સ્ય જેવા વિભાગો સહિત સામાન્ય પ્રશાસનના કામોની પણ સમીક્ષા કરી જરૂરી દિશા-નિર્દેશ અને સૂચનાઓ આપી હતી.

સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે પર્યાવરણ અને પ્રદૂષણ નિયંત્રણ વિભાગ પાસે ગ્રાઉન્ડ વોટર લેવલ રિપોર્ટ, દમણ જિલ્લાના બોરવેલની ગુણવત્તા રિપોર્ટ સહિત નદી અને સમુદ્ર જળના બી.ઓ.ડી., સી.ઓ.ડી. સ્તરની ગુણવત્તાના રિપોર્ટની જાણકારી પણ માંગી હતી.

સાંસદશ્રીએ આરોગ્ય વિભાગ પાસે ડોક્ટરોના સ્વીકૃત પદની સામે કાર્યરત ડોક્ટરોની સંખ્યા, નિષ્ણાત ડોક્ટરોની ખાલી જગ્યાઓ, આઈ.સી.યુ. બેડની ઉપલબ્ધતા, આયુષ્માન કાર્ડના ઉપયોગ સમયે આવતી બાધાઓ સહિતની સમસ્યાઓ અને પ્રશ્નોના ઉકેલની અપેક્ષા પણ વ્યક્ત કરી હતી. તેમણે શિક્ષણ વિભાગમાં અંગ્રેજી માધ્યમની શાળાઓની ભરતી સમયે ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરેલ શિક્ષકોને તકથી વંચિત રાખવાની થઈ રહેલી ચેષ્ટા સામે પણ પોતાનો સખત વિરોધ નોંધાવ્યો હતો.

સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે 'દિશા'ની આગામી બેઠક પહેલાં દરેક વિભાગોને એક્શન ટેકન રિપોર્ટ પ્રસ્તુત કરવા અને મોનિટરિંગ મેટ્રીક્સ તૈયાર કરવા પણ નિર્દેશ આપ્યો હતો. તેમણે દરેક વિકાસ કામોનું જીયો ટેગિંગ કરી તેનો રિપોર્ટ લાગૂ કરવા અને આગામી બેઠકમાં દરેક વિભાગોની પ્રગતિની સમીક્ષા કરવા પણ અધિકારીઓને દિશા-નિર્દેશ આપ્યા હતા.

સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે સ્પષ્ટ શબ્દોમાં અધિકારીઓને દમણના બાળકો ઉદ્યોગોમાં મજૂર નહિ પરંતુ એન્જિનિયર કે અધિકારીઓ બને તે રીતે તૈયાર કરવા અને ડિજિટલ ઈન્ડિયાનું સ્વપ્ન ડિજિટલ સ્કૂલ વગર અધુરૂ હોવાનું પણ પોતાનું નિરીક્ષણ પ્રગટ કર્યું હતું.


STATEMENT ABOUT OWNERSHIP AND OTHER PARTICULARS
ABOUT NEWSPAPER **"VARTMAN PRAVAH"** DAILY
AS REQUIRED TO BE PUBLISHED
UNDER RULES 8 OF REGISTRATION OF NEWSPAPERS
(CENTRAL RULES, 1956)

**FORM-IV**
**(See rule 8)**

| | |
|---|---|
| 1. Place of publication | 92, Damanwada, Bhamti, Moti Daman Daman (U.T.) |
| 2. Periodicity of its Publication | Daily |
| 3. Printer's Name | Mukesh H. Gosavi |
| Nationality | Indian |
| Whether citizen of India? | Yes |
| Address | 92, Damanwada, Bhamti, Moti Daman Daman (U.T.) |
| 4. Publisher's Name | Mukesh H. Gosavi |
| Nationality | Indian |
| Whether citizen of India? | Yes |
| Address | 92 Damanwada, Bhamti, Moti Daman Daman (U.T.) |
| 5. Editor's Name | Mukesh H. Gosavi |
| Nationality | Indian |
| Whether citizen of India? | Yes |
| Address | 92, Damanwada, Bhamti, Moti Daman Daman (U.T.) |
| 6. Names and Address of individuals who own the newspapers and partners or Share holders holding more than one percent of the total capital | I, MUKESH H. GOSAVI 92, Damanwada Bhamti, Moti Daman Daman (U.T.) |

**I, Mukesh H. Gosavi hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.**

**Dated: 02/03/2026**

**Mukesh H. Gosavi**
**Signature of Publisher**

# કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર.પાટીલ દ્વારા મેંધર તથા તલાવચોરા ગામે ફલડ વોટર ડ્રેઈન કાર્યોની લીધેલી સમીક્ષા મુલાકાત





-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી(વંકાલ), તા.૦૧**

કેન્દ્રીય જળ શક્તિ મંત્રાલયના કેબિનેટ મંત્રીશ્રી સી.આર.પાટીલ દ્વારા ગણદેવી તાલુકાના મેંધર તથા ચીખલી તાલુકાના તલાવચોરા ગામના જળ સંબંધી કામગીરી અંતર્ગત ફલડ વોટર ડ્રેઈન કામોની સ્થળ મુલાકાત લઈ વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.

મંત્રીશ્રી સી.આર.પાટીલે કાંસ સફાઈ, વરસાદી પાણીના વ્યવસ્થાપન તથા જળ સંચયના કામોની પ્રગતિ અંગે અધિકારીઓ પાસેથી માહિતી મેળવી સૂચનો આપ્યા હતા. ખાસ કરીને ચોમાસા દરમિયાન પાણી ભરાવાની સમસ્યા નહીં સર્જાય તે માટેના આયોજન પર ભાર મૂક્યો હતો.

ગામની મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ ગ્રામજનો સાથે સંવાદ સાધી ખેતીમાં જળ સંચયના સ્ટ્રક્ચર બનાવવા માટે પ્રેરણા આપી હતી. તેમણે જણાવ્યું કે, 'વરસાદી પાણીને ખેતરમાં જ સંગ્રહિત કરવામાં આવશે તો ભવિષ્યમાં સિંચાઈ માટે મીઠું પાણી ઉપલબ્ધ રહેશે અને ભૂગર્ભજળનું સ્તર પણ સુધરશે.'

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે સરકાર દ્વારા કરવામાં આવતા કાર્યો સાથે ખેડૂતોની સક્રિય ભાગીદારી જોડાય ત્યારે જ જળ સંચયનું અભિયાન સફળ બનશે.

આ મુલાકાત પ્રસંગે નવસારી જિલ્લા કલેકટર શ્રીમતિ ક્ષિપ્રા આગ્રે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી પુષ્પલતા, નવસારી જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રાહુલ પટેલ, ચીખલી પ્રાંત અધિકારીશ્રી મિતેષભાઈ પટેલ, સ્થાનિક આગેવાનો, વિભાગીય અધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

<u>વિજ્ઞાન દિવસના શુભ પ્રસંગે</u>

# વાપીની સરદાર વલ્લભભાઈ પટેલ હાઈસ્કૂલ ખાતે વિજ્ઞાન પ્રદર્શનનું કરાયેલું આયોજન









**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૧**

ગત તા.૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬, વિજ્ઞાન દિવસના શુભ પ્રસંગે, વાપીની સરદાર વલ્લભભાઈ પટેલ હાઈસ્કૂલ ખાતે એક વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેનું ઉદ્ઘાટન દેવી સરસ્વતીની આરતી સાથે કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને વિવિધ પ્રદર્શનો પ્રદર્શિત કર્યા હતા. શાળાની બહારના વાલીઓએ વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત પ્રદર્શનોની ખૂબ પ્રશંસા કરી હતી અને તેમને વિજ્ઞાન ક્ષેત્રે વધુ પ્રગતિ કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

# શ્રીમતી ભાવનાબેન નાનુભાઈ બાંભરોલીયા સ્વામિનારાયણ ફાર્મસી કોલેજ સલવાવ ખાતે "રાષ્ટ્રીય વિજ્ઞાન દિન" નિમિત્તે મોડેલ મેકિંગ સ્પર્ધા યોજાઈ





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૧**

શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર, સલવાવ સંચાલિત શ્રીમતી ભાવનાબેન નાનુભાઈ બાંભરોલીયા સ્વામિનારાયણ ફાર્મસી કોલેજ ખાતે "રાષ્ટ્રીય વિજ્ઞાન દિન"ની ઉજવણી નિમિત્તે મોડેલ મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ આઈ.ક્યુ.એ.સી. (IQAC) અને ઈન્સ્ટીટ્યુશન ઈનોવેશન કાઉન્સિલ (IIC) ના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો.

વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે જાગૃતિ લાવવા અને "વિકસિત ભારત માટે નવીન ફાર્માસ્યુટિકલ ટેક્નોલોજી" ના મહત્વને ઉજાગર કરવા માટે આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો અને જેમાં રોબો- સિસ્ટ, ફોટોબાયોરીએક્ટર, હિમોડાયાલીસીસ, સ્પ્રેડીબિલિટી ટેસ્ટ એપરેટ્સ, ગ્રીન સોલર સેલ યુસિંગ એન્થોસાયાનિન પિગ્મેંટ અને નેટ- જીરો સ્માર્ટ ફાર્માસ્યુટીકલ ઈકોસિસ્ટમ- ઈન્ડિયા ૨૦૪૭ જેવા મહત્વપૂર્ણ વિષયો આધારિત કાયમી વર્કિંગ મોડેલો રજૂ કર્યા હતા.

આ કાર્યક્રમનું સંપૂર્ણ માર્ગદર્શન એકેડેમિક કેમ્પસ ડિરેક્ટર ડૉ.શૈલેષ વી. લુહાર અને કોલેજના આચાર્ય ડૉ.સચિન બી. નારખેડે દ્વારા કરવામાં આવ્યું, જ્યારે કાર્યક્રમનું નેતૃત્વ કો-ઓર્ડિનેટર એસોશિએટ પ્રોફેસર શ્રીમતી નેહા એસ. વડગામા દ્વારા કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધાનું મૂલ્યાંકન પ્રોફેસર ડૉ.દુલેન્દ્ર દમાહે અને એસોશિએટ પ્રોફેસર ભૂમિ એસ. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિજેતા તરીકે જાહેર થયેલ વિદ્યાર્થીઓમાં ત્રીજા વર્ષમાંથી હેત્વી કટારીયા, સપના નિકમ, મનાલી વશી અને દિવ્ય મહાજન પ્રથમ સ્થાને, બીજા વર્ષમાંથી નકુલ પટેલ, રિદ્ધિ ટાંક અને ચાંદની ખડતકર દ્વિતીય સ્થાને અને ત્રીજા વર્ષમાંથી સ્મિત ભંડારી, જહાબીયા ભાવનગરવાલા, આસ્થા ચૌહાણ અને પ્રાચી બરોડિયા તૃતીય સ્થાને રહ્યા હતા. તેમજ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને ઈ-સર્ટિફિકેટ પણ એનાયત કરવામાં આવ્યા.

આ ઉજવણીમાં શ્રી સ્વામિનારાયણ સંસ્થાના અધ્યસ્થાપક પૂજ્ય પૂરાણી સ્વામી કેશવચરણદાસજી, મેનેજિંગ ટ્રસ્ટી પૂજ્ય પૂરાણી સ્વામી કપિલજીવનદાસજી, પૂજ્ય રામસ્વામીજી, પૂજ્ય હરિ સ્વામીજી, પૂજ્ય માધવ સ્વામીજી, ટ્રસ્ટી બાબુભાઈ સોડવડીયા, ટ્રસ્ટીગણ, કેમ્પસ એકેડેમિક ડીરેક્ટર ડૉ.શૈલેશ વી. લુહાર, કેમ્પસ ડીરેક્ટર હિતેન બી. ઉપાધ્યાય, ડૉ.સચિન બી. નારખેડે અને સમગ્ર સ્ટાફ દ્વારા કાર્યક્રમના સફળ આયોજન માટે સૌનો આભાર માન્યો હતો.

# વાપીના સમાજ સેવક કિરણ રાવલે હોળી પર્વે બાળકોને ૫૬૦૦ જેટલી પિચકારી, કલર અને ફુગ્ગાનું કરેલું નિઃશુલ્ક વિતરણ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૧**

વાપીના સમાજ સેવક અને વાપી સોશિયલ ગ્રુપ ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી એવા કિરણ રાવલ દ્વારા હોળી અને ધૂળેટીના તહેવારને ધ્યાનમાં રાખી વાપીના અલગ વિસ્તારમાં નાના બાળકો આ વર્ષ સમાજ સેવક કિરણ રાવલ દ્વારા વાપી તેમજ આજુબાજુના વિસ્તારમાં લગભગ ૫૬૦૦ જેટલી પિચકારી, કલર અને ફુગ્ગાના પેકેટોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમાજ સેવક કિરણ રાવલના આ સમાજ સેવાના કાર્યથી નાના બાળકોના મોઢા પર ખુશી જોવ મળી હતી અને સમાજ સેવક કિરણ રાવલે દરેક નાના બાળકોને આ ધૂળેટીના તહેવાર પોતાનું ખાસ ધ્યાન રાખવા સાવચેત કર્યા હતા.

# વાપી આર.કે.દેસાઈ ગ્રુપ ઓફ કોલજીસમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરાઈ





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૧**

દર વર્ષે ૨૮ ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવવામાં આવે છે, કારણ કે આ દિવસે ભારતના મહાન વૈજ્ઞાનિક સર સી.વી.રામન દ્વારા વિશ્વપ્રસિદ્ધ 'રમન ઈફેક્ટ'ની શોધ કરવામાં આવી હતી. આ ઐતિહાસિક વૈજ્ઞાનિક સિદ્ધિની સ્મૃતિમાં સમગ્ર દેશમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ જ પરંપરાને અનુસરી શિક્ષકો તૈયાર કરતી સંસ્થા આર.કે.દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશન, વાપીમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી.

કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે આર.કે.દેસાઈ કોલેજ ઓફ સાયન્સના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ પ્રા.સુરભી ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે કોલેજના અધ્યાપકો તથા તાલીમાર્થીઓની નોંધપાત્ર ઉપસ્થિતિ રહી.

કાર્યક્રમની શરૂઆત કો-ઓર્ડીનેટર પ્રા.પિયુષ પટેલ દ્વારા પ્રાસંગિક ઉદ્બોધનથી કરવામાં આવી. ત્યારબાદ અતિથિ પ્રિ.સુરભી ચૌધરી દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ૨૦૨૬માં Women in Science: Catalysing Viksit Bharat થીમ આધારિત પ્રેરણાદાયક વક્તવ્ય રજૂ કર્યુ હતું. જેમાં તેમણે મહિલાઓનું વિજ્ઞાન ક્ષેત્રમાં યોગદાન અને વિકસિત ભારતના નિર્માણમાં વિજ્ઞાનની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. ત્યારબાદ 'કૃત્રિમ બુદ્ધિમત્તા' 'રોજગારી માટે ખતરો કે તક' વિષય પર ડિબેટનું યોજાયી જેમાં સૌ તાલીમાર્થીઓ તથા કોલેજના અધ્યાપકો ડૉ.સારિકા પટેલ અને ડૉ. વિમુખ પટેલ પણ સક્રિય રીતે સહભાગી બની તર્કસંગત પોતાના વિચારો રજૂ કર્યા. ત્યારબાદ વિજ્ઞાન વિષયક પ્રશ્નોત્તરી સ્પર્ધા યોજાઈ, જેમાં તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. ઉપરાંત તાલીમાર્થીઓ દ્વારા ઔષધીય વનસ્પતિઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં આસપાસ સરળતાથી ઉપલબ્ધ વિવિધ વનસ્પતિઓ લાવી તેનું વૌજ્ઞાનિક નામ, કૂળ, ઔષધીય મૂલ્યો વિશે સુંદર માહિતી રજૂ કરવામાં આવી હતી.

કાર્યક્રમનો અંત રાષ્ટ્રગાન દ્વારા વિધિવત રીતે સમાપન કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના સુચારૂ આયોજન બદલ સંસ્થાના ચેરમેન શ્રી મિલનભાઈ દેસાઈ, કેમ્પસ ડાયરેકટર ડૉ.મિત્તલ શાહ, પ્રિન્સિપાલ ડૉ.પ્રીતિ ચૌહાણ દ્વારા સમગ્ર આયોજન સમિતિને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# શ્રી સ્વામિનારાયણ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ સલવાવમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરાઈ










**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૧**

ભારતીય વૈજ્ઞાનિક C. V. Raman દ્વારા કરવામાં આવેલી 'રામન ઈફેક્ટ'ની અદ્ભુત શોધની યાદમાં દર વર્ષે ૨૮ ફેબ્રુઆરીએ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવવામાં આવે છે. આ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, સલવાવ ખાતે વિજ્ઞાન પ્રત્યે જાગૃતિ અને વૈજ્ઞાનિક અભિગમ વિકસાવવા વિવિધ કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. વિજ્ઞાન શિક્ષકો દ્વારા C. V. Ramanની શોધ 'રામન ઈફેક્ટ' વિશે ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી હતી. તેમણે સમજાવ્યું કે, જ્યારે પ્રકાશ પારદર્શક પદાર્થમાંથી પસાર થાય છે ત્યારે તેનું કિરણ વિખેરાય છે અને તેની તરંગલંબાઈમાં ફેરફાર થાય છે. આ અનોખી શોધ બદલ તેમને ૧૯૩૦માં નોબેલ પુરસ્કાર મળ્યો હતો, જે ભારત માટે ગૌરવની ક્ષણ હતી.

વિદ્યાર્થીઓને ભારતીય તેમજ વૈશ્વિક સ્તરના પ્રતિભાશાળી મહિલા વૈજ્ઞાનિકો વિશે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા. જેમાં Anandi Gopal Joshi (ભારતની પ્રથમ મહિલા ડૉક્ટર), Kamala Sohonie (વિજ્ઞાનમાં પીએચડી મેળવનાર પ્રથમ ભારતીય મહિલા), અને Kalpana Chawla (અંતરિક્ષમાં પહોંચનાર પ્રથમ ભારતીય મહિલા)નો સમાવેશ થાય છે.

વૈશ્વિક સ્તરે Ada Lovelace (વિશ્વની પ્રથમ કમ્પ્યુટર પ્રોગ્રામર), Rosalind Franklin (DNAની રચનામાં મહત્વપૂર્ણ યોગદાન), અને Jennifer Doudna (CRISPR જિન-એડિટિંગ ટેક્નોલોજીની સહ-વિકાસક) વિશે માહિતી આપવામાં આવી હતી.

હાલના સમયમાં સંશોધન અને નવપ્રવર્તનમાં યોગદાન આપનાર મહિલાઓમાં Geetha Manjunath (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને આરોગ્ય ટેક્નોલોજી ક્ષેત્રે પ્રગતિ), Shalini Kapoor (AI ક્ષેત્રે પેટન્ટ ધરાવનાર), અને Deblina Sarkar (MITમાં નૈનો-ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે સંશોધક)નો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. વૈશ્વિક સ્તરે Ingrid Daubechies (ગણિતમાં મહત્વપૂર્ણ શોધ) અને Tu Youyou (મેલેરિયાની દવા શોધ બદલ નોબેલ વિજેતા) વિશે પણ માહિતી આપવામાં આવી હતી.

ત્યારબાદ નિબંધ અને લેખન સ્પર્ધા યોજાઈ હતી, જેમાં "વિજ્ઞાનઃ વરદાન કે અભિશાપ" અને "ડૉ. સી.વી. રામનનું જીવન" જેવા વિષયો પર વિદ્યાર્થીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. વિજ્ઞાનના પ્રચાર માટે ક્વિઝ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ સમગ્ર કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિકસે અને તેઓ વિજ્ઞાનના ક્ષેત્રમાં આગળ વધવા પ્રેરાય તેવો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. શાળાના શિક્ષકો અને આચાર્યએ વિજેતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા અને કાર્યક્રમના અંતે સૌએ વિજ્ઞાનનો સદુપયોગ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

# વાપી કેબીએસ કોલેજનું મેડિકલ લેબોરેટરી ટેક્નોલોજીનું પરિણામ જાહેર









**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**

**વાપી, તા.૦૧:** અત્રે ચણોદ કોલોની સ્થિત કેશવજી ભારમલ સુમરીયા એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજ વાપીમાં બી.કોમ., બી.એસસી., બી.સી.એ., બી.બી.એ., એમ.કોમ., એમ.એસસી. જેવા વિવિધ અભ્યાસક્રમો ચાલે છે. શૈક્ષણીક વર્ષ ૨૦૨૫-૨૬ માં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અંતર્ગત લેવાયેલ બી.એસસી. મેડિકલ લેબોરેટરી ટેક્નોલોજીના પરિણામ જાહેર થતા સદર કોલેજના વિદ્યાર્થીઓ બી.એસસી. સેમ.૧ માં ૭.૩૬ SGPA સાથે શેખ ઝીન્નત નજમુદીન, બી.એસસી. સેમ.૩ માં ૭.૬૪ SGPA સાથે ખાન રેહનુંમાં નુરૂલ્લા તથા બી.એસસી. સેમ.૫ માં ૮.૬૪ SGPA સાથે ચૌધરી સજેદાફાતીમાં કલ્બિઅબ્બાસ તેમજ PGDMLT સેમ. ૧ માં ૮.૮૫ SGPA સાથે ખાન રશ્મીન ઈબ્રાહીમે કોલેજમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કેરેલ છે. તેમનું નોંધપાત્ર શૈક્ષણિક પ્રદર્શન તેમના સમર્પણ, સખત મહેનત અને શ્રેષ્ઠતા પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. આ સિદ્ધિ વિદ્યાર્થીઓના અને તેમના પરિવાર માટે સન્માન સાથે સદર સંસ્થાનું ગૌરવ પણ વધાર્યું છે. કોલેજના આચાર્ય ડૉ.પૂનમ બી.ચૌહાણ તેમજ મેનેજમેન્ટ, સ્ટાફ અને વિદ્યાર્થીઓ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને આ પ્રશંસનીય સફળતા માટે હૃદયપૂર્વક અભિનંદન આપ્યા અને તેમના ઉજ્જવળ અને સમૃદ્ધ ભવિષ્યની શુભેચ્છા પાઠવી હતી.

## વર્તમાન પ્રવાહ
## તંત્રી લેખ

# દિલ્હી સ્ટેટના સ્થાનિક રાજકારણમાં ભાજપ અને કોંગ્રેસ ફરીથી હાંસિયામાં ધકેલાઈ જવાનું વિશ્લેષકોનું અનુમાન

શુક્રવારે દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે કેજરીવાલ અને મનિષ સિસોદીયાને નિર્દોષ ઠરાવીને સીબીઆઈની ઝાટકણી કાઢી, તે પછી સ્વાભાવિક રીતે જ 'આપ'ના નેતાઓ ગેલમાં છે, કાર્યકરો જોશમાં છે અને ભાજપના નેતાઓ બેકફૂટ પર જણાય છે. જો કે, કેજરીવાલે પ્રથમ જ પ્રત્યાઘાતમાં ભાજપની સાથે સાથે કોંગ્રેસની પણ ટીકા કરતા એ સ્પષ્ટ થઈ ગયું છે કે આમઆદમી પાર્ટી કોંગ્રેસ કે ઈન્ડિયા ગઠબંધન સાથે જોડાવાના બદલે હવે બેવડા જોરથી એકલા હાથે ચૂંટણીઓ લડવાની નીતિ અપનાવશે. 'આપ' દેશભરમાં 'છુટકારા'ની ઉજવણી કરી રહ્યું છે, તો જામનગરમાં પણ આમ આ દમી પાર્ટીએ કિસાન બચાવ યાત્રા આજે કાઢી છે.

ભાજપના નેતાઓએ હજુ 'આપ'ના પાપ ધોવાયા નથી અને બીજા ઘણાં કેસો બાકી છે, તથા સીબીઆઈએ અપીલ કરી હોવાથી હાઈકોર્ટના નિર્ણયની રાહ જોવી જોઈએ, તેવા પ્રત્યાઘાતો આપ્યા, તો અન્ના હજારે એ ન્યાયતંત્રના ફેંસલાને માથે ચડાવવાની વાત કરી છે, તો બીજી તરફ કેજરીવાલે 'કોંગ્રેસને શરમ ન આવતી?' તેવા શબ્દપ્રયોગો કરવા પડ્યા, તેની પાછળનું ઘેરું રહસ્ય પણ ચર્ચાના ચાકડે ચડ્યું છે. હકીકતે કેજરીવાલ અને મનિષ સિસોદીયા નિર્દોષ છૂટયા પછી કોંગ્રેસના પ્રવક્તાએ આને ભાજપની ઊંડી ચાલ ગણાવી હતી અને કોંગ્રેસ મૂક્ત ભારતની નીતિ ધરાવતા ભાજપે 'આપ'ને આગળ કરીને કોંગ્રેસને નુકસાન પહોંચાડવાનું ષડ્યંત્ર રચ્યું હોવાનો અંદેશો પણ વ્યક્ત કર્યો હતો. તે ઉપરાંત કેજરીવાલ અને સિસોદીયાએ નીચલી અદાલતે નિર્દોષ ઠરાવ્યા પછી હજુ હાઈકોર્ટ અને તે પછી સુપ્રિમ કોર્ટ સુધી કાનૂની લડત ચાલવાની છે, તેથી આમ આદમી પાર્ટીએ બહુ હરખાવા જેવું નથી, તેવા નિવેદનો પણ આવ્યા હતા, તેથી વિવિધ અટકળો વહેતી થઈ હતી.

વાસ્તવમાં પંજાબમાં અત્યારે 'આપ'ની સરકાર છે, અને ત્યાં ભાજપનું પહેલેથી જ બહુ વર્ચસ્વ નથી, અને તેની સાથે દાયકાઓ સુધી ગઠબંધનમાં રહેનાર અકાલી દળ પણ નબળુ પડી ગયું હોવાનું મનાય છે. આ કારણે આગામી ચૂંટણીમાં પંજાબ વિધાનસભામાં કોંગ્રેસને બહુમતી મળે, તેવા સંજોગો હોવાથી કોંગ્રેસ આમ આદમી પાર્ટી સાથે ગઠબંધન કરે, તેમ જણાતુ નથી. બીજી તરફ ગુજરાતમાં તાજેતરના કોઈ સર્વેક્ષણમાં પણ ભાજપના વળતા પાણી થાય કે ભાજપની સત્તા ચાલી જાય, તેવી સંભાવનાઓ ઊભી થાય કે ન થાય, તો પણ ગુજરાતમાં આમ આદમી પાર્ટીની વધતી જતી લોકપ્રિયતાના કારણે વિધાનસભાની આગામી ચૂંટણીમાં કોંગ્રેસને પાછળ છોડીને આમ આદમી પાર્ટી મુખ્ય વિપક્ષ બની શકે તેમ હોવાના તારણો નીકળ્યા હોવાની વાતો વહેતી થઈ હતી. હવે જ્યારે કેજરીવાલ અને મનિષ સિસોદીયાને નીચલી અદાલતે નિર્દોષ છોડ્યા પછી સ્વાભાવિક રીતે જ આમ આદમી પાર્ટીની લોકપ્રિયતા પહેલા કરતા વધી શકે છે, અને પંજાબ તથા ગુજરાતમાં આમ આદમી પાર્ટીને ફાયદો થઈ શકે તેમ છે, આ કારણે જ કોંગ્રેસ એવી આશંકા રાખી રહી હશે કે ભાજપે જ આમ આદમી પાર્ટીને ઉત્તેજન આપવા સીબીઆઈ દ્વારા નબળા પૂરવા રજૂ કરીને કેજરીવાલ એન્ડ કું. ને નિર્દોષ છોડાવ્યા હશે. જો કે, આવું થાય, તે સરળતાથી ગળે ઉતરે તેવું નથી, પરંતુ એવરીથિંગ ઈઝ પોસિબલ ઈન વોર એન્ડ પોલિટિક્સ!

ગઈકાલથી જ ભાજપ અને 'આપ' તથા કોંગ્રેસના નેતાઓના નિવેદનોની ભરમાર વચ્ચે સીબીઆઈએ રાઉઝ એવન્યૂ કોર્ટના ફેંસલા સામે હાઈકોર્ટમાં અપીલ કરવાની પ્રક્રિયા આદરી દીધી હતી અને 'આપ'ના નેતાઓની આ ખુશી અલ્પજીવી નિવડશે અને નીચલી અદાલતે નજરઅંદાજ કરેલા તથ્યો, પૂરાવાઓ તથા નાશ કરી દેવાયેલા પૂરાવાઓને લક્ષ્યમાં લઈને હાઈકોર્ટે યોગ્ય નિર્ણય લેશે, ત્યારે દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જશે, તેવા દાવાઓ થઈ રહ્યા હતા. અને કેજરીવાલના વકીલે પણ આ ફેંસલો કેજરીવાલ સરકારની શરાબનીતિની યથાર્થતા અંગે હતો, તથા અપીલ કરવાનો સૌનેઅધિકાર છે, તેવું કહ્યા પછી હવે દડો હાઈકોર્ટના મેદાનમાં પડવાનો છે, તે નક્કી છે.

જો કે, હાઈકોર્ટે પણ જો રાઉઝ એવન્યુ કોર્ટનો જ ફેંસલો બહાલ રાખ્યો અને સીબીઆઈ સામે જ સવાલો ઉઠ્યા તો ભાજપ સરકાર અને તેના તંત્રવાહકોની કેવી હાલત થશે? તેની રાજકીય અસરો કેટલી પડશે અને તેનો રાજકીય ફાયદો 'આપ' ને કેટલો થશે? તે તો ઓપન સિક્રેટ જ છે. તેનાથી વિપરીત જો હાઈ કોર્ટે રાઉઝ એવન્યુ કોર્ટનો ફેંસલો પલટાવ્યો, અને ફરીથી કેજરીવાલ અને મનિષ સિસોદીયા સહિતના આ કેસના આરોપીઓને દોષિત ઠરાવ્યા કે કેસ ફરીથી ચલાવવા નીચલી અદાલતને આદેશ આપ્યો, તો 'આપ' ના નેતાઓ માટે આ ખુશી ટૂંકા ગાળાની રહેશે. જો કે, તેવું થવાની સંભાવના ઓછી ગણાવાઈ રહી છે. સામાન્ય રીતે અપીલ થયા પછી ઉપલી અદાલત આખો કેસ ફરીથી ચલાવતી હોતી નથી કે નવા પૂરાવા લેવાતા નથી, પરંતુ જો નીચલી અદાલતે કોઈ મહત્ત્વપૂર્ણ પૂરાવા કે તથ્યો ધ્યાને લીધા જ ન હોય, તો તેના પર સુનાવણી થઈ શકે છે. જોઈએ, હવે શું થાય છે તે.

ભારતીય જનતા પક્ષ માટે રાઉઝ એવન્યુ કોર્ટનો ચૂકાદો એટલા માટે ઝટકા સમાન છે કે કેજરીવાલ અને તેના અન્ય નેતાઓની લોકપ્રિયતા શરાબ કૌભાંડ, મની લોન્ડ્રીંગ કેસ, શિશમહેલ તથા અન્યકથિત કૌભાંડોના કારણે ઘટી હતી, અને હવે જો તેને ક્લિનચીટ મળે, તો દિલ્હી સ્ટેટના સ્થાનિક રાજકારણમાં ભાજપ અને કોંગ્રેસ ફરીથી હાંસિયામાં ધકેલાઈ શકે તેમ હોવાનું ઘણાં વિશ્લેષકો માને છે.

ગઈકાલે ભાજપને અકળાવે તેવા એક બીજા સમાચાર પણ આવ્યા હતા. પૂર્વ ઉપ રાષ્ટ્રપતિ જગદીશ ધનખડ ફરીથી પ્રગટ થયા અને કહ્યું કે તેમણે ક્યારેય એવું કહ્યું જ નથી કે તેઓ બીમાર હતા. તેમણે એક કાર્યક્રમમાં સંબોધન દરમ્યાન કહ્યું કે તેમણે ઉપ રાષ્ટ્રપતિ પદેથી રાજીનામું સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવા માટે આપ્યું હતું. આ નિવેદન પછી તેઓના રાજીનામા પાછળના કારણો અંગે થતી અટકળોનો તો અંત આવ્યો, પરંતુ આ કાર્યક્રમ માટે કરેલા પ્રવાસ દરમ્યાન કોંગ્રેસના પૂર્વ સાંસદ રામસિંહ કસવાની મુલાકાત લેતા ક્યાંક તેઓ કોંગ્રેસ તરફ ઢળી રહ્યા તો નથી ને? તેવા સવાલો ઉઠવા લાગ્યા હતા, તો કોઈએ ધનખડ 'યોગ્ય' સમયે ખેલ નાખશે, તેવી અટકળો કરતા સંકેતો આપ્યા હતા કે, જસ્ટ વેઈટ એન્ડ વોચ...

# મહિલાઓએ ધૂળેટી રમવાથી દૂર રહેવું હિતાવહ છે

**હો**ળીના બીજા દિવસને ધૂળેટી તરીકે ઉજવવામાં આવે છે. ધૂળેટીના દિવસે લોકો એકબીજા ઉપર રંગ, કેસૂડો તથા અબીલ કે ગુલાલ છાંટીને ભારે ધૂમધામ કરે છે. અગાઉના જમાનામાં લોકો માત્ર કેસૂડાનો રંગ એકબીજા





આલેખન
યોગેશભાઈ આર. જોશી
હાલોલ: ૩૮૯૩૫૦, જિ. પંચમહાલ
સીનીયર સીટીઝન તથા કવિ/લેખક

ઉપર છાંટીને ધૂળેટી રમતાં હતાં. જ્યારે આજે ધૂળેટીનું સ્થાન સિન્થેટીક તેમજ ઓઈલ પેન્ટ કલરે લઈ લીધું છે. આના કારણે ન કેવળ દિવસો સુધી કલર જતો નથી, પરંતુ એની આડઅસરો બહોળા પ્રમાણમાં જોવા મળે છે. આવા રંગો કોઈની આંખમાં કે કાનમાં જતા રહે તો આંખ ગુમાવવાનો કે શ્રવણશક્તિ હણાઈ જવાનો ખતરો રહે છે.

ઘણાંને ચામડીના રોગો જેવા કે ખસ, ખુજલી, ખંજવાળ કે ચાંદાં પડવાની સમસ્યાઓ પણ ઉભી થાય છે. માટે દરેક વ્યક્તિએ આવાં હાનિકારક તથા રસાયણયુકત રંગોથી ધૂળેટી રમવાનું ટાળવું જોઈએ. ધૂળેટી રમવાના બહાને ઘણાં વિકૃત માનસ ધરાવતા તત્ત્વો મહિલાઓનાં અંગ ઉપાંગ સાથે છેડછાડ કરવાની કુચેષ્ટા કરે છે, આ કારણે મહિલાઓએ ધૂળેટી રમવાથી દૂર રહેવું હિતાવહ છે.

ધૂળેટીના દિવસે ઘણાં લોકો ભાંગનું સેવન કરે છે તો ઘણાં લોકો મદિરાપાન કરતાં જણાય છે અને છાકટા બની સડકો ઉપર બેફામ રીતે રખડ્યા કરે છે. આમ જે પર્વ સાદાઈથી ઉજવવું જોઈએ એની જગ્યાએ બિભત્સતા ધારણ કરી લે છે. આમ સામાજિક તહેવાર એક પ્રકારનું દૂષણ બની જાય છે.

# અગ્નિના અમૂલ્ય ગુણો જીવનમાં વણાઈ જાય તો જીવન પ્રભુને ગમતું થઈ જાય!!

## પ્રાસંગિક
**- કિશોર મહેતા (વડોદરા)**

**હો**ળીનો ઉત્સવ જરૂર આનંદ અને હર્ષોલ્લાસથી થોડાં ગાંડાઘેલા થઈ નાચવા કૂદવાનો અને ભાવથી એકબીજાને ભેટીને દિલનો રાજીપો વ્યક્ત કરવાનો દિવસછે... હા.. ભોગવાદી ઘમંડી અને નિરીશ્વરવાદી વિચારો ઉપર ઈશ્વર પ્રેમનો મહિમા અને તેને માટે કૃતજ્ઞતા સમાજમાં સ્થિર કરવા સંગઠિત થયેલી યુવા શક્તિના પ્રચંડ વિજયનો એ દિવસ છે. પ્રભુ કાર્ય માટે સંગઠિત થઈને અને પોતાને વ્યક્તિગત મત કે અહંકાર ભૂલીને દૈવી કાર્ય માટે ટોચની સંઘનિષ્ઠાથી દોડનારી યુવા શક્તિનો મહિમા ગાવાનો, આ ખરેખર તો સાંસ્કૃતિક ઉત્સવ છે. ઈશ કૃપાનો મહિમા ગાવાનો દિવસ છે.

સાંજે હોલી પ્રગટાવ્યા બાદ બહેનો કેટલા ભાવથી હોલીની આજુબાજુ પ્રદક્ષિણા કરે છે. તેમાં તેઓ અગ્નિદેવનું પૂજન કરે છે. અગ્નિ એ પ્રભુનું મુખ ગણાય છે. અગ્નિદેવની પ્રદક્ષિણાનો અર્થ અગ્નિદેવના ગુણો જીવનમાં વણી લેવાનો અને જીવનભર એ ગુણો જાળવી રાખવાનો દ્રઢ સંકલ્પ તેમાં લેવાય તે જરૂરી છે. ગાંધીજીના ખૂબ અભ્યાસુ અને આધ્યાત્મિક સમજણવાળા મહાજ્ઞાની એવા શ્રી કિશોરલાલ મશરૂવાળાએ લખ્યું છે કે, જો ઉપાસકમાં ઉપાસ્ય દેવના (અહિ અગ્નિ ગણાય) ગુણો જીવનમાં ન ઉતરે તો એ ઉપાસનાનો કોઈ અર્થ નથી. અગ્નિમાં તેજસ્વિતા, ઉર્ધ્વજલન, દુર્ધર્ષ વૃત્તિ, સ્વાહા શક્તિ, મલ વિનાશકતા અને શીત નિવારકતા જેવા અનેક ગુણો છે. અગ્નિ જીવનમાં તેજસ્વિતા રાખવાનું શીખવે છે. આજે ચારે બાજુ સર્વત્ર ભોગ, ભૂખ અને(ભક્તિમાં પણ) લાચારી ફૂલી ફાલેલી છે, તે જોઈને બુદ્ધિનિષ્ઠ માણસોનું અંતર કકળી ઊઠે!! શાસ્ત્રો કહે છે જે માનવ દેહધારી ખોળિયામાં સાક્ષાત વિશ્વંભર આવીને રહ્યો છે. તેને દીન, હીન, બાપડો કે 'ગરીબ છે બિચારો' એવું કહીને કાંઈ આપવાનો કે ખવડાવવાનો તમને શો અધિકાર છે? મનુસ્મૃતિ પૂછે છે!! ખરી રીત એ છે કે 'માણસોની આંખમાં વિચારોનું તેજ પૂરો એટલે કે વિચાર આપો. તેનામાં તેજસ્વિતા નિર્માણ નિર્માણ કરો. કહો કે આપણે બંને આપણા બંનેનું લોહી બનાવનાર એક પ્રભુના દીકરા તરીકે કે દિવ્ય બંધુ છીએ... ભાઈ છીએ.. આવું કહીને.. ભાઈ બનાવીને ભાવથી, ગુપ્ત રીતે આપો. અગ્નિ દુર્ધર્ષ બનવાનું શીખવે છે. એટલે કે બીજાના ખોટા પ્રભાવથી અંજાઈ ન જવાનું એટલે કે દબાઈ ન જવાનું શીખવે છે. ઘણાં માણસો સત્તા અને સંપત્તિથી દબાઈ જતાં કે લલચાતાં હોય છે. અગ્નિની પાસે જ 'સ્વાહા શક્તિ' છે તે આપણી અંદરની ક્ષુદ્રતા, લાચારી હરી લે છે. પ્રભુનો પ્રભાવ (આશ્રય) છોડીને બીજાનો આશ્રય સ્વીકારવો તે લાચારી છે. પ્રભુ ઉપરનો પૂર્ણવિશ્વાસ ગુમાવવો તે મહા અપરાધ નહિ પાપ છે. મનની દૈન્યતા, દુર્બળતા, અસંતોષ ન હોવો જોઈએ. બકાસુરની જેમ પ્રભુ આશ્રય અને પ્રભુ કાર્ય છોડીને પૈસો, કીર્તિ, સત્તા અને ભોગોમાટે રઝળતાં રહેવું આમાં ઈશ વિશ્વાસનો અભાવ છે. બકાસુરનું પણ કદી પેટ તો ભરાતું નહતું. અગ્નિમાં આપણા મલ જેવા દોષોનું નિવારણ કરવાની પ્રચંડ શક્તિ છે. આપણા મનના દોષો ઉપર થોડો વિચાર કરવા જેવો છે. આ દોષો કાઢવા માટે નિયમિત રીતે, વ્રત તરીકે ભગવાનની વાણી એવી ગીતા, ઉપનિષદના વિચારોનું ભાવપૂર્વક માત્ર શ્રવણ જ નહિ પણ ચિંતન મનન અને તે દ્વારા જીવનમાં વણી લેવાનો પ્રામાણિક પ્રયત્ન કરાય તો જરૂર અંદર દિલમાંથી શક્તિ ફૂટે છે પ્રભુ આપણને અંદરથી બદલાવે છે.

પૂ. રવિશંકર મહારાજ કહેતાં કે ઠાલુ સાંભળશો અને વાગોળશો નહિ.. જીવનમાં લાવશો નહિ તો શા કામનું? 'ઢોર પણ ખાધેલું બધું જ વાગોળે છે તો તેને લોહી ચઢે છે.' મહાપુરુષોના જીવન અને વિચારોના પ્રકાશમાં... આપણે આપણી અંદરની મનની ક્ષુદ્રતા, લાચારી, પ્રભુ પરના દ્રઢ વિશ્વાસનો અભાવ જાણી શકીએ છીએ. જે આપણને પ્રભુથી દૂર લઈ જાય છે. જેના લીધે જીવનમાં આપણી અંદર અસંતોષ, દ્વિધા, ઈર્ષ્યા, લાચારી, સુખ, વૈભવ શોધવા માટેની વ્યર્થ રઝળપાટ જીવનભર ચાલતી રહે છે અને લેભાગું, ઠગ અને અધકચરા લોકો, માણસની લાચારીનો સંપૂર્ણ ગેરલાભ જોષી, ગોર જેવા લોકો ઉઠાવતા રહે છે.'ઈશ્વર ઉપરનો દ્રઢ વિશ્વાસ અને પ્રભુ મારું ક્યારેય અહિત કરશે નહિ', એવી પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસના અભાવે માણસ શૂકન અપશૂકન, બાધા, આખડી, દાણા જોવડાવવા, મરચાનો ધૂમાડો કરવાનો કે ચોઘડિયું જોઈને જ કામ કરવાના, શનિવારે દાઢી ન કરવી, બુધવારે બેટીને ન વળાવવી, બિલાડી રસ્તામાં આડી આવે તો ભારે અપશૂકન ગણવા, કમૂરતામાં સારા કામ ન કરવા, હોળી અગાઉના સાત દિવસ કોઈ મોટા કામ કે પ્રવાસ ન કરવા, એટલે કે હોળીની સામે ઝાળે કોઈ જ કામ ન કરવા, ચૌદશ અમાસે મુસાફરી ન કરવી, જેવા હજી બીજા પચાસ જેટલા ઉદાહરણો ગણાવી શકાય છે. જે વહેમી, નબળા મનના કારણે, કૃપાસાગર ઈશ્વર ઉપરનો વિશ્વાસ અને શ્રદ્ધા ગુમાવી બેઠેલા લોકોમાં જોવા મળે છે. ઢીલા અને પોચટ મનમાંથી જાગેલા શંકાશીલ મગજની જ આ નીપજ ગણાય. કમનસીબે આજના યુગમાં તો જે વધારે ભણેલા હોય તે વધારે ભયભીત અને ભારે અંધશ્રદ્ધાળુ છે. જીવનમાં ઈશ્વર કૃપાની દ્રઢ શ્રદ્ધા અને વિશ્વાસ ગુમાવ્યા પછી માણસ કેવો ભયભીત અને શંકાશીલ બની જાય છે! તે અહિ જણાઈ આવે છે.

આનું કારણ આપણે તપાસવું જ જોઈએ. વાત એવી છે કે, માણસે શક્તિશાળી વિચારોનો સંગ કદી છોડવો જોઈતો ન હતો. બન્યું એવું કે વચમાંના કાળમાં, દુર્ભાગ્યવસાત ભગવાનની વાણી સમી ગીતા ઉપનિષદના વિચારોનું શ્રવણ, ચિંતન સમૂળગું છોડી દીધું અનેપુરાણોની કથા વાર્તા સાંભળીને સંતોષ લેતા થયા. તે કાળમાં જનોઈ ન લેનારા (વ્રતનિષ્ઠ બનેલા લોકો) વેદવિદ્યાના અધિકારથી વંચિત રહ્યા. તેમને માટે તો પુરાણો રચાયા !!! પુરાણોની પાંગળી અને કાલ્પનિક વાર્તાઓના શ્રવણથી માણસોના વિચારો જ્ઞાન, ભક્તિ પાંગળા બન્યા (તત્ત્વજ્ઞાન માસિક વર્ષ ૨૫ પુષ્પ ૫). આનું પરિણામ જીવન ઉપર થયું. જીવન દ્રષ્ટિ, વિચારો અને બુદ્ધિ પાંગળાથયા. અહિ જીવન પરિવર્તનની શક્તિ જે સાચી વૈદિક ભક્તિમાં રહેલી છે તે ભક્તિનું સ્થાન ભોગ, ભૂખ અને સ્વાર્થથી ભરેલી આશાળભૂત ભક્તિએ લીધું. માણસનું પાંગળાપણું કેવળ વૈદિક શાસ્ત્ર શુદ્ધ ભક્તિ જ દૂર કરી શકે. આજના યુગમાં જે ભ્રાંત ભક્તિ જ સર્વત્ર જોવા મળે છે. તેમાં એક એવો ખોટો વિચાર આવી ગયો છે કે ભગવાનનું વર્ણન... પ્રશંસા કરવાથી ભગવાન ખુશ થશે અને મને બધું આપશે. પણ ભગવદ્ ભક્તિ જો યોગ્ય રીતે કરવામાં આવે તો જ આપણી માનસિક શક્તિ વધે. ભગવાનનો પ્રેમ ઓળખી તેને ગમતું કામ કરવાથી ચિત્તશુદ્ધિ થશે અને મન શક્તિશાળી, પ્રગમનશીલ અને લચીલું બને છે. તે વાત જ ભુલાઈ ગઈ છે ગીતા, ઉપનિષદના વિચારોના શ્રવણથી જ અને જીવનમાં ઉતારવાથી જ જીવનના બધા કોયડાઓ ઉકેલાશે, એવું દ્રઢપણે માનનારો બુદ્ધિનિષ્ઠ વર્ગ દિન પ્રતિદિન વધતો જ જાય છે, એ એક શુભ નિશાની છે. આપણી સંસ્કૃતિ કહે છે અને હકીકત પણ એ છે કે, પ્રત્યેક દિવસ શુભ અને મંગળ છે. સૂર્યોદય આકાશમાં થાય તો દૈવી ઈશ્વરનિષ્ઠ વિચારોનો સૂર્યોદય તે જ ક્ષણે મારામાં થવો જ જોઈએ એ કેમ ભૂલું? ચૌદસ, અમાસને અશુભ ગણવા તેના જેવી મૂર્ખાઈ બીજી કઈ હોઈ શકે? જૂના એક પ્રવચનમાં વાંચેલો વિચાર સાધારણ સ્મૃતિમાં છે કે, અમાસના દિવસે તો બે ભાઈઓ સૂર્ય અને ચંદ્રના મંગલ મિલનનો દિવસ છે. તે મંગળ દિવસો અશુભ હોય જ કેમ શકે? ન હોય. ગ્રહો પણ ભગવાનના ઉજડ (ડી.એસ.પી.) જેવા છે. તે કોઈને હેરાન કેવી રીતે કરે? હાં.. પ્રભુ પરના વિશ્વાસ અને શ્રદ્ધા ગુમાવીને ચાલનારા કે અવળું સવળું વર્તન કરનાર પાસે કદાચ શનિ ડી.એસ.પી. પહોંચતા હોય તો ખબર નથી!! જેણે પ્રભુનો પ્રેમ મેળવ્યો હોય તેને ગ્રહો શું કરવાના હતા? જૂના પ્રવચનો વારંવાર વાંચીએ છીએ ત્યારે રત્નકણ સમી અનેક વાતો આપણા મન બુદ્ધિમાં પ્રકાશ પાથરે છે. હમણાં થોડા દિવસ અગાઉના એક પ્રવચનમાં વાંચવા મળ્યું કે... હકીકતમાં બધા જ દહાડા સારાં છે, એનું કારણ પ્રત્યેક દિવસની શરૂઆત સૂર્યોદયથી થાય છે. પરંતુ હોળાષ્ટકમાં અમાસના દિવસે કોઈ પ્રવાસે જાય તો તે નાસ્તિક ગણાય છે. (તત્ત્વજ્ઞાન માસિક વર્ષ ૫૯ પુષ્પ ૬). વર્ષો અગાઉ મારે એટલે કે પૂજ્ય દાદાજીને બહાર ગામડે જવાનું હતું. તે વાત જાણીને એક ભાઈ કહે કે : જુઓ તે દિવસે તો અમાસ છે તો તમે નીકળશો ખરાં કે ? પૂજ્ય દાદાજી કહે: ભગવાનને નમસ્કાર કરીને હું નીકળીશ. પેલા ભાઈ ત્યારે કાંઈ બોલ્યા નહિ પણ તેમને ધક્કો આંચકો તો જરૂર લાગ્યો હશે!! અસ્તુ. આપણાં શાણાં પૂર્વજોને આગાહી હશે કે, ભવિષ્યમાં લોકોની ઈશ્વર નિષ્ઠા અને વિશ્વાસ ઢીલાં થશે. તેથી તેમણે ચાતુર્માસની ચારેય અમાસને મંગળ બનાવી મૂકી. અષાઢ માસમાં દિવાસો, શ્રાવણમાં પવિત્ર માતૃદિન, ભાદરવામાં પિતૃ તર્પણની અમાસ અને આસો માસમાં જીવનમાં પ્રકાશ વેરતી દિવાળી આવે. અમાસની મંગલતાની કેવી સૂચક નિશાની!!

હોળી ફાગણ સુદ પૂનમે આવે છે. રૂઢીચુસ્ત અને શંકાશીલ દિલના લોકો તો હોળીના સાત દિવસથી 'હોળીની સામી ઝાળ' શરૂ થવાનું માની, કોઈ મોટું નાનું મંગલ કાર્ય શરૂ કરતા નથી. પણ મહાન ક્રિયાશીલ તત્ત્વજ્ઞાની અને સર્વ શાસ્ત્રોના જ્ઞાતા એવા પ્રાત: સ્મરણીય પૂજ્ય દાદાજીએ તીર્થરાજ મિલનનો કાર્યક્રમ ૧૯૮૬માં માર્ચ માર્ચની ૨૧, ૨૨, ૨૩ના રોજ ખૂબ પ્રભાવી રીતે ઉજવાયો. તે વખતે બે દિવસ પછી, તારીખ ૨૫મીએ હોળી હતી. આમ, હોળીની સામી ઝાળે આ કાર્યક્રમ થયો. જેમાં પૂજ્ય દાદાજીના જાણે વિશ્વરૂપ દર્શનની વિશ્વને ઝાંખી થઈ. સાચા કુંભ મેળાની જ એમાં પવિત્ર ઝાંખી થઈ ગઈ હતી. ખરેખર, હોળીની સામી ઝાળ જેવું કાંઈ અશુભ કરનારું હોતું નથી. ક્રિયાશીલ તત્ત્વચિંતક પૂજ્ય દાદાજીના કાર્યમાં તેમણે અને પૂજ્ય દીદીજીએ કરેલી અનેક ક્રાંતિઓમાં તો વિષ્ણુ સહસ્ર નામનું પાવિત્ર્ય માણી શકાય છે. કોટી કોટી પ્રણામ પૂજ્ય દાદાજીને અને પૂજનીય દીદીજીને! અસ્તુ.

# એકસૂત્રમાં બાંધતું પર્વ હોળી



## હોળી
આલેખન:
વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી તા. શહેરા, જિ. પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

**પ્ર**ત્યેક દેશના પોતાના સામાજીક ધાર્મિક અને રાષ્ટ્રીય પર્વ હોય છે. કોઈપણ દેશના પર્વ તે દેશની સંસ્કૃતિ એકતા ભાઈચારો પરંપરા અને આપસી ભેદભાવ દૂર કરી એકસૂત્રમાં પરોવવાનું પ્રતિક હોય છે. સામાજીક અથવા ધાર્મિક તહેવારોનું પોતાનું અલગ મહત્ત્વ તથા સ્થાન હોય છે. આ તહેવાર માનવીની ધાર્મિક વિચારધારાઓને પુષ્ટ કરે છે સાથે સાથે સમાજના તમામ વર્ગોમાં પારસ્પરીક પ્રેમ એકતા સ્થાપિત કરે છે. પ્રત્યેક પર્વનો સબંધ ભૂતકાળની કોઈ મહત્ત્વપૂર્ણ ઘટના અથવા ઘટનાઓ સાથે જોડાયેલ હોય છે. આ તહેવાર ભૂતકાળની ઘટનાઓ પ્રત્યે નવચેતના જગાવીને ઉલ્લાસ ઉમંગ ભરીને ગૌરવશાળી ભૂતકાળને પુન:જીવિત કરે છે અને અમોને અમારી મહાન ગૌરવશાળી સંસ્કૃતિથી જોડી રાખે છે.

હોળીએ યૌવન મસ્તી ઉમંગ અને અંદરોઅંદરના ભેદભાવ(દુશ્મની) ભૂલીને એકસૂત્રમાં બાંધવાનું પર્વ છે. પ્રાચીનકાળથી હોળીને એક લોકપર્વના રૂપમાં મનાવવામાં આવે છે. હોળીનું પર્વ ભારતીય સંસ્કૃતિ અને પ્રકૃતિ બંન્ને સાથે જોડાયેલું છે. હોળીના પર્વ સંબંધિત પૌરાણિક કથા પણ ખુબ જ પ્રસિદ્ધ છે. રાજા હિરણ્યકશ્યપુ અને તેમની પત્ની કયાધૂથી ભગવદ રત્ન પ્રહ્લાદનો જન્મ થયો હતો. હિરણ્યકશ્યપને ચાર પુત્ર હતા તેમાં પ્રહ્લાદ સૌથી નાના હતા એટલે તેમના પ્રત્યે પિતાને વિશેષ સ્નેહ હતો. પિતા કટ્ટર નાસ્તિક તો પુત્ર પ્રહલાદ કટ્ટર આસ્તિક, ઈશ્વર ભક્ત હતા. હિરણ્યકશ્યપ રાક્ષસ હતો તેને તમામ જગ્યાએ હિરણ્ય એટલે સોનું જ દેખાતું હતું, તેને ત્રણ જ વસ્તુ દેખાતી હતી પૈસો, સ્ત્રી અને દારૂ. તે જીવનમાં ભોગને જ સર્વસ્વ સમજતો હતો. તેનામાં ખાવો પીવો અને મોજ કરો એવી મનોવૃત્તિ હતી, તે પોતાને જ ઈશ્વર સમજતો હતો અને પોતાના રાજયમાં તમામ લોકો તેની જ ઈશ્વર સમજીને પૂજા કરે તેવો તેનો આદેશ હતો. કાદવમાં કમળ ખીલે તેમ આ રાક્ષસને ત્યાં રાત દિવસ પ્રભુનું નામ સ્મરણ કરે તેવો પુત્ર જન્મ્યો હતો. વિચારોમાં જમીન આસમાનના ફરકના કારણે પિતા પુત્ર વચ્ચે એકતા સ્થાપિત થઈ શકી નહિ.

'હિરણ્યકશ્યપ જેવા રાક્ષસના ઘેર પ્રહલાદ્ જેવા પરમ ભક્તનો જન્મ કેમ થયો?' એકવાર બ્રહ્માજીના માનસ પુત્ર સનકાદિક કે જેમની અવસ્થા સદાય પાંચ વર્ષના બાળક જેવી જ રહે છે તેઓ વૈકુંઠ લોકમાં ગયા. તેઓ ભગવાન વિષ્ણુ પાસે જવા ઈચ્છતા હતા પરંતુ જય અને વિજય નામના દ્વારપાળોએ તેમને બાળક સમજીને અંદર જવા દીધા નહિ તેથી મહાત્માઓને ગુસ્સો આવી જાય છે કે અમારા માટે ભગવાનના દ્વાર ક્યારેય બંધ ના હોય, ક્રોધના આવેશમાં સનકાદિક ઋષિઓએ શ્રાપ આપ્યોકે તમારા લોકોની બુધ્ધિ તમોગુણથી અભિભૂત છે એટલે તમે બંને અસુર બની જશો. દ્વારપાળો દુ:ખી થઈ ગયા. ભગવાનને ખબર પડી એટલે બહાર આવ્યા. મહાત્માઓને સમજાવ્યું કે દ્વારપાળોએ તમોને અટકાવ્યા એ તેમની ભૂલ હતી પરંતુ તમોએ એમને શ્રાપ આપ્યો એ બરાબર નથી કર્યું કેમ કે તેઓ તેમની ફરજ બજાવતા હતા, ગમે તેમ પણ તે ચોકીદાર છે માટે શ્રાપમાં કંઈક ફેરફાર કરો.

સંતોએ કહ્યું કે તેમને અસુર તો થવું જ પડશે પરંતુ અમે એક ફેરફાર કરીએ છીએ કે તે અસુર બન્યા પછી તમારી સાથે ભક્તિભાવ રાખશે તો તેમને સાત જન્મો પછી મુક્તિ મળશે અને તમારી સાથે વેર બાંધશે તો ત્રણ જન્મો પછી પુન: તેમને આ સ્થાનની પ્રાપ્તિ થશે. આટલું કહીને મહાત્માઓ જતા રહ્યા. આ દ્વારપાળોએ નિર્ણય કર્યો કે ભગવાનનું ભજન કરીએ તો સાત જન્મો પછી મુક્તિ મળશે તેના કરતાં ત્રણ જન્મો પછી મુક્તિ મળે તેવું કરીએ. ઋષિના શ્રાપવશ તે બંને દ્વારપાળો દિતિના ગર્ભથી હિરણ્યકશ્યપુ અને હિરણાક્ષના રૂપમાં ઉત્પન્ન થયા. હિરણાક્ષને ભગવાન વિષ્ણુએ વરાહ અવતાર ધારણ કરીને માર્યો. ભાઈના વધથી સંતપ્ત હિરણ્યકશ્યપુએ દૈત્યો અને દાનવોને દેવો ઉપર અત્યાચાર કરવા માટે આજ્ઞા આપી પોતે મહેન્દ્રાચલ પર્વત ઉપર તપ કરવા માટે ચાલ્યો ગયો. તેના હૃદયમાં વેરની આગ ધધક રહી હતી એટલે તે ભગવાન વિષ્ણુ સામે બદલો લેવા માટે ઘોર તપસ્યામાં જોડાઈ ગયો. આ બાજુ હિરણ્યકશ્યપુને તપસ્યામાં લીન જોઈને ઈન્દ્રએ દૈત્યો પર ચઢાઈ કરી દીધી. દૈત્યગણ અનાથ હોવાના કારણે ભાગીને રસાતલમાં ચાલ્યા ગયા. ઈન્દ્રએ રાજમહેલમાં પ્રવેશ કરીને રાજરાણી કયાધૂને બંદી બનાવી દીધાં. તે સમયે તે ગર્ભવતી હતાં. ઈન્દ્ર જ્યારે તેમને અમરાવતી તરફ લઈ જઈ રહ્યા હતા ત્યારે તેમની મુલાકાત દેવર્ષિ નારદજી સાથે થાય છે. નારદજીએ ઈન્દ્રને કહ્યું કે ઈન્દ્ર! આ કયાધૂને ક્યાં લઈ જાય છે? ઈન્દ્રએ કહ્યું કે દેવર્ષિ! તેના ગર્ભમાં હિરણ્યકશ્યપુનો અંશ છે તેથી તેને મારીને પછી કયાધૂને છોડી દઈશ. આ સાંભળીને નારદજીએ કહ્યું કે દેવરાજ! કયાધૂના ગર્ભમાં મહાન ભગવદ્ ભક્ત છે તેને મારવો તારી શક્તિની બહાર છે એટલે તું તેમને છોડી દે. નારદજીની વાત માનીને ઈન્દ્રએ કયાધૂને નારદજી પાસે જ છોડીને અમરાવતી ચાલ્યા ગયા. નારદજી કયાધૂને પોતાના આશ્રમમાં લઈ ગયા અને કયાધૂને કહ્યું કે બેટી ! જ્યાં સુધી તમારા પતિ તપસ્યા કરીને પરત ન આવે ત્યાં સુધી આપ સુખપૂર્વક મારા આશ્રમમાં રહો. અવારનવાર નારદજી ગર્ભસ્થ બાળકને લક્ષ્ય બનાવીને કયાધૂને તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપતા હતા. આ જ બાળકજન્મ બાદ પરમ ભાગવત પ્રહલાદ્ થયા. ત્યાંના સંસ્કારોની અસર પ્રહલાદ્ ઉપર પડી હતી. નારદજીના મુખેથી દૈવી વિચારો સાંભળી પ્રહલાદ્ જડવાદી રાક્ષસનો પુત્ર હોવા છતાં પણ ગર્ભવાસમાં દૈવી વિચારો સાંભળ્યા હોવાથી તે દૈવી વિચારનો મહાન તેજસ્વી પ્રભુ ભક્ત થયો.

હિરણ્યકશ્યપુએ પોતાના ગુરૂપુત્ર ષણ્ડ અને અમર્કને બોલાવ્યા અને પ્રહલાદ્ને શિક્ષણ આપવા માટે તેમને હવાલે કરી દીધા.

-(વધુ પાના નં.૫ પર)

# અમેરિકા-ઈઝરાયલના હુમલામાં ઈરાનના સુપ્રીમ લીડર આયતુલ્લા ખામેનેઈનું મોત

## ઈરાની મીડિયાએ કરી પુષ્ટિ, ઈરાનમાં ૪૦ દિવસના શોકની જાહેરાત : ટ્રમ્પે દાવો કર્યો કે ઈઝરાયલ સાથેના અત્યંત સચોટ અને આધુનિક ગુપ્તચર ઓપરેશનને કારણે ખામેનેઈ અને તેમની સાથેના અન્ય નેતાઓ બચી શક્યા નથી



(સંપૂર્ણ સમાચાર સેવા)

**તહેરાન, તા.૦૧**

મધ્ય પૂર્વના ઇતિહાસમાં અત્યાર સુધીનો સૌથી મોટો અને ભયાનક વળાંક આવ્યો છે. ઈરાન પર ઈઝરાયલ અને અમેરિકાના સંયુક્ત હવાઈ હુમલા બાદ હવે ઈરાની મીડિયા પ્રેસ ટીવીએ સત્તાવાર પુષ્ટિ કરી છે કે સર્વોચ્ચ નેતા આયતુલ્લાહ અલી ખામેનેઈ આ હુમલામાં માર્યા ગયા છે. ઈરાની સેના IRGC તરફથી પણ ખામેનેઈના નિધનની પુષ્ટિ કરી દેવામાં આવી છે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ સોશિયલ પર આ ઓપરેશનની સફળતાની જાહેરાત કરતા જણાવ્યું કે, "ઇતિહાસના સૌથી ક્રૂર વ્યક્તિઓમાંથી એક હવે નથી રહ્યો." ટ્રમ્પે દાવો કર્યો કે ઈઝરાયલ સાથેના અત્યંત સચોટ અને આધુનિક ગુપ્તચર ઓપરેશનને કારણે ખામેનેઈ અને તેમની સાથેના અન્ય નેતાઓ બચી શક્યા નથી. ટ્રમ્પે આને ઈરાની જનતા માટે સ્વતંત્રતાની સૌથી મોટી તક ગણાવી છે.

ઈરાની ન્યૂઝ ચેનલ પ્રેસ ટીવી (Press TV) એ પુષ્ટિ કરી છે કે સંયુક્ત હવાઈ હુમલામાં સર્વોચ્ચ નેતા ખામેનેઈ અને તેમના પરિવારના કેટલાક સભ્યોના મોત થયા છે. આ જાહેરાત બાદ ઈરાનમાં ૪૦ દિવસના જાહેર શોકની જાહેરાત કરવામાં આવી છે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ પણ સંકેત આપ્યા હતા કે ખામેનેઈનું આખું ઠેકાણું જમીનદોસ્ત કરી દેવામાં આવ્યું છે અને તેમનો મૃતદેહ નષ્ટ થયેલા મહેલમાંથી મળી આવ્યો છે.

ટ્રમ્પે દાવો કર્યો છે કે, ઈરાનની ક્રાંતિકારી ગાર્ડ્સ (IRGC), સેના અને પોલીસ હવે લડવા માંગતી નથી અને અમેરિકા પાસે માફી (Immunity) માંગી રહી છે. ટ્રમ્પે સૈનિકોને સંદેશ આપતા કહ્યું કે, "અત્યારે શરણાગતિ સ્વીકારશો તો માફી મળી શકે છે, પણ પછી માત્ર મોત જ મળશે." તેમણે આશા વ્યક્ત કરી કે ઈરાની સૈનિકો દેશભક્તો સાથે મળીને દેશને ફરીથી બેઠો કરવામાં મદદ કરશે.

પ્રમુખ ટ્રમ્પે સ્પષ્ટ ચેતવણી આપી છે કે મધ્ય પૂર્વમાં શાંતિ સ્થાપવા માટે વ્યુહાત્મક સ્થળો પર બોમ્બમારો આખું અઠવાડિયું અથવા જરૂર પડે ત્યાં સુધી ચાલુ રહેશે. માત્ર ખામેનેઈનું મોત પૂરતું નથી, પરંતુ ઈરાનની સૈન્ય શક્તિને સંપૂર્ણપણે નષ્ટ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે.

ઈરાનની સરકારી સમાચાર એજન્સીના જણાવ્યાનુસાર ઈસ્લામી ક્રાંતિના સર્વોચ્ચ નેતા અલી ખામેનેઈનું મોત શનિવારે સવારે થયેલા હુમલામાં થયું છે. આ સાથે જ ઈરાન દ્વારા એ વાતની પુષ્ટિ પણ કરવામાં આવી છે કે હુમલામાં ખામેનેઈની દીકરી, જમાઈ અને પૌત્રીનું પણ મોત થયું છે. એવું પણ જણાવવામાં આવ્યું હતું કે આ હુમલો નેતાના નિવાસસ્થાને આવેલા કાર્યસ્થળ પર થયો હતો જેમાં તેઓ શહીદ થયા છે.

ઈરાનમાં અલી ખામેનેઈના મૃત્યુ બાદ ૪૦ દિવસના સાર્વજનિક શોકની ઘોષણા કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમેરિકા અને ઈઝરાયલ એ સંયુક્ત રીતે ઈરાન પર હુમલો કર્યો હતો. જેમાં ઈરાનમાં ૩૦ જગ્યાઓએ હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા. ઈરાન તરફથી પણ જવાબી કાર્યવાહી કરવામાં આવી હતી અને કેટલાક દેશોમાં આવેલા અમેરિકી સૈન્ય ઠેકાણા પર હુમલા થયા હતા.

ઈરાનની સરકારી સમાચાર એજન્સી ફાર્સના જણાવ્યાનુસાર હુમલો થયો ત્યારે ખામેનેઈ તેના કાર્યસ્થળ પર હાજર હતા. જ્યાં તેઓ શહિદ થયા. ખામેનેઈના મોતની પુષ્ટિ કરતાં ઈરાન તરફથી સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે કે આવનારા દિવસોમાં રાષ્ટ્રના મહાન નેતાના નિધનનો બદલો લેવામાં આવશે. ખામેનેઈના નિધનથી તેમના માર્ગ પર ચાલવાનો સંકલ્પ વધારે મજબૂત થયો છે. ઈરાન તરફથી સ્પષ્ટ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે તે આ ઘટના માટે જવાબદાર લોકોને કઠોર દંડ આપશે. ઈરાન હવે વધુ આક્રમકતાથી જવાબ આપશે.

ઈરાનમાં મૃત્યુઆંક ૨૦૦ને વટાવી ગયો છે. ઈરાની મીડિયા અનુસાર, ઈઝરાયલ અને અમેરિકાના હુમલામાં ૨૦૧ લોકો માર્યા ગયા છે, જેમાં આશરે ૮૫ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. તેહરાન પરના હુમલા બાદ, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે. મધ્ય તેહરાનના યુનિવર્સિટી સ્ટ્રીટ અને જોમહુરી વિસ્તારોમાં અનેક મિસાઈલો પડી. રાજ્ય મીડિયાએ પુષ્ટિ આપી છે કે તેહરાનમાં ઓછામાં ઓછા ત્રણ વિસ્ફોટ સાંભળવામાં આવ્યા હતા. દરમિયાન, ઈરાને તેનું એરસ્પેસ ક્ષેત્ર બંધ કરી દીધું છે. દેશભરમાં મોબાઈલ ફોન સેવાઓ બંધ કરી દેવામાં આવી છે. ઈઝરાયલી હુમલા બાદ દક્ષિણ તેહરાનના એક વિસ્તારમાંથી ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો.

ઈઝરાયલ પરના હુમલા બાદ ઈઝરાયલમાં પરિસ્થિતિ તંગ બની ગઈ છે. ઈઝરાયલ સંરક્ષણ દળો (IDF) એ અહેવાલ આપ્યો છે કે, સમગ્ર દેશમાં સાયરન વગાડવામાં આવ્યા હતા.

વધુમાં, મોબાઈલ ફોન પર અગાઉથી ચેતવણીઓ મોકલવામાં આવી હતી, જેમાં લોકોને સલામત સ્થળોની નજીક રહેવાની વિનંતી કરવામાં આવી હતી. ઈઝરાયલ પણ તેના હવાઈ ક્ષેત્રને બંધ કરી રહ્યું હોવાના અહેવાલ છે.

ઈઝરાયલી સેનાએ જાહેરાત કરી કે દેશભરમાં શાળાઓ અને કોલેજો બંધ રહેશે, જાહેર મેળાવડા પર પ્રતિબંધ મૂકવામાં આવશે અને લોકોને ઘરેથી કામ કરવાની સલાહ આપવામાં આવી હતી.

ઈઝરાયલે ૨૦૦ ફાઈટર જેટનો ઉપયોગ કરીને હવાઈ હુમલો કર્યો. ઈઝરાયલી સૈન્યએ જણાવ્યું હતું કે, તેણે તેના ઇતિહાસમાં સૌથી મોટો હવાઈ હુમલો કર્યો છે.

આ કાર્યવાહીમાં આશરે ૨૦૦ ફાઈટર જેટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેમાં ૫૦૦ લક્ષ્યો પર હુમલો કરવામાં આવ્યો હતો.

જયશંકરે કતાર, બહેરીન, યુએઈ અને કુવૈતના વિદેશ મંત્રીઓ સાથે વાત કરી. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષ અંગે, ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે ઈરાન, યુએઈ, કુવૈત અને બહેરીનના વિદેશ મંત્રીઓ સાથે ફોન પર વાત કરી હતી.

# સ્પોર્ટ્સ ન્યૂઝ

### જમ્મુ-કાશ્મીર ક્રિકેટ ટીમે ઈતિહાસ રચ્યો

## જમ્મુ-કાશ્મીર ટીમે પહેલીવાર રણજી ટ્રોફીનો ખિતાબ જીત્યો

**રણજી ટ્રોફીની ફાઇનલ કર્ણાટકના હુબલીમાં રમાઈ હતી, જમ્મુ-કાશ્મીરે કર્ણાટકને હરાવીને ઇતિહાસ રચ્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**હુબલી, તા.૦૧ :** જમ્મુ-કાશ્મીર ક્રિકેટ ટીમે ઈતિહાસ રચ્યો છે. જમ્મુ-કાશ્મીરે પહેલીવાર રણજી ટ્રોફીનો ખિતાબ જીત્યો છે. ટુર્નામેન્ટના ઈતિહાસમાં પહેલીવાર ટીમ ફાઈનલમાં પહોંચી હતી. જમ્મુ-કાશ્મીરનો સામનો કર્ણાટક ટીમ સાથે થયો હતો. ફાઈનલ મેચ ડ્રોમાં સમાપ્ત થઈ, પરંતુ તેની પ્રથમ ઈનિંગની લીડને કારણે જમ્મુ-કાશ્મીર ૨૦૨૫-૨૬ રણજી ટ્રોફીની ચેમ્પિયન બની છે. કર્ણાટકની પ્લેઈંગ ઈલેવનમાં ભારત માટે ટેસ્ટ મેચ રમનારા પાંચ ખેલાડીઓ કેએલ રાહુલ, મયંક અગ્રવાલ, કરુણ નાયર, દેવદત્ત પડિકલ અને પ્રસિદ્ધ કૃષ્ણાનો સમાવેશ થાય છે. જમ્મુ-કાશ્મીરની પ્લેઈંગ ઈલેવનમાં કોઈપણ ખેલાડીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટનો અનુભવ નહોતો. તેમ છતાં કર્ણાટકની ટીમ પારસ ડોગરાની ટીમ સાથે સ્પર્ધા કરી શકી નહીં.

જમ્મુ-કાશ્મીરના કેપ્ટન પારસ ડોગરાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો. જમ્મુ-કાશ્મીરે પ્રથમ ઈનિંગમાં ૫૮૪ રન બનાવ્યા. શુભમ પુંડિરે સદી ફટકારી, આ ઉપરાંત યાવર હસન (૮૮), સાહિલ લોત્રા (૭૨), કન્હૈયા વાધવાન (૭૦), પારસ ડોગરા (૭૦) અને અબ્દુલ સમદે પણ અડધી સદી ફટકારી હતી. કર્ણાટક માટે પ્રસિદ્ધ કૃષ્ણાએ ૫ વિકેટ લીધી હતી. પ્રથમ ઈનિંગમાં ૫૮૪ રન બનાવ્યા બાદ જમ્મુ-કાશ્મીરે કર્ણાટકને પ્રથમ ઈનિંગમાં ૨૯૩ રનમાં ઓલઆઉટ કરી દીધું, જેનાથી ૨૯૧ રનની લીડ મળી. કર્ણાટક માટે મયંક અગ્રવાલે ૧૬૦ રન બનાવ્યા. કૃતિક શર્માએ પણ ૩૬ રન બનાવ્યા. કેએલ રાહુલ નિષ્ફળ ગયો. ફોર્મમાં રહેલા આકિબ નબીએ કર્ણાટકને ૨૯૩ રન પર રોકવામાં મુખ્ય ભૂમિકા ભજવી. તેણે ૫ વિકેટ લીધી. સુનીલ કુમાર અને યુદ્ધવીર સિંહ ચરકે બે-બે વિકેટ લીધી. સાહિલ લોત્રાએ પણ એક વિકેટ લીધી.

# મિડલ ઈસ્ટમાં તણાવ વચ્ચે ભારતીયો માટે દૂતાવાસની નવી એડવાઈઝરી

**ઈમરજન્સીની સ્થિતિમાં મદદ માટે હેલ્પલાઈન નંબર જાહેર કરાયા, જરૂર પડે તો આ નંબરો પર તાત્કાલિક સંપર્ક કરી શકાશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૧**

અમેરિકા અને ઈઝરાયેલના ઈરાન પર હુમલા બાદ સમગ્ર મિડલ ઈસ્ટમાં તણાવની સ્થિતિ સર્જાઈ છે. મિડલ ઈસ્ટમાં યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે, સતત હુમલા થઈ રહ્યા છે અને ઈરાને પણ જવાબી કાર્યવાહી કરીને મિડલ ઈસ્ટના અલગ-અલગ દેશોમાં આવેલા અમેરિકી સૈન્ય ઠેકાણાઓ તેમજ ઈઝરાયેલના અનેક શહેરો પર હુમલા કર્યા છે. જે બાદ મિડલ ઈસ્ટમાં યુદ્ધ જેવી પરિસ્થિતિ ઊભી થઈ ગઈ છે અને અનેક દેશોએ હાઈ અલર્ટ જાહેર કરી દીધું છે. વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને મિડલ ઈસ્ટના અનેક દેશોમાં ભારતીય દૂતાવાસોએ પોતાના નાગરિકો માટે એડવાઈઝરી જાહેર કરી છે.

UAE, સાઉદી અરબ, જોર્ડન, બહેરીન, પેલેસ્ટાઈન, કતાર અને ઈરાનમાં રહેતા કે મુસાફરી કરી રહેલા ભારતીયોને ખાસ સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે. તેલ અવીવમાં આવેલા ભારતીય દૂતાવાસે પણ સતર્ક રહેવા જણાવ્યું છે. ભારતીય નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ ઈઝરાયેલી વહીવટ તંત્ર અને હોમ ફ્રન્ટ કમાન્ડના નિર્દેશોનું પાલન કરે અને કામ વગર ઘરની બહાર નીકળવાનું ટાળે.

ઈરાનમાં આવેલા ભારતીય દૂતાવાસે ઈરાનમાં રહેતા ભારતીય નાગરિકો માટે નવી એડવાઈઝરી જાહેર કરી છે. દૂતાવાસે કહ્યું છે કે, વર્તમાન પરિસ્થિતિને જોતાં તમામ ભારતીયોએ વધુમાં વધુ સાવચેતી રાખવી જોઈએ. તેઓએ બિનજરૂરી બહાર નીકળવાનું ટાળવું જોઈએ અને જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી ઘરની અંદર જ રહેવું જોઈએ.

ભારતીય નાગરિકોને કહેવામાં આવ્યું છે કે, તેઓ સતત સમાચારો પર નજર રાખે, પરિસ્થિતિની માહિતી લેતા રહે અને દૂતાવાસની આગામી સૂચનાની રાહ જુએ.

કોઈપણ ઈમરજન્સીની સ્થિતિમાં મદદ માટે આ હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યા છે. જરૂર પડે તો આ નંબરો પર તાત્કાલિક સંપર્ક કરી શકાય છે. +૯૮૯૧૨૮૧૦૯૧૧૫, +૯૮૯૧૨૮૧૦૯૧૦૯, +૯૮૯૧૨૮૧૦૯૧૦૨, +૯૮૯૯૩૨૧૭૯૩૫૯.

અબુ ધાબીમાં આવેલા ભારતીય દૂતાવાસે UAEમાં રહેતા ભારતીયોને સતર્ક રહેવા અને ભીડભાડવાળી જગ્યાઓથી દૂર રહેવાની અપીલ કરી છે. રિયાધમાં આવેલા ભારતીય દૂતાવાસે પણ સાઉદી અરબમાં રહેતા ભારતીયોને સ્થાનિક સુરક્ષા નિર્દેશોનું પાલન કરવા અને બિનજરૂરી મુસાફરી ટાળવાની સલાહ આપી છે. બહેરીન અને ફિલિસ્તીનના રામલ્લાહમાં આવેલા ભારતીય મિશનોએ પણ સુરક્ષા પ્રોટોકોલનું પાલન કરવા અને ઈમરજન્સી હેલ્પલાઈન નંબરો પર સંપર્ક કરવાની અપીલ કરી છે.

તણાવ વચ્ચે ભારતીય વિમાન કંપનીઓએ પણ મહત્વનો નિર્ણયો દીધા છે. એર ઈન્ડિયાએ મિડલ ઈસ્ટની અનેક ફ્લાઈટ્સ રદ કરી દીધી છે. દિલ્હીથી તેલ અવીવ જતી ફ્લાઈટ (AI139)ને અધવચ્ચેથી પાછી બોલાવી લેવામાં આવી છે.

ઈન્ડિગોએ ઈરાની એરસ્પેસમાંથી પસાર થતી પોતાની આંતરરાષ્ટ્રીય ઉડાનોને અસ્થાયી રૂપે રોકી દીધી છે. એર ઈન્ડિયા એક્સપ્રેસે પણ વેસ્ટબાઉન્ડ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ સસ્પેન્ડ કરી દીધી છે.

મધ્ય પૂર્વમાં વધતા તણાવને ધ્યાનમાં રાખીને NORKAએ ઈરાન, ઈઝરાયેલ અને અન્ય પશ્ચિમ એશિયાઈ દેશોમાં રહેતા કેરળવાસીઓ માટે વિશેષ હેલ્પડેસ્ક શરૂ કર્યા છે. આ પગલું મુખ્યમંત્રી પિનારાઈ વિજયનના નિર્દેશ પર ઉઠાવવામાં આવ્યું છે. પ્રવાસીઓ જાહેર કરાયેલા હેલ્પલાઈન નંબરો પર સંપર્ક કરી શકે છે.

હાલમાં સમગ્ર વિસ્તારમાં પરિસ્થિતિ નાજુક બની રહી છે. અનેક દેશોમાં સુરક્ષા વ્યવસ્થા કડક કરી દેવામાં આવી છે. ભારતીય દૂતાવાસો સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે અને નાગરિકોને સુરક્ષાને પ્રાથમિકતા આપવાની સલાહ આપી રહ્યા છે.

કુલ મળીને, મિડલ ઈસ્ટમાં વધતા તણાવ વચ્ચે ભારતીય નાગરિકોને સતર્ક રહેવા, બિનજરૂરી મુસાફરીથી દૂર રહેવા અને દૂતાવાસના સંપર્કમાં રહેવાની અપીલ કરવામાં આવી છે.

જો કોઈ પ્રવાસી કેરળવાસીને મદદની જરૂર હોય, તો તેઓ NORKAના ગ્લોબલ કોન્ટેક્ટ સેન્ટર પર સંપર્ક કરી શકે છે. આ માટે બે નંબર જારી કરવામાં આવ્યા છે-

+૯૧-૮૮૦૨૦૧૨૩૪૫ (આંતરરાષ્ટ્રીય મિસ્ડ કોલ).

૧૮૦૦૪૨૫૩૯૩૯ (ભારતમાંથી ટોલ-ફ્રી નંબર).

(ચોથા પાનાનું ચાલુ)

**એક સૂત્રમાં બાંધતું....**

પ્રહલાદ્ ગુરુગૃહમાં શિક્ષણ મેળવવા લાગ્યા. કુશાગ્ર બુધ્ધિ હોવાના કારણે તે ગુરૂ પ્રદત્ત શિક્ષણ તુરંત જ ગ્રહણ કરી લેતા હતા સાથે સાથે તેમની ગુરૂ ભક્તિ પણ વધવા લાગી. પ્રહ્લાદ અસુર બાળકોને પણ ભગવદ્ ભક્તિનું શિક્ષણ આપતા હતા. આ બધી વાતોની જાણ જ્યારે હિરણ્યકશ્યપને થઈ તો એક દિવસ હિરણ્યકશ્યપુએ ઘણા જ પ્રેમથી પ્રહલાદ્‌ને પોતાના ખોળામાં બેસાડીને કહ્યું કે બેટા! અત્યાર સુધીમાં ભણેલી સારામાં સારી વાત સંભળાવ. હિરણ્યકશ્યપએ પ્રહલાદ્‌ને સમજાવવાના અનેક પ્રયાસો કર્યા પરંતુ પ્રભુનામમાં મસ્ત પ્રહલાદ્‌ના વિચારો બદલવામાં તે નિષ્ફળ રહ્યા. ત્યારબાદ તેણે પ્રહલાદને મારી નાખવા આજ્ઞા આપી. અસુરોએ પ્રહલાદ્‌ને મારી નાખવા માટે વિભિન્ન અસ્ત્રોનો પ્રયોગ કર્યો પરંતુ તે તમામ નિષ્ફળ ગયા ત્યારબાદ પ્રહલાદ્‌ને હાથીઓની નીચેકચડી નાખવા પ્રયાસ કર્યો, વિષધર સર્પો કરડાવ્યા, પુરોહિતોથી કૃત્યા રાક્ષસી ઉત્પન્ન કરાવડાવી પહાડોની ટોચ ઉપરથી નીચે નખાવ્યા, શમ્બાસૂર પાસે અનેક માયાના પ્રયોગો કરાવડાવ્યા, અંધારી કોટડીમાં પુરી દીધા, ઝેર પિવડાવ્યું, ભોજન બંધ કરાવી દીધું, બર્ફિલી જગ્યાએ, દહકતી આગ અને સમુદ્રમાં ફેકાવ્યા, આંધીમાં છોડી મુક્યા તથા પર્વત નીચે દબાવી દેવામાં આવ્યા પરંતુ તમામ ઉપાયો કરવા છતાં પ્રહલાદનો વાળ વાંકો ના થયો. પ્રત્યેક વખતે તે બચી ગયા ત્યારે હિરણ્યકશ્યે પ્રહલાદ્‌ને અગ્નિમાં જીવતો બાળી મુકવાની નવી યોજના બનાવી.

હિરણ્યકશ્યપની હોલીકા નામની એક બહેન હતી. હોલીકાને અગ્નિદેવનું વરદાન હતું કે 'જો તે સદ્‌વૃત્તિના મનુષ્યોને કનડશે નહિ તો અગ્નિ તેને બાળશે નહીં.' આ માટે અગ્નિદેવે વરદાનના રૂપમાં દિવ્ય ચુંદડી આપી હતી કે જે ઓઢવાથી અગ્નિથી રક્ષણ થાય. હિરણ્યકશ્યપે પ્રહલાદ્‌ને જીવતો બાળી મારી નાખવા લાકડાનો ઢગલો કરી તેમાં હોલીકાના ખોળામાં પ્રહલાદ્‌ને બેસાડવાનો આદેશ કર્યો. પ્રહલાદે પિતાની આજ્ઞાનું પાલન કર્યું અને ભગવાન વિષ્ણુને પોતાનો જીવ બચાવવા માટે પ્રાર્થના કરી. અંતે જ્યારે અગ્નિ પ્રગટાવવામાં આવ્યો ત્યારે પવનદેવની કૃપાથી પેલી ઓઢણી હોલિકાનાં મસ્તક પરથી ઉડીઅને પ્રહલાદ્‌ને વિંટળાઈ ગઈ. ઈશ્વરની લીલાથી હોલિકા અગ્નિમાં બળીને ભસ્મ થઇ ગઈ અને પ્રહલાદ્‌નો વાળ પણ વાંકો ના થયો. આમ હોલિકાનું દહન થયું તે ઘટના હોળી ઉત્સવનું કારણ બની.

આ કથા અનુસાર આજે પણ હોલિકાદહન મનાવવામાં આવે છે. હવે આપણને શંકા થાય કે જે હોલિકાએ પ્રહલાદ્ જેવા હરિભક્તને મારી નાખવાનો પ્રયાસ કર્યો તે હોલિકાનું હજારો વર્ષોથી લોકો પૂજન શા માટે કરે છે? હોલિકાપૂજનની પાછળનું કારણ જુદું છે. જે દિવસે હોલિકા પ્રહલાદ્‌ને ખોળામાં બેસાડીને અગ્નિમાં બેસવાની હતી તે દિવસે નગરના બધા જ લોકોએ ઘેર ઘેર અગ્નિ પ્રગટાવીને પ્રહલાદ્‌ના રક્ષણ માટે પ્રાર્થના કરી હતી. અગ્નિદેવે લોકોની અંતઃકરણની પ્રાર્થના સ્વીકારી અને પ્રહ્લાદ બચી ગયો. કાળક્રમે પ્રહલાદને બચાવવા માટેની પ્રાર્થનારૂપે ઘરઘરની અગ્નિપૂજાએ સામુહિક અગ્નિપૂજાનું રૂપ લીધું છે. આમ હોળીની પૂજા એટલે અગ્નિદેવનું પૂજન.. ખરાબ વૃત્તિના નાશ માટે તથા સારી વૃત્તિના રક્ષણ માટે લોકોના હૃદયમાં રહેલી શુભ ભાવનાનું પ્રતિક છે. પ્રહલાદ્‌ના અગ્નિમાંથી બચી જવાથી તથા કપટી હોલિકા બળી જવાથી ખુશ થયેલા લોકોએ ઉત્સવ મનાવ્યો, એકબીજા ઉપર રંગ અને ગુલાલ ઉડાડ્યો. આ જોઈ બીજા દિવસે આસુરી વૃત્તિના લોકોએ ધૂળ કાદવ ઉડાડ્યો તેથી હોળીના બીજા દિવસને ધૂળેટી કહેવામાં આવે છે. હોળીમાં ફક્ત કચરો કે કામ વિનાની ચીજોનો જ હોમ નથી કરવાનો પરંતુ આપણા જીવનમાં આપણને હેરાન કરતા ખરાબ વિચારો, મનના મેલનું પણ હવન કરવાનું છે.

હોળીના દિવસે ઘેર ઘેર ફરી લાકડાં ભેગાં કરી અગ્નિ પ્રગટાવી પૂજા અર્ચના કરવામાં આવે છે તથા ઢોલ નગારા તથા નાચ ગાન કરવામાં આવે છે. હોળીના પર્વમાં ઉંમર અમીરી ગરીબીને કોઈ સ્થાન નથી. તમામ વર્ગોના તથા તમામ ઉંમરના નરનારી એકબીજા ઉપર રંગ છાંટે છે અને ભેદભાવ મિટાવવાનો સંકલ્પ કરે છે. ગામડાઓમાં પુરૂષો મહીલાઓ ઉપર રંગ છાંટે છે ત્યારે મહિલાઓ હાથમાં લાકડી લઈ પુરૂષોની પિટાઈ કરે છે. કેટલાક લોકો આ પાવન અને મસ્તીભર્યા તહેવારના દિવસે શરાબ પીવે છે તથા જબરજસ્તીથી એકબીજાને રંગવાનો પ્રયાસ કરે છે તથા કાદવ ઉછાળે છે અને આમ અશ્લીલતા કે અમાનવીય વ્યવહારનું પ્રદર્શન કરવું જોઈએ નહિ પરંતુ હળીમળીને આ પર્વને પર્વની ભાવનાથી મનાવવું જોઈએ. વાસ્તવમાં હોળી મસ્તી ઉમંગ અને દુશ્મની ભૂલીને એકબીજાને ભેટવાનો પાવન તહેવાર છે. અલગ અલગ વિચારો ઘૃણા શત્રુતા અને આપસમાંનો ભેદભાવ દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ ત્યારે જ હોળી એકસૂત્ર બાંધવાનું પર્વ કહેવાશે.

### ૧૮થી વધુ ગંભીર રીતે ઈજાગ્રસ્ત

# નાગપુરમાં વિસ્ફોટક ફેક્ટરીમાં ભીષણ બ્લાસ્ટ : ૧૭નાં મોત

**કાટોલ તહસીલના રાઉલગાંવમાં સ્થિત વિસ્ફોટકો બનાવતી કંપની SBL એનર્જી લિમિટેડમાં મોટો વિસ્ફોટ**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નાગપુર, તા.૦૧**

મહારાષ્ટ્રના નાગપુર જિલ્લામાંથી એક દુઃખદ અને હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. નાગપુર ગ્રામીણના કાટોલ તહસીલના રાઉલગાંવમાં સ્થિત વિસ્ફોટકો બનાવતી કંપની SBL એનર્જી લિમિટેડમાં આજે સવારે એક મોટો વિસ્ફોટ થયો. નાગપુર ગ્રામીણ પોલીસ અધિક્ષક (SP) હર્ષ પોદ્દારે પુષ્ટિ આપી કે આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ૧૭ લોકોનાં મોત થયા છે, જ્યારે ૧૮ થી વધુ કામદારો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ઘટના સવારે ૬ થી ૭ વાગ્યાની વચ્ચે બની હોવાનું કહેવાય છે, જ્યારે કંપની ખાણકામ અને ઔદ્યોગિક હેતુઓ માટે વિસ્ફોટકો બનાવી રહી હતી. વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે તેનો પડઘો ઘણા કિલોમીટર દૂર સુધી સંભળાયો, જેનાથી નજીકના ગામોમાં ગભરાટ ફેલાઈ ગયો.



દુર્ઘટના સમયે યુનિટમાં અંદાજે ૨૫ થી ૩૦ શ્રમિકો કામ કરી રહ્યા હતા. વિસ્ફોટના તરત જ બાદ ફેક્ટરીમાં ભીષણ આગ ફાટી નીકળી હતી અને ચારે બાજુ કાળા ધુમાડાના ગોટા છવાઈ ગયા હતા. સૂચના મળતા જ સ્થાનિક વહીવટીતંત્ર, પોલીસ કાફલો અને NDRFની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. ઘાયલોને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે નાગપુરની નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં અનેકની હાલત નાજુક છે.

આશંકા છે કે ધડાકાની તીવ્રતા એટલી વધારે હતી કે કેટલાક મજૂરો હજુ પણ કાટમાળ નીચે દબાયેલા હોઈ શકે છે. બચાવ ટુકડીઓ કાટમાળ હટાવીને ફસાયેલા લોકોને સુરક્ષિત બહાર કાઢવા માટે તમામ પ્રયાસો કરી રહી છે.

એસબીએલ એનર્જી લિમિટેડ મુખ્યત્વે માઈનિંગ ક્ષેત્રમાં વપરાતા હેવી વિસ્ફોટકો બનાવે છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે દારૂગોળાના મિશ્રણ અથવા પેકિંગ દરમિયાન કોઈ ટેકનિકલ ખામીને કારણે આ અકસ્માત થયો હોઈ શકે છે.

કંપનીના પરિસરની બહાર શ્રમિકોના પરિવારજનોની ભારે ભીડ એકઠી થઈ ગઈ છે અને વાતાવરણ અત્યંત ગમગીન છે. NDRFની ટીમો આગ પર કાબૂ મેળવવા અને ફેક્ટરીની અંદર રહેલા જોખમી રસાયણોને સુરક્ષિત કરવામાં લાગેલી છે જેથી ફરી કોઈ વિસ્ફોટ ન થાય. વહીવટીતંત્રે આ મામલે ઉચ્ચસ્તરીય તપાસના આદેશ આપ્યા છે જેથી અકસ્માતનું સાચું કારણ જાણી શકાય અને બેદરકારી દાખવનારાઓ સામે કડક કાર્યવાહી કરી શકાય.

# ભારતની ૪૪૪ ફ્લાઈટ્સ રદ, ૧૧ દેશોના એરસ્પેસ બંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૧**

ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલના લશ્કરી હુમલા બાદ, મધ્ય પૂર્વ ક્ષેત્રમાં તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે, જેના કારણે ઘણા દેશોએ તેમના હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધા છે. આના કારણે વૈશ્વિક હવાઈ ટ્રાફિકમાં ભારે વિક્ષેપ પડ્યો છે અને ભારતમાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પર નોંધપાત્ર અસર પડી છે.

નાગરિક ઉડ્ડયન મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઈરાન અને મધ્ય પૂર્વના ભાગોમાં લાદવામાં આવેલા હવાઈ ક્ષેત્ર પ્રતિબંધોને કારણે શનિવારે ૪૧૦ ભારતીય સ્થાનિક એરલાઈન ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી, જેમાં ૧ માર્ચે ૪૪૪ ફ્લાઈટ્સ રદ થવાની ધારણા છે. કુલ ૮૫૦થી વધુ ફ્લાઈટ્સ પ્રભાવિત થવાની ધારણા છે.

કટોકટી ૨૮ ફેબ્રુઆરીએ શરૂ થઈ હતી જ્યારે અમેરિકા અને ઈઝરાયલે અનેક ઈરાની ઠેકાણાઓ પર હુમલો કર્યો હતો, જેના જવાબમાં ઈરાને મિસાઈલ હુમલા શરૂ કર્યા હતા. પરિણામે, ઈરાન, ઈરાક, કુવૈત, બહેરીન, કતાર, ઈઝરાયલ, જોર્ડન, લેબનોન, સાઉદી અરેબિયા, ઓમાન અને સંયુક્ત આરબ અમીરાત સહિતના દેશોએ તેમના એરસ્પેસ બંધ અથવા પ્રતિબંધિત કર્યા છે. Flightradar24 જેવી ટ્રેકિંગ સેવાઓ અનુસાર, આ વિસ્તારોમાં હવાઈ ટ્રાફિક વર્ચ્યુઅલ રીતે સ્થગિત થઈ ગયો હતો, જેના કારણે દુબઈ, દોહા અને અબુ ધાબી જેવા મુખ્ય હબ એરપોર્ટ પ્રભાવિત થયા હતા.

વૈશ્વિક સ્તરે હજારો ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી અથવા ડાયવર્ટ કરવામાં આવી હતી, જેના કારણે લાખો મુસાફરો અટવાઈ ગયા હતા. ભારતમાં, નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA) એ તાત્કાલિક કાર્યવાહી કરી અને ભારતીય એરલાઈન્સને ૨ માર્ચ સુધી ૧૧ દેશો (ઈરાન, ઈઝરાયલ, લેબનોન, UAE, સાઉદી અરેબિયા, બહેરીન, ઓમાન, ઈરાક, જોર્ડન, કુવૈત અને કતાર) ના હવાઈ ક્ષેત્રને ટાળવાની સલાહ આપી. આ સલાહને પગલે, ઈન્ડિગો, એર ઈન્ડિયા, એર ઈન્ડિયા એક્સપ્રેસ, અકાસા એર અને સ્પાઈસજેટ જેવી મોટી એરલાઈન્સે મધ્ય પૂર્વ માટે તેમની ફ્લાઈટ્સ સ્થગિત કરી દીધી હતી. અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર સંયુક્ત હુમલો કર્યો છે, જેનાથી પશ્ચિમ એશિયામાં તણાવ ફરી વધ્યો છે. વ્યૂહાત્મક અને વ્યાપારી રીતે મહત્વપૂર્ણ ચાબહાર બંદર શહેરમાં બે વિસ્ફોટ પણ સાંભળવામાં આવ્યા હતા, જેના કારણે શહેરમાં બધી પ્રવૃત્તિઓ લગભગ સ્થગિત થઈ ગઈ હતી. ચાબહાર બંદરમાં ભારતનું પણ નોંધપાત્ર હિત છે.

# યુદ્ધના માહોલ વચ્ચે ઈરાનને મળ્યા નવા નેતા : અયાતુલ્લા અલીરેઝા અરાફી સંભાળશે સુપ્રીમ લીડરની કમાન

## ઈરાનના બંધારણ મુજબ નવા નેતાની પસંદગી ન થાય ત્યાં સુધી આ પરિષદ સુપ્રીમ લીડરના તમામ કાર્યો સંભાળશે



(સંપૂર્ણ સમાચાર સેવા)

**તહેરાન, તા.૦૧**

અમેરિકા-ઈઝરાયેલના સંયુક્ત હુમલામાં અલી ખામેનેઈના મૃત્યુ બાદ ઈરાની ધર્મગુરુ અયાતુલ્લા અલીરેઝા અરાફીને ઈરાનના વચગાળાના સુપ્રીમ લીડર બનાવવામાં આવ્યા છે. ISNAના જણાવ્યા અનુસાર, તેઓ વચગાળાની નેતૃત્વ પરિષદમાં કાયદા નિષ્ણાત સભ્ય તરીકે કામ કરશે. બંધારણ હેઠળ નવા સુપ્રીમ લીડરની પસંદગી ન થાય ત્યાં સુધી રાષ્ટ્રપતિ મસૂદ પેજેશકિયન, મુખ્ય ન્યાયાધીશ ઘોલામ-હોસૈન મોહસિની-એજેઈ અને ગાર્ડિયન કાઉન્સિલના એક ધર્મગુરુ સાથે મળીને આ પરિષદ દેશની કમાન સંભાળશે.

અયાતુલ્લા અલીરેઝા અરાફીની વચગાળાની નેતૃત્વ પરિષદમાં કાયદા નિષ્ણાત સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી છે. ઈરાનના બંધારણ મુજબ નવા નેતાની પસંદગી ન થાય ત્યાં સુધી આ પરિષદ સંક્રમણ કાળ દરમિયાન સુપ્રીમ લીડરના તમામ કાર્યો સંભાળશે.

ઈરાનના બંધારણ અનુસાર, વચગાળાની પરિષદમાં રાષ્ટ્રપતિ મસૂદ પેજેશકિયન, મુખ્ય ન્યાયાધીશ ઘોલામ-હોસૈન મોહસેની-એજેઈ અને ગાર્ડિયન કાઉન્સિલના એક ધર્મગુરુનો સમાવેશ થાય છે. ખામેનેઈના મોત બાદ આ પરિષદ સાથે મળીને દેશનું નેતૃત્વ કરશે, કારણ કે ઈરાન હવે પરિવર્તનના તબક્કામાં પ્રવેશ કરી રહ્યું છે.

ઈરાનના નવા વચગાળાના સુપ્રીમ લીડર અલીરેઝા અરાફી કોણ છે. ૧૯૫૯માં જન્મેલા ૬૭ વર્ષીય અરાફી ઈરાનના ધાર્મિક માળખામાં એક મોટું નામ માનવામાં આવે છે. આ નિમણૂક પહેલા પણ તેમની પાસે ત્રણ મહત્વના હોદ્દા હતા. તેઓ દેશભરની ઈસ્લામિક સેમિનરી સિસ્ટમના નિયામક છે, ગાર્ડિયન કાઉન્સિલના સભ્ય છે અને એસેમ્બલી ઓફ એક્સપર્ટ્સના પણ સભ્ય છે.

કોમ (Qom)ની પરંપરાગત ધાર્મિક વ્યવસ્થા સાથે જોડાયેલા હોવા છતાં અરાફીને થોડા અલગ પ્રકારના નેતા માનવામાં આવે છે. તેમને શિક્ષિત, અનેક ભાષાઓના જાણકાર અને ટેકનોલોજીની સમજ ધરાવતા ધર્મગુરુ ગણાવવામાં આવે છે. તેઓ AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) જેવી નવી ટેકનોલોજી દ્વારા ઈસ્લામિક વિચારધારાને દુનિયાભરમાં ફેલાવવાની જરૂરિયાત પર પણ બોલતા રહ્યા છે.

આ ઉથલપાથલભર્યા સમયમાં અરાફીની નિમણૂકને વ્યવસ્થાની સાતત્યતાના સંકેત તરીકે જોવામાં આવી રહી છે. 'અલ-મુસ્તફા ઈન્ટરનેશનલ યુનિવર્સિટી'ના પ્રમુખ તરીકે રહી ચૂકેલા અરાફીને IRGC અને રાજકીય નેતૃત્વના વફાદાર માનવામાં આવે છે. તેઓ વર્તમાન નીતિઓમાં કોઈ મોટો ફેરફાર નહીં કરે, ખાસ કરીને જ્યારે દેશ યુદ્ધ જેવી સ્થિતિનો સામનો કરી રહ્યો છે.

અરાફી અને તેમના બે સહ-નેતાઓ કાયમી વ્યવસ્થા નથી. તેમનું મુખ્ય કામ દેશને સંભાળવાનું અને અમેરિકા તથા ઈઝરાયેલ સામે ચાલી રહેલા સંઘર્ષ દરમિયાન પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવાનું છે, જ્યાં સુધી ૮૮ સભ્યોની 'એસેમ્બલી ઓફ એક્સપર્ટ્સ' ખામેનેઈના કાયમી ઉત્તરાધિકારીની પસંદગી ન કરી લે.

### અમેરિકન સૈનિકોના ગોળીબારમાં ૧૨ લોકોના મોત

# કરાચીમાં પાકિસ્તાનીઓનો US દૂતાવાસ પર હુમલો

## આયાતુલ્લાહ અલી ખામેનીના મોતના સમાચાર બાદ કરાચીમાં હિંસક વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા છે



(સંપૂર્ણ સમાચાર સેવા)

**કરાચી, તા.૦૧**

પાકિસ્તાનના કરાચીમાં હિંસક વિરોધ પ્રદર્શન દરમિયાન એક ટોળાએ યુએસ એમ્બેસીના પરિસરમાં આગ લગાવી અને તોડફોડ કરી હતી. ઈરાનના સર્વોચ્ચ નેતા ખામેનીના મોતના સમાચાર બાદ વિરોધીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા અને યુએસ વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા.

કરાચીમાં ઈરાન હુમલાનો વિરોધ કરી રહેલા પ્રદર્શનકારીઓએ યુએસ દૂતાવાસમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો. પરિસ્થિતિ વધુ વણસી જતાં યુએસ દૂતાવાસમાં તૈનાત યુએસ લશ્કરી કર્મચારીઓએ ભીડને વિખેરવા માટે ગોળીબાર કર્યો, જેના કારણે ૧૨ લોકોનાં મોત થયા હતા.

પરિસ્થિતિ વધુ વણસી જતાં સુરક્ષા દળોએ વિસ્તારને ઘેરી લીધો હતો અને ભીડને વિખેરવા કાર્યવાહી કરી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પ્રયાસો ચાલી રહ્યા છે અને સંવેદનશીલ વિસ્તારોમાં વધારાના સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે. ઘટના બાદ સમગ્ર પ્રદેશમાં સતર્કતા વધારવામાં આવી છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પરિસ્થિતિને કાબુમાં લેવા માટે પોલીસે ટીયર ગેસ અને લાઠીચાર્જનો ઉપયોગ કર્યો. આ ઘટનામાં ઘણા લોકો ઘાયલ થયા હતા. ઘાયલોને એમ્બ્યુલન્સ દ્વારા કરાચીની સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. સિંધના ગૃહમંત્રી ઝિયાઉલ હસન લંજરે કરાચીના એડિશનલ ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ આઝાદ ખાન પાસેથી વિગતવાર રિપોર્ટ માંગ્યો છે. વહીવટીતંત્ર પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે.

### દુબઈ-કતાર પર મિસાઈલો ઝીંકી

# ઈરાને બદલો લેવા માટે ૯ દેશો પર બોમ્બ વરસાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**તહેરાન, તા.૦૧**

ઈરાન તેના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈના મોતનો બદલો લઈ રહ્યું છે. ખામેનેઈના નિધન બાદ ઈરાને અમેરિકાના સાથી એવા સંયુક્ત આરબ અમીરાત (UAE) અને કતાર પર મોટા પાયે હુમલા કર્યા છે. મીડિયા અહેવાલો મુજબ, ઈરાને મધ્ય પૂર્વમાં ઈઝરાયેલ અને અમેરિકી સૈન્ય મથકો પર બેલેસ્ટિક મિસાઈલો અને ડ્રોન વડે ભીષણ હુમલા શરૂ કરી દીધા છે.

અમેરિકાના સાથી દેશો UAE અને કતાર પર થયેલા તાજા હુમલામાં દુબઈ અને કતારની રાજધાની દોહામાં અનેક ભયાનક વિસ્ફોટો સંભળાયા છે. ઈરાનનો આ હુમલો તેના પાડોશી દેશોને એક સંદેશ આપવા માટે છે કે જો તેઓ અમેરિકા કે ઈઝરાયેલનો સાથ આપશે તો તેના પરિણામો ભોગવવા પડશે.

IRGC (ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ) એ જણાવ્યું છે કે, ઓપરેશન ટ્રૂ પ્રોમિસના પાંચમા તબક્કામાં જેબેલ અલી એક્રરેજ પાસે અમેરિકી જહાજો માટે દારૂગોળો લઈ જઈ રહેલા એક જહાજ પર ચાર ડ્રોન વડે હુમલો કરવામાં આવ્યો છે. આ હુમલામાં જહાજ સંપૂર્ણપણે નાશ પામ્યું છે.

કુવૈતમાં હુમલો પણ હુમલો IRGC ના દાવા મુજબ, ઈરાને કુવૈતના અબ્દુલ્લા મુબારક વિસ્તારમાં આવેલા અમેરિકી નેવલ બેઝ પર ૪ બેલેસ્ટિક મિસાઈલો અને ૧૨ ડ્રોન વડે હુમલો કર્યો છે. આ હુમલામાં બેઝનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર તબાહ થઈ ગયું છે અને મોટી સંખ્યામાં અમેરિકી સૈનિકોના મોત થયા હોવાની આશંકા છે.

ઈરાન તરફથી કહેવામાં આવ્યું છે કે, "IRGC નેવી અને એરફોર્સ સાથે મળીને દુશ્મન યુનિટ્સ માટે નરકના દરવાજા ખુલ્લા રાખશે." ઈરાને જણાવ્યું કે, MST-ક્લાસ કોમ્બેટ સપોર્ટ શિપ, જે હિંદ મહાસાગરમાં અમેરિકી જહાજો માટે ઈંધણ લઈ જઈ રહ્યું હતું, તેને ઈરાનની ૩૮૦ મિસાઈલો દ્વારા નિશાન બનાવવામાં આવ્યું હતું.

દુબઈ એરપોર્ટ અને પામ આઈલેન્ડ પર પણ હુમલો. ઈરાને વિશ્વના સૌથી વ્યસ્ત એરપોર્ટ્સમાંના એક એવા દુબઈ એરપોર્ટ પર હુમલો કર્યો છે. આ અગાઉ ઈરાને દુબઈના પ્રખ્યાત પામ આઈલેન્ડ અને લક્ઝરી હોટલ બુર્જ અલ અરબ પર પણ હુમલા કર્યા હોવાના અહેવાલ છે.

ઈરાને હવે ઓમાન પર પણ હુમલો કર્યો છે. ઓમાનના ખસાબ પોર્ટ પર એક ઓઈલ ટેક્રર પર ઈરાને હુમલો કર્યો છે. જેમાં એક ભારતીય અને એક ઈરાની ક્રૂ મેમ્બર ઈજાગ્રસ્ત થયા છે.

# ઇઝરાયલ-અમેરિકાના હુમલામાં ખામેનેઈના પુત્ર-વહુ, પુત્રીના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**તહેરાન, તા.૦૧**

ઈઝરાયેલ અને અમેરિકા દ્વારા ઈરાન પર કરવામાં આવેલા હુમલામાં સુપ્રીમ લીડર અલી ખામેનેઈ માર્યા ગયા છે. આ ઘટના બાદ ઈરાનમાં ૪૦ દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરવામાં આવી છે. ખામેનેઈના મૃત્યુથી મધ્ય પૂર્વમાં સ્થિતિ અત્યંત ગંભીર અને તણાવપૂર્ણ બની ગઈ છે, અને ઈરાન દ્વારા પણ વળતો પ્રહાર કરવામાં આવી રહ્યો છે.

ઈરાનનો દાવો છે કે, તેમણે ૧૪ અમેરિકન સૈન્ય અડ્ડાઓને નિશાન બનાવ્યા છે, જેમાં સેંકડો અમેરિકન સૈનિકો માર્યા ગયા હોવાની આશંકા છે. ઈરાની સ્ટેટ મીડિયાના જણાવ્યા અનુસાર, દુબઈમાં આવેલી એક CIA ફેસિલિટીને મિસાઈલ સ્ટ્રાઈકમાં ઉડાવી દેવામાં આવી છે. બીજી તરફ, ઈઝરાયેલ દ્વારા પણ ઈરાન પર સતત બોમ્બમારો ચાલુ છે.

આંતરરાષ્ટ્રીય મીડિયા અનુસાર, આ સંયુક્ત હુમલામાં ઈરાનના ૪૦ થી વધુ વરિષ્ઠ અધિકારીઓના મોત થયા છે. આ ઉપરાંત, ખામેનેઈના પરિવારમાંથી તેમની પુત્રી, પૌત્રી, જમાઈ મોહતબા ખામેનેઈ અને પુત્રવધૂ ઝહરા હદાદ અદેલનું પણ મોત થયું છે. આ હુમલાથી ઈરાનની સૈન્ય અને વહીવટી કમાનને મોટો ફટકો પડ્યો છે. આ ઉપરાંત ઈરાનના ડિફેન્સ મિનિસ્ટર અને ચીફ ઓફ આર્મ્ડ ફોર્સનું પણ મોત નિપજ્યું છે.



### મુંબઈના ૨૧ થિયેટરોમાં સ્ટે ઓર્ડર છતાં ફિલ્મની ટિકિટ વેચાઈ રહી છે

# ધ કેરળ સ્ટોરી ૨ને રિલીઝ થયા વિના પણ 'બોર્ડર ૨' કરતાં વધુ કમાણી







## ધ કેરળ સ્ટોરી ૨ ની રિલીઝ પર સ્ટે હોવા છતાં, તેની કમાણીના આંકડા ટ્રેડ વેબસાઇટ પર ઉપલબ્ધ છે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

બોલીવુડ ફિલ્મ "ધ કેરળ સ્ટોરી ૨" શુક્રવાર, ૨૭ ફેબ્રુઆરીના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની હતી, પરંતુ ગુરુવારે, તેને મોટો ફટકો પડ્યો જ્યારે કેરળ હાઈકોર્ટે તેની રિલીઝ પર ૧૫ દિવસ માટે પ્રતિબંધ મૂક્યો. રાજ્યમાં બળજબરીથી ધર્મ પરિવર્તનના વિષયને લઈને આ ફિલ્મ વિવાદમાં ફસાઈ ગઈ છે. ફિલ્મના નિર્માતાઓએ હવે પ્રતિબંધ સામે અપીલ કરી છે, પરંતુ તેનું ભવિષ્ય અનિશ્ચિત છે. જોકે, ગુરુવારે રાત્રે, હાઈકોર્ટે પ્રતિબંધ સામે નિર્માતાઓની અપીલ સાંભળવા સંમતિ આપી, જેનાથી આશા જાગી કે ફિલ્મ સમયસર રિલીઝ થઈ શકે છે. આ બધા વચ્ચે, પ્રતિબંધ છતાં ફિલ્મ સારી કમાણી કરી રહી છે.

ઓનલાઈન ટિકિટિંગ પ્લેટફોર્મ પર "ધ કેરળ સ્ટોરી ૨" ના કોઈ શોની યાદી આપી નથી, પરંતુ ફિલ્મ હજુ પણ મુંબઈના ઘણા મેક્સસ સિનેમાઘરોમાં બુકિંગ માટે ઉપલબ્ધ છે. મુંબઈના ૨૧ થિયેટરોમાં સ્ટે ઓર્ડર છતાં ફિલ્મની ટિકિટ વેચાઈ રહી છે.

કોલકાતામાં, સિનેપોલિસ શુક્રવારે કોઈ શો પ્રદર્શિત કરી રહ્યું નથી, પરંતુ સપ્તાહના અંતે એક સ્થાન માટે ટિકિટ ઉપલબ્ધ છે. રસપ્રદ વાત એ છે કે, રિલીઝ અટકાવાય તે પહેલાં જ, ફિલ્મે બોક્સ ઓફિસ પર કમાણી શરૂ કરી દીધી હતી અને ૫,૦૦૦ ટિકિટનું પ્રી-સેલ કર્યું હતું. ધ કેરળ સ્ટોરી ૨ ની રિલીઝ પર સ્ટે હોવા છતાં, તેની કમાણીના આંકડા ટ્રેડ વેબસાઈટ પર ઉપલબ્ધ છે. આ મુજબ, શુક્રવારે સવારે ૧૦ વાગ્યા સુધીમાં ફિલ્મે ૧.૫ મિલિયનની કમાણી કરી છે. હવે, પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે: પ્રતિબંધ હોવા છતાં ફિલ્મ આટલી બધી કમાણી કેવી રીતે કરી રહી છે?

### ઓડિશનની શરતનો અસ્વીકાર કર્યો

# દીપિકાએ હોલિવુડની ધી વ્હાઈટ લોટસ સીરિઝ છોડી દીધી




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

દીપિકા પદુકોણે એમી પુરસ્કાર વિજેતા સીરિઝ 'ધી વ્હાઈટ લોટસ'ની ચોથી સીઝન છોડી દીધી છે. આ સીરિઝમાં કાસ્ટિંગ માટે ઓડિશન આપવું અનિવાર્ય હતું. પરંતુ, દીપિકા તે માટે તૈયાર થઈ ન હતી. આખરે મતભેદોને પગલે તેણે આ શો છોડી દીધો છે. છેલ્લા થોડા મહિનાઓથી દીપિકા આ સીરિઝ કરી રહી હોવાની ચર્ચાઓ હતી. 'ધી વ્હાઈટ લોટસ'ના નિર્માતાઓ લાંબા સમયથી દીપિકાને આ શોમાં લેવા ઉત્સુક હતા. આ પહેલાની સીઝન માટે પણ અભિનેત્રીનો સંપર્ક કરવામાં આવ્યો હતો ત્યારે તે ગર્ભવતી હોવાથી તે સ્વીકારી શકી નહોતી. આ પછી તે શોની આગામી સીઝનમાં કામ કરવા તૈયાર થઈ હતી.

ઉલ્લેખનીય છે કે, ભારતમાં દીપિકા 'સ્પિરિટ' તથા 'કલ્કિ ટુ' સહિતની ફિલ્મો પણ છોડી ચૂકી છે.

### ૧૪ માસથી શૂટિંગ ચાલી રહ્યું છે

# પ્રિયંકા ચોપરાની વારાણસીનું હજુ છ માસનું શૂટિંગ બાકી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**




પ્રિયંકા ચોપરા તથા મહેશબાબુની ફિલ્મ 'વારાણસી'નું શૂટિંગ ૧૪ મહિનાથી ચાલી રહ્યું છે અને હજુ તેનું છ માસનું શૂટિંગ બાકી છે. પ્રિયંકાએ જાતે કન્ફર્મ કર્યું હતું કે, આ ફિલ્મનું હજુ છ મહિનાનું શિડયૂલ બાકી છે. ફિલ્મ શૂટિંગ માટે પ્રિયંકા ભારત અને અમેરિકા વચ્ચે અવરજવર કરી રહી છે.

રાજામૌલીની આ મહત્વાકાંક્ષી ફિલ્મ એપ્રિલ ૨૦૨૭માં રીલિઝ કરવાનું હાલ નક્કી કરાયું છે. પ્રિયંકાએ કહ્યું હતું કે, છ વરસથી મેં ભારતની કોઈ ફિલ્મમાં કામ કર્યું નહતું. પરંતુ રાજામૌલીની વારાણસીની ઓફરને નકારી શકી નહોતી.

રાજામોલી ભારતના સૌથી પ્રતિભાશાળી દિગ્દર્શકોમાંનો એક છે. ફિલ્મનાં શૂટિંગ માટે તેલંગણામાં જ વારાણસીનો સેટ તૈયાર કરાયો છે. આ ઉપરાંત ફિલ્મના કેટલાક ભાગનું શૂટિંગ ઓડિસામાં તથા કેટલાક ભાગનું શૂટિંગ આફ્રિકામાં થયું છે.

### સોશિયલ મીડિયા પર તેમનો એક વીડિયો વાયરલ થયો

# રામાયણમાં હનુમાનજીને શક્તિ યાદ અપાવનાર 'જામવંત' અત્યારે ક્યાં છે?

## ૩૯ વર્ષ વીતી ગયા હોવા છતાં રામાનંદ સાગરની રામાયણ શોના દરેક પાત્રો આજે પણ લોકોના હૃદયમાં જીવંત છે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**



ભારતીય ટેલિવિઝનના ઈતિહાસમાં રામાનંદ સાગરની રામાયણ એક એવી સિરિયલ છે જેણે સફળતાના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. ૩૯ વર્ષ વીતી ગયા હોવા છતાં આ શોના દરેક પાત્રો આજે પણ લોકોના હૃદયમાં જીવંત છે. રામ, સીતા અને હનુમાનના પાત્રોની સાથે જામવંતનું પાત્ર ભજવનાર અભિનેતા શ્રીકાંત રાજશેખર ઉપાધ્યાયે પણ દર્શકો પર ઊંડી છાપ છોડી હતી. લાંબા સમયથી ગ્લેમરની દુનિયાથી દૂર રહેલા આ કલાકાર વિશે જાણવા માટે આજે પણ ચાહકોમાં એટલી જ ઉત્સુકતા જોવા મળે છે.

રામાયણની વાર્તામાં જામવંતનું પાત્ર અત્યંત મહત્વનું હતું, કારણ કે તેમણે જ હનુમાનજીને તેમની વિસરાઈ ગયેલી શક્તિઓ યાદ અપાવી હતી. શ્રીકાંત રાજશેખરે આ પાત્ર માટે આખો સમય વાનરના ગેટઅપમાં રહીને શૂટિંગ કર્યું હતું. આશ્ચર્યની વાત એ છે કે આખી સિરિયલ દરમિયાન તેમનો અસલી ચહેરો ક્યારેય દેખાયો નહીં, પરંતુ તેમના પ્રભાવશાળી અવાજ અને અભિનયના જોરે તેઓ ઘરે-ઘરે જાણીતા બન્યા હતા. લંકા યુદ્ધમાં શ્રી રામના મુખ્ય વ્યૂહરચનાકાર તરીકેની તેમની ભૂમિકા આજે પણ યાદગાર ગણાય છે. ઘણા લોકોને પ્રશ્ન થાય છે કે આટલી સફળતા મેળવ્યા બાદ શ્રીકાંત ઉપાધ્યાય અત્યારે શું કરી રહ્યા હશે?

તાજેતરમાં સોશિયલ મીડિયા પર તેમનો એક વીડિયો વાયરલ થયો છે, જેમાં તેઓ પ્રેમાનંદ મહારાજ સાથે આધ્યાત્મિક ચર્ચા કરતા જોવા મળે છે. કોરોના કાળ દરમિયાન તેમણે મુંબઈની માયા નગરી છોડીને પોતાના વતન જવાનો નિર્ણય લીધો હતો. હાલમાં તેઓ શોબિઝથી દૂર રહીને પોતાના ઘરે રામકથા સંભળાવે છે અને ભક્તિમય જીવન વિતાવી રહ્યા છે.

શ્રીકાંત રાજશેખરની જામવંત તરીકેની પસંદગી પાછળ પણ એક રસપ્રદ કિસ્સો છે. રામાનંદ સાગરના પુત્ર આનંદ સાગરે તેમને 'વિક્રમ વેતાળ'માં કામ કરતા જોયા હતા અને ત્યાંથી જ તેમને રામાયણ માટે શોર્ટલિસ્ટ કર્યા હતા. શરૂઆતમાં તેમને વિભીષણના રોલ માટે પસંદ કરવામાં આવ્યા હતા, પરંતુ નિર્દેશકો તેમના ગંભીર અને સારા અવાજ જોતા, તેને જામવંતના પાત્ર માટે ફાઈનલ કરવામાં આવ્યા. રામાયણ ઉપરાંત તેઓ 'જય હનુમાન', 'મહાભારત' અને 'અદાલત' જેવી લોકપ્રિય સિરિયલોમાં પણ જોવા મળ્યા હતા.

# સાળંગપુરધામમાં રંગોત્સવના વિવિધ પ્રકારના દિવ્ય ભવ્ય આયોજનની તૈયારીઓ: ત્રણ માર્ચના રોજ રંગોત્સવનું આયોજન કરાયું




**આ ભવ્ય દિવ્ય હોળી ઉત્સવ ઉજવણી રંગોત્સવમાં આવનારા લાખો ભાવિકો માટે રહેવા, ઉજવણીની તમામ વ્યવસ્થાઓ કરાઈ**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**બોટાદ, તા.૦૧**

જિલ્લાના બરવાળા તાલુકાના સાળંગપુર ગામ ખાતે શ્રીસ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે દિવ્ય રંગોત્સવ ઉજવણીનું આયોજન કરાયુંછે. જે ગુજરાતના સૌથી મોટા હોળી ઉત્સવ ઉજવણી તરીકે ગણી શકાય છે કે, જ્યાં હજારોની સંખ્યામાં ભાવિક ભક્તો અને સાધુ સંતો એક સાથે હોળી ઉત્સવ ઉજવશે. આગામી તારીખ ત્રણ માર્ચ ૨૦૨૬ ના રોજ રંગોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેની તૈયારીઓને હાલ આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

સાળંગપુર મંદિરના શાસ્ત્રી હરિપ્રકાશદાસજી સ્વામીની પ્રેરણાથી તથા કોઠારી વિવેકસાગર સ્વામીના માર્ગદર્શનથી હોળી-ધુળેટી પર્વ નિમિત્તે આગામી ૦૩ માર્ચે ૨૦૨૬ના રોજ એટલે કે પૂર્ણિમાના દિવસે ગુજરાતના સૌથી મોટા રંગોત્સવ અંતર્ગત દાદાને હોળીના દિવસે વિશેષ શણગાર કરી તથા સાત કલરના ૫૧,૦૦૦ કિલો ઓર્ગેનિક રંગો (ગુલાબી, લાલ, પીળો, નારંગી) દ્વારા દિવ્ય રંગોત્સવની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવશે. શાસ્ત્રી હરિપ્રકાશદાસજી સ્વામીના સાંનિધ્યમાં અને કોઠારી વિવેકસાગરદાસજી સ્વામી સહિત સંતો અને દેશ વિદેશ અને રાજ્યના અલગ અલગ જિલ્લાઓમાંથી પધારેલા લાખોની સંખ્યામાં આવેલા ભક્તો એક સાથે દાદાના રંગે રંગાશે, સવારે શણગાર આરતી બાદ ફુલડોલોત્સવમાં દાદાનું વિશેષ પૂજન અર્ચન કરવામાં આવશે.

ત્યારબાદ સંતોને રંગ લગાવીને ભક્તોની સાથે રંગોત્સવ ઉજવવામાં આવશે, કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, સનાતન ધર્મની પરંપરામાં ઋષિ મુનિઓ દ્વારા કરાયેલ ઉલ્લેખ મુજબ પરંપરાગત રીતે રંગોત્સવ ઉજવાશે. આ હોળી પર્વ ઉજવણી જીવનનો અલૌકિક લ્હાવો છે ભક્તિના રંગે રંગાવાનો, દાદાની પ્રસાદીના રંગોથી ભક્તિના રંગે રંગાઈને ભક્તો આનંદ-કિલ્લોલ કરશે, રંગોત્સવમાં રાજ્યના લાખો ભક્તો આવશે. મુખ્ય મંદિર પરિસરને ભવ્ય રીતે રંગબેરંગી કાપડનું ડેકોરેશન કરવામાં આવ્યું છે જે તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

રંગોત્સવના મુખ્ય આકર્ષણોની જો વાત કરવામાં આવે તો હોળી-ધૂળેટીના દિવસે દાદાને પંચરંગી વાઘા-રંગબેરંગી ફુલોનો દિવ્ય શણગાર કરવામાં આવશે, મંગળા આરતી ૫-૩૦ કલાકે અને શણગાર આરતી સવારે ૭ કલાકે કરવામાં આવશે, સવારે ૦૭:૩૦થી ૧૧:૦૦ કલાક દરમિયાન મંદિરના પરિસરમાં શાસ્ત્રી હરિપ્રકાશ સ્વામી અને કોઠારી વિવેકસાગર સ્વામી સહિતના સંતો અને ભક્તો એકસાથે દાદાના રંગે રંગાશે. ૭ પ્રકારના ૫૧ હજાર કિલો ઓર્ગેનિક રંગો દાદાને અર્પણ કરાશે, મંદિર પરિસરમાં ૭૦થી ૮૦ ફૂટ ઊંચા કલરના ૫૦૦ બ્લાસ્ટ કરાશે, તો કલરને એર પ્રેશર મશીન દ્વારા ભક્તો પર ઉડાડશે, આ હોળીને વધારે મનોરંજક બનાવવા માટે ઢોલીઓ નાસિક ઢોલના તાલે ધૂમ મચાવી અને ભક્તો હોળી રમ્યા બાદ રાસની રમઝટ બોલાવી- સંતોના સાનિધ્યમાં ભવ્ય રંગોત્સવ ઉજવાશે. હનુમાનજી દાદા સમક્ષ વિવિધ રંગ, પિચકારી પણ મૂકવામાં આવશે, ૧૦૦ રિબિન બ્લાસ્ટ અને રંગીન ફાયરવર્ક્સ કરવામાં આવશે, ૧૦૦૦૦ ફુગ્ગા છોડવામાં આવશે. દેશના અનેક ભક્તો રંગોત્સવમાં ભાગ લેવા આવશે, દાદાના આ ભવ્ય રંગોત્સવમાં સ્વામીજીના માર્ગદર્શન હેઠળ કલરને એર પ્રેશર મશીનથી ભક્તો ઉપર ઉડાડવામાં આવશે.

હોળી (પૂર્ણિમા)ના પરમ પવિત્ર અવસર પર શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજને દિવ્ય રંગોના શણગાર અને મુખ્ય મંદિરને ફુલોથી પરિસરને કલરફુલ કાપડથી ડેકોરેશન કરવામાં આવ્યું છે, ગુજરાતના સૌથી મોટા હોળી ઉત્સવનું સેલિબ્રેશન કરવા માટે દાદાના ભક્તો યુવાનો - યુવતીઓ, ભાઈઓ - બહેનો, નાના બાળકોથી માંડી વડીલ વૃદ્ધ સુધી ગુજરાત ભરમાંથી તેમજ રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને વિદેશથી પણ દાદા સંગે - સંતોને સંગે હોળી સેલિબ્રેશન માટે આવશે. તેમજ હનુમાનજી ચાલીસાનો પાઠ કરવામાં આવશે તો આ ભવ્ય દિવ્ય હોળી ઉત્સવ ઉજવણી રંગોત્સવમાં આવનારા લાખો ભાવિકો માટે રહેવા, ઉજવણી તેમજ ભોજન પ્રસાદની તમામ વ્યવસ્થાઓ કરાઈ છે અને આ ઉત્સવમાં જોડાવાને લઈ મંદિરના કોઠારી વિવેક સ્વામીએ ભાવિક ભક્તોને આમંત્રણ પાઠવી અને ઉત્સવમાં જોડાવા અપીલ કરી હતી.

### સ્થાનિક ભાજપ આગેવાન દિપકભાઈ સોલંકીના હસ્તે

# ચીખલી તાલુકાના વંકાલમાં વંકાલ પ્રીમિયર લિગ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૦૧**

ચીખલી તાલુકાના વંકાલમાં સ્થાનિક યુવા ક્રિકેટરો દ્વારા આયોજિત વંકાલ-પ્રીમિયર લિગ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ વાજતે-ગાજતે સ્થાનિક ભાજપ આગેવાન શ્રી દિપકભાઈ સોલંકીના હસ્તે કરાવવામાં આવ્યો હતો.

વંકાલ ગામે મુખ્યમાર્ગ સ્થિત લીલાછમ ક્રિકેટના મેદાનમાં ગામના યુવાનો દ્વારા આયોજિત વંકાલ પ્રીમિયર લિગનો પ્રારંભ જિલ્લા ભાજપના કિસાન મોરચાના હોદ્દેદાર શ્રી દિપકભાઈ સોલંકીના હસ્તે તેમજ ગામના શ્રી કમલેશભાઈ પટેલ દ્વારા શ્રીફળ વધેરી શ્રી પરેશભાઈ પટેલ, શ્રી ચિંતનભાઈ પટેલ, ગામના આગેવાન સહિતના ઉપસ્થિતિમાં રીબીન કાપી ડીજે સંગીતના ટાલે પ્રારંભ કરાવવામાં આવ્યો હતો.

હોળી ધુળેટીના પર્વ દરમિયાન ત્રણ દિવસ ચાલનારી ઉપરોક્ત ક્રિકેટ ટુર્નામેન્ટમાં કંઠ ઈલેવન, રિયા-દિયા ઈલેવન, આરવી અજય ઈલેવન, શ્રીજી કૃપા ઈલેવન, આર્યા ઈલેવન, ટાયગર ઈલેવન, યસ્વી ઈલેવન, પ્રિયાન ઈલેવન સહિત આઠ જેટલી ટીમો ભાગ લેનાર છે.

આ પ્રસંગે ટુર્નામેન્ટના ઉદ્ઘાટક શ્રી દિપકભાઈ સોલંકી ટુર્નામેન્ટના આયોજન માટે યુવા ક્રિકેટરોને બિરદાવી ક્રિકેટના માધ્યમથી યુવાનોના સંગઠન શક્તિનો વધારો થવા સાથે ખેલદિલીની ભાવના પણ ઉજાગર થતી હોય છે. વધુમાં તેમણે ક્રિકેટ સાથે સમાજ ઉપયોગીતા કાર્યો માટે પણ યુવાનોને અનુરોધ કર્યો હતો. આ દરમિયાન યુવાનો દ્વારા પણ ગામમાં ક્રિકેટના મેદાનના વિકાસ અને સુવિધા માટે શ્રી દિપકભાઈ સોલંકીના યોગદાનની નોંધ લઈ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

ધુળેટીના દિવસે રમારનારી ફાઈનલ મેચમાં ચેમ્પિયન ટીમને ચોવીસ અને રનર્સ અપને અઢાર હજાર રૂપિયાના રોકડ ઈનામની જાહેરાત આયોજકો દ્વારા કરાઈ હતી.

### વોટ્સએપ પર આરટીઓ મેમોની એપીકે ફાઈલ મોકલી ફોન હેક કરી

# ચીખલીના તલાવચોરાના શિક્ષકને ઠગ ભગતે ક્રેડિટ કાર્ડથી આઈફોન ખરીદી ૮૪,૭૬૩ રૂપિયાનો ચુનો ચોપડ્યો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૦૧**

ચીખલી તાલુકાના તલાવચોરા ગામના ખાનગી શાળાના કોમ્પ્યુટર શિક્ષકના વોટ્સએપ પર ઠગ ભગતે આરટીઓ ઈ-ચલણ કરીને એપીકે ફાઈલ મોકલાવી ફોન હેક કરી ક્રેડિટ કાર્ડમાંથી આઈ ફોનની ખરીદી કરી ૮૪,૭૬૩ રૂપિયાનો ચૂનો ચોપડતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

નીતિન મગનલાલ પટેલ (રહે.તલાવચોરા રાજા ફળિયા તા.ચીખલી જી. નવસારી) કે જેઓ કોમ્પ્યુટર શિક્ષક તરીકે ફરજ બજાવતા હોય ગત ૩૦ જાન્યુઆરીના રોજ તેમના ફરજના ચીખલી એજ્યુકેશન સોસાયટી કમ્પ્યુટર સેન્ટર હતા. તે દરમિયાન તેમના મોબાઈલ ફોનમાં વોટ્સએપ પર આરટીઓ ઈ-ચલણ કરીને એપીકે ફાઈલના મેસેજ આવ્યો હતો. જે ફાઈલ ઓપન કરતાની સાથે જ તેમનો ફોન હેક થઈ ગયો હતો.અને થોડી વારમાં તેમના મોબાઈલ નંબર સાથે જોડાયેલ એચડીએફસી બેંકના ક્રેડિટ કાર્ડમાંથી ૭૯,૭૬૩ રૂપિયાનો આઈફોન ૧૭ની ખરીદી થઇ હોવાનો બેન્કનો મેસેજ આવ્યો હતો.

જેથી તેમણે હેલ્પ લાઇન ૧૯૩૦ પર અરજી કરી જાણ કરી હતી. આ ફોનની ખરીદીનું પેમેન્ટ ફ્લિપકાર્ટને ચૂકવવામાં આવ્યું હતું. ત્યાર બાદ તેમના બેંક ઓફ બરોડાના ક્રેડિટ કાર્ડમાંથી એમેઝોન પરથી ૫,૦૦૦ રૂપિયાની ખરીદીનો મેસેજ આવ્યો હતો. જેથી ફરીથી નીતિનભાઈએ ૧૯૩૦ પર જાણ કરી હતી.

સાયબર ફ્રોડના આ કિસ્સામાં પોલીસે અજાણ્યા વોટ્સએપ નંબર પરથી આરટીઓ ઇ-ચલણ કરીને એપીકે ફાઇલ મોકલાવનાર અજાણ્યા શખ્સ ઉપરાંત મોબાઈલ ફોનની ડિલિવરી લેનાર શ્રેયસ રિટેલ પ્રાઈવેટ લિમિટેડ મેટ્રો કોમ્પલેક્ષ સેક્ટર ૮૩ નોઈડા ઉતર પ્રદેશ તથા મોબાઈલ ફોનનો ઓર્ડર આપનાર સૂરજ એચડીએફસી બેંક નિયર ઠેકા શ્રમિકકુંજ નોઈડા ગૌતમબૂધ નગર ઉતર પ્રદેશ એમ ત્રણ સામે છેતરપિંડી અને આઈટી એક્ટની જોગવાઈ મુજબ ગુનો નોંધી વધુ તપાસ પીઆઈ શ્રી ડી.એસ.કોરાટે હાથ ધરી હતી.

# વાપી શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે મહેશ શાહની વરણી

**નવનિયુક્ત પ્રમુખની જાહેરાતઃ મનપાની તમામ બેઠક ઉપર કોંગ્રેસ ચૂંટણી લડશે**



**વાપી યુથ કોંગ્રેસ પ્રમુખ વરૂણસિંહ ગેરહાજર રહ્યા, હાલમાં યુથ અને જિલ્લા કોંગ્રેસના કાર્યકરોમાં નારાજગી પ્રવર્તી રહી છે**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૧**

વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિની વાપીમાં મળેલી બેઠકમાં વાપી શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે શ્રી મહેશ શાહને નિમણુક પત્ર એનાયત કર્યો હતો. બેઠકમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી કિશન પટેલ, વાપી વિરોધ પક્ષના નેતા શ્રી ખંડુભાઈ પટેલ, કોંગ્રેસ અગ્રણી શ્રી પીરૂ મકરાણી તથા ટર્મ પુરી કરેલ પ્રમુખ શ્રી નિમેશ વશી સહિતના કાર્યકરો મીટીંગમાં ઉપસ્થિત રહ્યા હતા.

નવનિયુક્ત પ્રમુખ શ્રી મહેશ સેવંતીલાલ શાહે જણાવ્યું હતું કે, વાપી મહાનગર પાલિકાની ચૂંટણી અગામી બે માસમાં યોજાનાર છે. ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર તમામ બેઠક ઉપર ચૂંટણી લડશે. કોઈ ગઠબંધન કરાશે નહી. અત્યાર સુધી શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે શ્રી નિમેશ વશી સંભાળી રહ્યા હતા. પરંતુ આગામી સમયે જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણી યોજાઈ રહી છે. ત્યારે સંગઠનના માળખામાં ફેરફાર કરવામાં આવી રહ્યા છે. બીજી તરફ શહેર અને જિલ્લા કોંગ્રેસ યુવા કોંગ્રેસ તથા કોંગ્રેસ કાર્યકરોમાં નારાજગી પણ પ્રવર્તી રહી છે. તેથી શહેર યુવા કોંગ્રેસ પ્રમુખ શ્રી વરૂણસિંહ મીટીંગમાં હાજર રહ્યા નહોતા. પરંતુ વર્તમાન પ્રમુખ શ્રી મહેશ શાહ અને મોવડી મંડળે જણાવ્યું હતું કે નારાજ કાર્યકરોને ઘરે જઈ મનાવી સંગઠન મજબૂત કરીશું.

# વલવાડામાં રામજી મંદિરનો ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૧**

ઉમરગામ તાલુકાના વલવાડા ખાતે વિશ્વેશ્વર મહાદેવ ચેરીટેબલ ટ્રસ્ટ આયોજીત રામજી પરિવારની સ્થાપના નિમિત્તે પ્રાણ પ્રતિષ્ઠાનું ભવ્ય આયોજન તા.૧૯/૦૨/૨૦૨૬ અને ૨૦/૦૨/૨૦૨૬ના દિને થયેલું હતું. એમાં મુખ્ય યજમાન તરીકે શ્રીમતિ રેખાબેન પ્રદિપભાઈ મોહનલાલ દેસાઈ બિરાજેલા હતા. મંદિરના નિર્માણ નિમિત્તે મુખ્ય દાતાર તરીકે શ્રીમતિ રેખાબેન પ્રદિપભાઈ મોહનલાલ દેસાઈ તરફથી રૂા.૧૧૦૦૦૦૦/નું માતબર દાન મળેલું છે. તેમજ મહાપ્રસાદ પણ એમના તરફથી આપવામાં આવેલ છે. જેમાં ૫ થી ૬ હજાર માણસોએ મહાપ્રસાદનો લાભ લીધેલો હતો.

# ચીખલીના બોડવાંક ગામે શેરડીના ખેતરમાંથી દીપડીના ત્રણ બચ્ચા મળ્યા



-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ),તા.૦૧**

ચીખલી તાલુકાના બોડવાંક ગામના સરદ ફળીયા વિસ્તારમાં આવેલ ખેડૂત છગનભાઈ દુર્લભભાઈ પટેલના ખેતરમાં શેરડીની કાપણીનું કામ ચાલી રહ્યું હતું. દરમિયાન બપોરના સમયે શ્રમિકો શેરડી કાપી રહ્યા હતા. ત્યારે શેરડીના ખેતરમાંથી ત્રણ નાના બચ્ચા મળી આવતા ખેતરમાં કામ કરતા શ્રમિકો અને સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો.

જોકે ગ્રામજનોએ બનાવ અંગેની જાણ વન વિભાગને કરતા વન વિભાગની ટીમ ઘટના સ્થળે ધસી આવી હતી. બચ્ચાઓનું નિરીક્ષણ કરતા પ્રાથમિક તપાસમાં તંદુરસ્ત જણાયા હતા. દીપડી તેના બચ્ચાને લેવા માટે રાત્રિના સમયે ચોક્કસ આવશે તે ગણતરીએ વન વિભાગે બચ્ચાને એ જ ખેતરમાં સુરક્ષિત રીતે રાખી નાઈટ વિઝન કેમેરા ગોઠવ્યા છે.

### ધરમપુર સાક્ષી બનશે ઐતિહાસિક ક્ષણનો

# ધરમપુરમાં ભક્તોને મળશે દાદા શરદભાઈ અને યુવા ભાગવતાચાર્ય આશિષભાઈ વ્યાસની સંયુક્ત ભાગવત કથા




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ધરમપુર, તા.૦૧**

ધરમપુરના વ્યાસ તીર્થ ખાતે ભગવાન શ્રી વેદ વ્યાસજીની કૃપાથી અને પૂજ્ય શરદભાઈ વ્યાસ દાદાના સંકલ્પથી તા.૧ થી ૭માર્ચ ૨૦૨૬ દરમિયાન શ્રીમદ્ ભાગવત કથાનું ભવ્ય અને વિશાળ આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે વ્યાસ પીઠના ઈતિહાસમાં એક અનોખો અને ઐતિહાસિક ક્ષણ સર્જાઈ રહ્યો છે. પહેલી વાર પૂજ્ય શ્રી શરદભાઈ વ્યાસ દાદા તથા તેમના આત્મજ યુવા ભાગવતાચાર્ય પૂજ્ય શ્રી આશિષભાઈ વ્યાસ એક જ વ્યાસ પીઠ પરથી ‘સંયુક્તરૂપે ભાગવત કથા વાચન કરશે.’ ધાર્મિક જગતમાં આ પ્રસંગને સમગ્ર પંથકમાં અતિ વિશેષ અને યાદગાર ક્ષણ તરીકે જોવામાં આવી રહ્યો છે.

કથાનો પ્રારંભ ૧ માર્ચે સવારે ૯:૩૦ કલાકે ભવ્ય પોથીયાત્રાથી થશે. ૪ માર્ચના રોજ સાંજે ૫:૩૦ કલાકે શ્રી રામ જન્મોત્સવ અને ૬:૩૦ કલાકે નંદ મહોત્સવ તથા ફૂલ હોળી ઉત્સવ ઉજવાશે. તા.૬ માર્ચે બપોરે ૧૨:૦૦ કલાકે શ્રી ગોવર્ધન પૂજન અને સાંજે ૬:૦૦ કલાકે શ્રી રુક્મિણી વિવાહનો વિશેષ ધાર્મિક પ્રસંગ યોજાશે. આ પ્રસંગો ભક્તો અને નગરજનો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે.

‘દૈનિક કથાનો સમય સવારે ૯:૩૦ થી ૧૨:૦૦ તથા સાંજે ૪:૦૦ થી ૬:૩૦ રહેશે. સાત દિવસ સુધી ચાલનારી આ કથામાં શ્રીમદ્ ભાગવતના વિવિધ પ્રસંગો, ભક્તિ, જ્ઞાન અને સંસ્કારસભર સંદેશોનું સુંદર વર્ણન કરવામાં આવશે. આયોજકોના જણાવ્યા મુજબ મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહે તેવી શક્યતા છે.

આ પાવન આયોજનના યજમાન શ્રી અલકાબેન તથા શ્રી ભાવેશભાઈ ભીડે પરિવાર (મુંબઈ) તેમજ શ્રી પાર્વતીબેન તથા શિવગણાલાલ રામાણી પરિવાર (બેંગલોર) છે. આયોજકો દ્વારા તમામ ધાર્મિક ભાવિકોને પરિવાર સાથે ઉપસ્થિત રહી કથાનો આધ્યાત્મિક લાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ધરમપુર ચાસમાંડવા ગામે આદિવાસી સંઘર્ષ સમિતિ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૧**

એન્જેલ ધરમપુર ચાસમાંડવા ગામે પાર તાપી નર્મદા રિવર લિંક પ્રમુખશ્રી બારકુંભાઈ અને સઘર્ષ સમિતિ દ્વારા તા.૨૮/૦૨/૨૦૨૬ની આદિવાસી સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન વાંસદા ચીખલીના ધારાસભ્ય શ્રી અનંતભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું. જે અગાઉ ૨૦/૦૨/૨૦૨૨ના દિને આજ જગ્યાએથી પાર્થા પરિવારની યોજનાના વિરોધમાં વાંસદા-ચીખલીના ધારાસભ્ય અનંતભાઈ પટેલે રણશિંગુ ફૂંક્યું હતું અને આખી સરકારને હલાવી દીધી હતી અને આજે પણ એ જળ જંગલ જમીન બચાવવાની લડાઈ ચાલુ છેની વાત કરવામાં આવી હતી.

જ્યાં આદિવાસી સમાજના વિવિધ કલાકારો દ્વારા પોતાનામાં રહેલી કૌશલ્ય અને આદિવાસી સમાજની ઝાંખી કરાવતી અનેક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. જ્યાં ડાંગના પૂર્વ ધારાસભ્ય શ્રી મંગળભાઈ ગામિત મહારાષ્ટ્રના લકીભાઈ, ગુજરાત હાઈકોર્ટના વકીલશ્રી આરતીબેન ભીલ, ડો.નીરવભાઈ પટેલ, વાંસદા તાલુકાના પ્રમુખશ્રી નિકુંજભાઈ, ઉનાઈ ગામના સરપંચશ્રી મનીષભાઈ, વિવિધ ગામના સરપંચશ્રીઓ તાલુકા પંચાયત સભ્યશ્રીઓ જિલ્લા પંચાયત સભ્યશ્રીઓ અને આદિવાસી સમાજની હક અને અધિકારની લડાઈ લડતા યોદ્ધાઓ મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

**વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો**
**સંજય તાડા - 99244 66899 / સુરેશ ઉમતિયા- 98259 89444**

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# વલસાડ જિલ્લા પોલીસ દ્વારા 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ યોજાયો: રૂા.૧.૫૬ કરોડની મત્તા માલિકોને અર્પણ કરાઈ






(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૧

વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ડો. યુવરાજસિંહ જાડેજા આઈપીએસની અધ્યક્ષતામાં, ત્રણેય ડીવાયએસપીના માર્ગદર્શન હેઠળ, આજે સામાન્ય લોકોને 'તેરા તુજકો અર્પણ' કરીને ૧ કરોડ ૫૬ લાખ રૂપિયાના સાયબર છેતરપિંડીથી પરત મળેલ રૂપિયા, સોના ચાંદીના ઘરેણાં, વાહનો, મોબાઈલ ફોન અને પૈસા અર્પણ કરવામાં આવેલા સાથે જ જિલ્લાના અગ્રણી આગેવાનો સાથે શાંતિ સમિતિની બેઠકમાં જિલ્લા વહીવટીતંત્ર, પોલીસ અને સામાન્ય લોકોના આગેવાનોએ હિન્દુ મુસ્લિમ સમુદાયના આવનાર હોળી ધુળેટી, રમઝાન ઈદ, રામનવમીના તહેવારો શાંતિપૂર્ણ વાતાવરણમાં ઉજવવા અને સમગ્ર જિલ્લામાં શાંતિ અને વ્યવસ્થા જાળવવા અપીલ કરી હતી.જિલ્લામાં ભાઈચારો જાળવવામાં દરેકને સહયોગ કરવાનો પ્રયાસ કરશે.

ભીલાડથી ખાસ આમંત્રિત આ સુંદર સેવાકાર્યમાં વિશ્વ હિન્દુ પરિષદ વિભાગના વિશેષ પ્રમુખશ્રી પિયુષભાઈ શાહ, શ્રી અંકિતભાઈ શાહ, ઉમરગામ તાલુકા ભાજપ સંગઠન પ્રમુખશ્રી નિરવભાઈ શાહ, શ્રી હિતેશભાઈ પુનઃમિયા, શ્રી શહિદભાઈ શેખ, શ્રી હિરેનભાઈ પટેલ, ભિલાડના મા.ડે.સરપંચશ્રી રાજેશભાઈ નાવી, શ્રી હિરેનભાઈ પટેલે પોલીસ પ્રશાસન દ્વારા સામાન્ય લોકોને પરત મળેલ રૂપિયા જ્વેલરી અને મોબાઈલ માટે સહકારનો આભાર માની જિલ્લા પોલીસ પ્રશાસનનો આભાર વ્યક્ત કરી અભિનંદન આપ્યા, અંતમાં વંદે માતરમ, જય જય શ્રી રામ સાથે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# વાપી સહિત વલસાડ જિલ્લામાં હોળી દહન અંગે અસમંજસતા

**શાસ્ત્રોક્ત રીતે આજે શુભ મુહૂર્ત સાંજના ૬:૨૨ થી ૮:૩૩ કલાકે હોળી દહનનું છે**

**હોળી-ધુળેટી વચ્ચે ચંદ્રગ્રહણ-ભદ્રકાળને લીધે ઉભી થયેલી સ્થિતિ : ધૂળેટી તા.૦૪ માર્ચના રોજ ઉજવાશે**



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા. ૦૧

૨૦૨૬માં હિંદુઓના પવિત્ર તહેરવા હોળી-ધુળેટી ક્યારે છે? હોલીકા દહન ક્યારે કરવું તેવી દ્વિધાની સ્થિતિ ઉભી થઈ છે. તેનુ કારણ છે તા.૩ માર્ચથી ૪ માર્ચ વચ્ચે ચંદ્રગ્રહણ ભદ્રાકાળનો સમય છે. તેથી હોળી-ધૂળેટી અંગેની દ્વિધા શાસ્ત્રોક્ત અને જ્યોતિષીઓએ દુર કરી છે. હોલીકા દહન તા.૨ માર્ચના રોજ સાંજના ૬:૨૨ થી ૮:૩૩ કલાક સુધીના શુભ મુહૂર્ત છે. તા.૦૩ ના રોજ ચંદ્રગ્રહણ હોવાથી પડતર દિવસ રહેશે તેમજ ધૂળેટી તા.૪ માર્ચના રોજ ઉજવાશે.

પૂર્ણિમા તિથિ તા.૨ માર્ચના સાંજના ૫.૫૫ કલાકે શરૂ થશે તેમજ સમાપ્ત તા. ૩ માર્ચ, ૨૦૨૬ સાંજના ૫.૦૭ કલાકે તેમજ ચંદ્રગ્રહણ ૩ માર્ચ ૨૦૨૬ના રોજ બપોરે ૩:૨૨ કલાકથી સાંજના ૬:૪૭ સુધી છે. તેથી શાસ્ત્રોક્ત રીતે હોળી-ધુળેટી ઉજવવા માટે ઉભી થયેલી દ્વિધા જ્યોતિષોએ શાસ્ત્રોક્ત રીતે આ દ્વિધાનો ઉકેલ લાવવામાં આવ્યો છે.

# વાપી બલીઠામાં હાઈવે ઓથોરીટી દ્વારા ડિમોલીશન કાર્યવાહી: દબાણ કરાયેલ દુકાનો, ગેરેજ ઉપર બુલડોઝર ફેરવાયું

**હાઈવે ઓથોરીટી દ્વારા વાપી વિસ્તારમાં હાઈવે સર્વિસ રોડની પહોળાઈ વધારવાની કામગીરી ચાલી રહી છે**





(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૧

વાપી બલીઠાથી સલવાવ સુધી નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા છેલ્લા બે દિવસથી ગેરકાયદે દબાણો દુર કરવા માટે ડિમોલીશન કામગીરી ચાલી રહી છે. હાઈવે સર્વિસ રોડ ઉપર દુકાનો, હોટલ, ગેરેજ ગેરકાયદે દબાણ ધમધમી રહ્યા હતા. તેવા દબાણો ઉપર બુલડોઝર ફેરવાઈ રહ્યું છે.

વાપી વિસ્તારમાં નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા હાઈવે રોડ પહોળા કરવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. તે અનુસારે વાપી વૈશાલી ચોકડીથી બલીઠા હાઈવે પુલ સુધીના નવો ડામર પાથરી નવિન રોડ આકાર અપાઈ ચૂકયો છે. ટ્રાફિક અને વાહન વહેવારની સરળતા હેતુ હાઈવે ઓથોરીટી હાલમાં ગુંજન સલવાવ સુધી સર્વિસ રોડ પહોળા કરવાની હાથ ધરેલી કામગીરી અંતર્ગત સર્વિસ રોડ ઉપર ગેરકાયદે લારી, હોટલ, દુકાન, ગેરેજોની હારમાળા વર્ષોથી પથરાઈ ચૂકેલી હતી. જે દુર કરવાની કામગીરી ચાલી રહી છે. હાઈવે ઓથોરીટી દ્વારા હાથ ધરાયેલ ડિમોલિશન કામગીરી સમયે ઓથોરીટીના અધિકારી, પોલીસ અને મામલતદાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા. રીતસર લાઈન દોરીની અંદર આવતા તમામ દબાણો ઉપર બુલડોઝર ફેરવીને હટાવી દેવામાં આવ્યા છે.

# ગુંજનની 'ખાઉધરી ગલી'માં દબાણો અને આડેધડ પાર્કિંગથી લોકો પરેશાન: એમ્બ્યુલન્સો પણ ટ્રાફિકમાં ફસાય છે

**તંત્રની નિષ્ક્રિયતા સામે સ્થાનિકોમાં રોષ: ફૂટપાથ ગાયબ અને માર્જિનની જગ્યામાં દુકાનદારોના ગેરકાયદે શેડથી રોડ સાંકડો બન્યો**





- સંજય તાડા દ્વારા
(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૧

ઔદ્યોગિક નગરી વાપીના હૃદય સમાન ગુંજન વિસ્તારમાં આવેલી પ્રખ્યાત 'ખાઉધરી ગલી' હાલમાં રાહદારીઓ અને વાહનચાલકો માટે માથાના દુઃખાવા સમાન બની ગઈ છે. ખાણીપીણીની લારીઓ અને દુકાનોના કારણે ધમધમતા આ વિસ્તારમાં આડેધડ પાર્કિંગ અને ગેરકાયદેસર દબાણોને લીધે ટ્રાફિકની સમસ્યા વિકરાળ બની છે. સ્થિતિ એટલી હદે વણસી છે કે ગંભીર બીમારીમાં દર્દીઓને લઈ જતી એમ્બ્યુલન્સો પણ આ ગલીમાં મિનિટો સુધી ફસાઈ રહે છે.

ગુંજનની આ ગલીમાં આવેલી મોટાભાગની ખાણીપીણીની દુકાનોના માલિકોએ નિયમોને નેવે મૂકી માર્જિન અને પાર્કિંગની જગ્યામાં પતરાંના ગેરકાયદે શેડ ઊભા કરી દીધા છે. દુકાનદારો દ્વારા કરવામાં આવેલા વધારાના બાંધકામ અને ફૂટપાથ સુધીના દબાણોને કારણે મુખ્ય રોડ સાંકડો થઈ ગયો છે. મૂળ પાર્કિંગ માટેની જગ્યા પર દુકાનદારોએ કબજો જમાવી લેતા, અહીં આવતા સેંકડો ગ્રાહકો મજબૂરીમાં પોતાના વાહનો રોડ પર જ પાર્ક કરે છે, જે ટ્રાફિક જામનું મુખ્ય કારણ બને છે.

**રહેવાસીઓ અને હોસ્ટિટલોની હાલત કફોડી:** આ રોડ પર માત્ર ખાણીપીણીની લારીઓ જ નહીં, પરંતુ અનેક મોટા એપાર્ટમેન્ટ્સ, બંગલાઓ અને જાણીતી હોસ્પિટલો પણ આવેલી છે. સોસાયટીના રહીશોને પોતાના ઘરે પહોંચવા માટે કલાકો સુધી ટ્રાફિકમાં ઝઝૂમવું પડે છે. સૌથી ગંભીર બાબત એ છે કે, હોસ્પિટલો નજીક હોવા છતાં ટ્રાફિકને કારણે એમ્બ્યુલન્સોને રસ્તો મળતો નથી. ઈમરજન્સીના સમયે આ ટ્રાફિક કોઈનો જીવ લઈ શકે તેવી ભીતિ સ્થાનિકો વ્યક્ત કરી રહ્યા છે.

**તંત્ર પાસે કાયમી ઉકેલની માંગ :** સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આ અંગે અનેકવાર નોટિફાઇડ એરિયા ઓથોરિટી અને નગરપાલિકામાં રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ પરિણામ શૂન્ય રહ્યું છે. લોકોની માંગ છે કે દુકાનદારોએ માર્જિનની જગ્યામાં ઊભા કરેલા શેડ તાત્કાલિક દૂર કરવામાં આવે.

સાંજના સમયે દરમિયાન આ રોડ પર કાયમી ટ્રાફિક પોલીસ પોઈન્ટ મૂકવામાં આવે. દુકાનદારો પોતાની પાર્કિંગની જગ્યા ખુલ્લી રાખે તે માટે કડક દંડનીય કાર્યવાહી કરવામાં આવે.

જો તંત્ર હજુ પણ ઊંઘમાં રહેશે, તો આગામી દિવસોમાં અહીં કોઈ મોટી દુર્ઘટના સર્જાય તેવી પૂરેપૂરી શક્યતા છે. હવે જોવાનું એ રહ્યું કે લાગતા વળગતા અધિકારીઓ ક્યારે આ 'ખાઉધરી ગલી'ને ટ્રાફિકના જાળમાંથી મુક્ત કરાવે છે.

# વાપી ચણોદ ચાલીમાં ગેરકાયદે ગાંજો વેચતો મરાઠી યુવાન ઝડપાયો: ૩૨ હજારના ગાંજાનો જથ્થો એસઓજીએ જપ્ત કર્યો

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૧

વાપી સહિત વલસાડ જિલ્લામાં પ્રતિબંધિત ગાંજાના વેચાણ વિવિધ શહેરોમાં ચાલતુ હોવાના બનાવા લાગલગાટ બની રહ્યા છે. તેવો વધુ એક બનાવ આજે વાપી ચણોદ વિસ્તારમાં બન્યો હતો. એસ.ઓ.જી.એ રેડ કરીને ઘરેથી વેચાણ કરતા મહારાષ્ટ્રીયન યુવાનને ઝડપી પાડી રૂા.૩૨૪૦૦ ની કિંમતનો ૬૪૮ ગ્રામ ગાંજાનો જથ્થો જપ્ત કર્યો હતો.

જિલ્લામાં માદક પદાર્થોના વેચાણ અને સેવન વિરુદ્ધ એસ.પી. શ્રી યુવરાજસિંહ જાડેજાની સૂચના હેઠળ એસ.ઓ.જી.ને મોટી સફળતા મળી છે. બાતમી આધારે એસ.ઓ.જી.ની ટીમે વાપી ચણોદ હનુમાન ટેકરી પાસે આવેલી એક ચાલીમાં રેડ કરી હતી. કાર્યવાહીમાં રાજ ઉર્ફે ચંગુ સુનીલભાઈ પવાર (ઉ.વ.૨૩) નામનો યુવક રહેઠાણના મકાનમાં ગેરકાયદે ગાંજાના જથ્થા સાથે રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપી પાસેથી પોલીસે અંદાજે રૂા.૩૨૪૦૦ની કિંમતનો ૬૪૮ ગ્રામ ગાંજો કબજે કર્યો હતો. આરોપી મૂળ મહારાષ્ટ્રનો રહેવાસી હાલ ચણોદ વિસ્તારમાં રહી નશીલા પદાર્થોનું વેચાણ કરતો હોવાનું બહાર આવ્યું છે. પોલીસે એન.ડી.પી.એસ.એક્ટ વિવિધ કબજો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ સફળ કામગીરી પી.આઈ. શ્રી એયુ રોઝે અને ટીમે પાર પાડી હતી.

# કપરાડાના આદિવાસી વિસ્તારમાં હોળી પર્વ પહેલાં ભરાતો 'ભૂરકુંડા હાટ' માત્ર બજાર નથી પરંતુ આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાનું જીવંત પ્રતિબિંબ





(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૧

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના આદિવાસી વિસ્તારમાં હોળી પર્વ પહેલાં ભરાતા હાટ બજારોને સ્થાનિક ભાષામાં 'ભૂરકુંડા હાટ' તરીકે ઓળખવામાં આવે છે. આ ભૂરકુંડા હાટ માત્ર બજાર નથી, પરંતુ આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાનું જીવંત પ્રતિબિંબ છે. હોળી પહેલા અઠવાડિયામાં કપરાડા તાલુકાના સુથારપાડા સિલ્ધા રોહિયાળ જંગલ દહીખેડ કપરાડા જેવા અલગ અલગ ગામોમાં બજારોમાં વિશેષ ચહલપહલ જોવા મળે છે, જ્યાં સ્થાનિક લોકો 'ફાગ' ઉઘરાવવા અને પર્વની તૈયારીઓ માટે મોટી સંખ્યામાં ભેગા થાય છે.

ભૂરકુંડા હાટમાં ગ્રામજનો પરંપરાગત વેશભૂષામાં ઉમટી પડે છે, જેના કારણે સમગ્ર વાતાવરણ ઉત્સવમય બની જાય છે. બજારમાં રંગબેરંગી પિચકારીઓ, કુદરતી રંગો, હોળી પૂજન માટેની સામગ્રી, નાળિયેર તેમજ ગ્રામિણ હસ્તકલાની વિવિધ ચીજવસ્તુઆનું વેચાણ થાય છે. મહિલાઓ અને યુવાનો ખાસ કરીને પરંપરાગત આભૂષણો અને વસ્ત્રોની ખરીદી કરતા નજરે પડે છે.

હોળી પૂર્વે 'ફાગ' ઉઘરાવવાની પ્રથા અહીં વિશેષ મહત્વ ધરાવે છે. ગામના યુવાનો ટોળીઓ બનાવી ઘેરેઘેરે જઈ ફાગ એકત્ર કરે છે, જેનો ઉપયોગ હોળી પર્વની ઉજવણી માટે થાય છે. આ પરંપરા અક્તા, સહકાર અને સામૂહિક આનંદનું પ્રતિક માનવામાં આવે છે.

આ હાટ બજારમાં આસપાસના ગામડાંઓમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતા હોવાથી સ્થાનિક વેપારીઓમાં પણ ખાસ ઉત્સાહ જોવા મળે છે. ભૂરકુંડા હાટ સ્થાનિક અર્થતંત્રને પ્રોત્સાહન આપતા મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે પણ ઓળખાય છે.

આ રીતે કપરાડામાં ભરાતો ભૂરકુંડા હાટ હોળી પર્વની આગાહી સાથે આદિવાસી સમાજની સંસ્કૃતિ, એક્તા અને ઉત્સાહનું અનોખું દૃશ્ય રજૂ કરે છે.

# સ્વાધ્યાય પરિવાર દ્વારા વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં ન્યુટ્રિશિયન કિટનું કરેલું વિતરણ

**સ્વાધ્યાય પરિવાર ભગવદ્ વિચારથી ભગવદ્ કાર્ય કરી સંસ્કૃતિ અને રાષ્ટ્ર નિર્માણનું કાર્ય કરી રહ્યો છે**




(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૧

પરમ પૂજનીય પાંડુરંગ શાસ્ત્રી આઠવલે પ્રણિત સ્વાધ્યાય પરિવાર, તેમણે બતાવેલા રસ્તે ચાલી સમાજના અંતિમ વર્ગ સુધી (Hut to Hut & Heat to Heart) ભગવદ વિચાર અને દૈવી સંબંધના માધ્યમથી વ્યક્તિ નિર્માણ અને તેના થકી સમાજ તથા રાષ્ટ્ર નિર્માણનું કાર્ય કરતો રહેલો છે. આજથી દસહજાર વર્ષ પૂર્વે શ્રી રામચંદ્રએ વનવાસી સમુદાય ને પાસે લઈને ગૌરવાન્નવિત કર્યો હતો. તે જ રીત અને સમજથી પાંડુરંગ શાસ્ત્રી આઠવલે વનવાસી પુંજમાં હૃદયસ્થ ભગવાનનો વિચાર લઈ 'ત્રિકાળસંધ્યા'તથા 'ઘરમંદિર' જેવા પ્રયોગ સફળતાપૂર્વક કરી લાખો વનવાસી ભાઈ-બહેનોના જીવનમાં આમૂલ પરિવર્તન લાવતા રહેલા છે.

વનવાસી વર્ગ સાથે દૈવી સંબંધ બાંધી ભ્રાતૃભાવ પ્રસ્થાપિત કરવાનો તેમનો અભિગમ અને ભગીરથ પ્રયત્ન વનવાસી ભાઈઓ ગૌરવપૂર્વક અનુભવતા રહેલા છે. સમાજમાં જ્યારે વ્યક્તિને કંઈક આપીને સંબંધ બાંધવાની સહેલી રીતો જોવા મળે છે ત્યારે સંબંધ બાંધીને દૈવી ભાઈની કાળજી કરવાની પરમ પૂજનીય દાદા તથા તેમના જ માર્ગે સ્વાધ્યાય કાર્યની ધુરા સંભાળનાર તેમના સુપુત્રી જયશ્રી તલવલકર (પૂજનીય દીદીજી)ની આ અનોખી રીત સ્વાધ્યાય પરિવારના સાંસ્કૃતિક કાર્યની વિશિષ્ટ છાપ છોડે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે તા.૨૭ ફેબ્રુઆરીના રોજ મધ્ય અને દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં જેમ કે ડાંગ-આહવા, વલસાડ, નવસારી અને છોટાઉદેપુર જિલ્લાના વનવાસી કુટુંબો પરમ પૂજનીય દાદાજીના આ તેજબંધન થકી અનુભવાતા શુદ્ધ, નિરપેક્ષ, નિરાકાંક્ષ છતાં કાળજીના ભાગરૂપે વહેનાર પ્રેમપ્રવાહનો સ્પર્શ અનુભવવા "Nutrition Kit" નો પ્રસાદ સ્વરૂપે સ્વીકાર કરે છે. જેમ એક દીકરો પિતાની કાળજીનો ભાવ સ્વીકારતો હોય તેમ સ્વીકારે છે. પ્રસાદ એ ભગવદસંબંધનો સ્પર્શ છે, ભગવદ સ્પર્શની પ્રતીતિ છે. વડોદરા અને અમદાવાદના ૪૦૦૦ થી ૫૦૦૦ ગામોમાં આ પ્રક્રિયા થતી રહેલી છે.

સિગ્મન ફ્રોઈડ નામક મહાન મનોવિશ્લેષક તથા મનોવૈજ્ઞાનિક, પોતાના અભ્યાસના અંતે માનવીય વ્યવહારોમાં 'આપનાર'ની 'ગુરુગ્રંથિ' તથા 'લેનાર'ની 'લઘુગ્રંથિ'ના ભયસ્થાન તથા અસમાનતાનો પ્રભાવી વિચાર વ્યક્ત કર્યો છે ત્યારે ભક્તિના માધ્યમથી કાળજીના ભાગરૂપે સંબંધની શ્રેષ્ઠતમ અભિવ્યક્તિ થતી હોય ત્યારે 'ભગવદપ્રસાદ' પહોંચડનારનો આત્મિય ભાવ તથા સ્વીકારનારનો ગૌરવભાવ સંબંધાધિષ્ઠિત સમાનતાની પરમોચ્ચ સ્થિતિ કહી શકાય. આ અવસ્થા સિગ્મન ફ્રોઇડના તત્વજ્ઞાનને જવાબ આપી ગ્રંથિ તથા ભેદોનો છેદ ઉડાડતી હોય તેમ ચોક્કસ નોંધ લેવી પડે.

પરમ પૂજનીય પાંડુરંગ શાસ્ત્રી આઠવલે તથા તેમના સુપુત્રી જયશ્રી તલવલકર (પૂજનીય દીદીજી) દૈવી સંબંધ અને ભારતીય તત્વજ્ઞાનને વિશ્વના વિવિધ પૂંજોમાં સાકારીત કરી રહ્યા છે ત્યારે સ્વાધ્યાય પરિવાર માટે 'Silent yet Singing Revolution by Pandurang Shastri Aathvale' કહેનાર ડૉ.મજીદ રહેનુમાના શબ્દોને યાદ કરવા જ રહ્યા.